GJBH010026032024

સત્યમેવ જયતે

ફાઇલ તારીખ:– ૦૮/૧૦/૨૦૨૪

દાખલ તારીખ:– ૦૮/૧૦/૨૦૨૪

ફેંસલ તારીખ:– ૧૧/૦૮/૨૦૨૬

| અવધિ:– | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૧ | ૧૦ | ૦૩ |

**સ્પે. પોકસો જજ અને ત્રીજા એડી. સેસન્સ જજની કોર્ટ સમક્ષ, મુ.ભરૂચ.**

**ફોર્મ –એ**

**પોકસો કેસનં. નં.૫૪/૨૦૨૪**

**આંક–૮૮**

**એફ.આઇ.આરની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન**

વાગરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૫૬૨૪૦૪૪૨/૨૦૨૪

**ગુનો:–** બી.એન.એસની કલમ– 137(2), 87, 64(2)(i), 54, 75(1) (i) ના ભંગ બદલ કલમ– 75(2) , 78(1)(i) ના ભંગ બદલ કલમ–78(2) અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની ૨૦૧૨ ની કલમ– 3 (a) ના ભંગ બદલ કલમ–4(1), 5(l), ના ભંગ બદલ કલમ– 6(1) તથા 11(1)(4) ના ભંગ બદલ 12 તથા 16 ના ભંગ બદલ કલમ–17 મુજબ.

| | |
|---|---|
| ફરીયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદ/સરકારશ્રી તરફે | વિ.એ.પી.પી.સુ.શ્રી જી.વી.વ્યાસ |
| આરોપી | ૧. મુસ્તકીમ મહેબુબવલી પટેલ<br>ઉ.વ. ૨૧, ધંધો. દુકાન |

| | |
|---|---|
| | રહે. ચાંચવેલ,મસ્જીદ ફળીયું, તા.વાગરા, જી.ભરૂચ.<br>૨. સલીમ મહમદ અલ્લી વો. પટેલ<br>ઉ.વ. ૫૯, ધંધો. વેપાર<br>રહે. લુવારા(અસુરીયા) મસ્જીદ ફળીયુ (નવી વસાહત), તા.જી. ભરૂચ. |
| આરોપી તરફે | વિ.વકીલ શ્રી એ.આઇ.પટેલ, એમ.આઇ.કુંડા |

## ફોર્મ –બી

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૨૩/૦૮/૨૦૨૪ |
| ફરીયાદની તારીખ | ૨૩/૦૮/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૦૮/૧૦/૨૦૨૪ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૩૧/૧૨/૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૧૮/૦૪/૨૦૨૫ |
| ચુકાદો સંરક્ષીત રાખ્યાની તારીખ | ૦૭/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૧/૦૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો | – |

## આરોપીની વિગત

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયાં ગુનાનો આક્ષેપ છે. | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર | શું સજા કરી | સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે . |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મુસ્તકીમ મહેબુબવલી પટેલ | ૨૯/૦૮/૨૦૨૪ | ૧૯/૦૯/૨૦૨૪ | બી.એન.એસની કલમ- 137(2), 87, 64(2)(i),54, 75(1)(i) ના ભંગ બદલ | નિર્દોષ ઠરાવી છોડી મુકયા | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | કલમ- 75(2) , 78(1)(i) ના ભંગ બદલ કલમ-78(2) અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની ૨૦૧૨ ની કલમ- 3 (a) ના ભંગ બદલ કલમ-4(1), 5(l), ના ભંગ બદલ કલમ-6(1) તથા 11(1)(4) ના ભંગ બદલ 12 તથા 16 ના ભંગ બદલ કલમ-17 | | | |
| ૨ | સલીમ મહમદ અક્ષી વો.પટેલ | ૨૩/૦૯ /૨૦૨૪ | ૨૫/૦૯/૨૦૨૪ | બી.એન.એસની કલમ- 137(2), 87, 64(2)(i),54, 75(1) (i) ના ભંગ બદલ કલમ- 75(2) , 78(1)(i) ના ભંગ બદલ કલમ-78(2) અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની ૨૦૧૨ ની કલમ- 3 (a) ના ભંગ બદલ કલમ-4(1), 5(l), ના ભંગ બદલ કલમ-6(1) તથા 11(1)(4) ના ભંગ બદલ 12 તથા 16 ના ભંગ બદલ કલમ-17 | નિર્દોષ ઠરાવી છોડી મુક્યા | – | – |

## **મુદામાલ**

| ક્રમ | મુદામાલ | મુદામાલનું વર્ણન (એમ.આર.નં.૧૪૬/૨૦૨૪ ) |
|---|---|---|
| ૧ | એક જુનો મેલો કાળા–ગ્રે અને સફેદ કલરની ચેકસ વાળી આખી બાયનો શર્ટ છે તે કવરમાં સીલબંધ છે. | મુ.પા.નં. ૧૧૧/૨૪ તા.૩૦/૦૮/૨૦૨૪ |
| ૨ | એક જુનું મેલા ડાર્ક બ્લ્યુ કલરનુ પાયજામામાં ડીઝાનવાળુ જીન્સ પેન્ટ | મુ.પા.નં.૧૧૧/૨૪ તા.૩૦/૦૮/૨૦૨૪ |

| | | |
|---|---|---|
| | છે તે કવરમાં સીલબંધ છે. | |
| ૩ | એક જુનુ મેલુ લાઈટ ક્રીમ કલરનુ અને મહેંદી કલરના પટ્ટાવાળુ ઈજાર છે તે કવરમાં સીલબંધ છે. | મુ.પા.નં.૧૧૨/૨૪<br>તા.૩૦/૦૮/૨૦૨૪ |
| ૪ | એક જુનુ મેલુ પોણી બાયનુ ગળાના ભાગે ટીલડીવાળુ ભરતકામ કરેલ ગ્રે કલરનુ તથા મહેંદી કલરની ડીઝાઈન તથા લાઈનીંગવાળુ ટોપ છે તે કવરમાં સીલબંધ છે. | મુ.પા.નં.૧૧૨/૨૦૨૪<br>તા.૩૦/૦૮/૨૦૨૪ |
| ૫ | એક જુની મેલી ઓઢણી જે ઈજાર અને ટોપના કલરને મેચીંગ વાળી છે તે કવરમાં સીલબંધ છે. | મુ.પા.નં.૧૧૨/૨૦૨૪<br>તા.૩૦/૦૮/૨૦૨૪ |
| ૬ | એક જુની મેલી ક્રીમ કલરનીબ્રા છે તે કવરમાં સીલબંધ છે. | મુ.પા.નં. ૧૧૨/૨૦૨૪<br>તા.૩૦/૦૮/૨૦૨૪ |
| ૭ | એક જુની મેલી રામા કલરની નીકર જે લીલા અને કેસરી કલરની ટીપકીવાળી છે તે કવરમાં સીલબંધ છે. | મુ.પા.નં.૧૧૨/૨૦૨૪<br>તા.૩૦/૦૮/૨૦૨૪ |

## <u>ચુકાદો</u>

**આ ચુકાદામાં જાતિય ગુનાથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમની જોગવાઈ મુજબ તેમજ નામદાર ઉચ્ચ ન્યાયાલયના ચુકાદામાંના સિધ્ધાંત મુજબ, ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, પરંતુ તેણીનો ''ભોગબનનાર'' એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.**

૧. ફરીયાદીની ફરીયાદ હકીકત જોવામાં આવે તો ફરીયાદીએ તા.૨૩/૦૮/૨૦૨૪ ના રોજ ફરીયાદ કરેલ અને તેમાં ફરીયાદીએ જણાવેલ છે કે,પોતે ફરીયાદમાં જણાવેલ સરનામે પોતાના પરીવાર સાથે રહે છે અને પોતે ઘરકામ કરી પોતાનુ ગુજરાન ચલાવે છે અને પોતના લગ્ન વાગરા તાલુકાના xxx ગામે રહેતા xxx નાઓની સાથે થયેલ હતા જેઓ સને-૨૦૨૦માં મૃત્યુ પામેલ છે અને પોતાને

સંતાનમાં એક છોકરો તથા ત્રણ છોકરીઓ છે જેમા સૌથી મોટી છોકરી નામે xxx ઉ.વ.૨૬ જેના લગ્ન છ વર્ષ પહેલા xxx ગામે xxx સાથે લગ્ન થયેલ છે તેનાથી નાનો છોકરો નામે xxx ઉ.વ.૨૩ નો છે તેનાથી નાની છોકરી નામે xxx ઉ.વ.૨૨ જેના લગ્ન બે વર્ષ પહેલા xxx ગામે xxx સાથે થયેલ છે અને સૌથી નાની છોકરી નામે xxx(ભોગબનનાર) જેની ઉ.વ.૧૭ વર્ષ ૨૯ દિવસ(જન્મ તારીખ ૨૫/૦૭/૨૦૦૭) છે જે ધોરણ–૦૯ સુધી અભ્યાસ કરેલ છે અને તા.૨૨/૦૮/૨૦૨૪ના રોજ રાત્રીના દસેક વાગે પોતે તથા પોતાના છોકરો તથા પોતાની ભોગબનનાર છોકરી જમીને પરવારીને નવરા થયા ત્યારબાદ પોતાની ભોગબનનાર છોકરી ઉપરના માળે રૂમમાં ગયેલ અને પોતાનો છોકરો xxx ગામમાં તેના મિત્રો સાથે બેસવા જતો રહેલ અને પોતે ઘરના આગળના રૂમમાં આવીને સુઇ ગયેલ અને પોતે ટીવી જોતી હતી તે પછી આશરે બારેક વાગ્યાના અરસામાં પોતાની ભોગબનનાર છોકરી ઉપરના માળેથી પાણી પીવા માટે નીચે આવેલ અને પાણી પી પાછી ઉપરના માળે જતી રહેલ અને મોડી રાતના એટલે કે તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ એકાદ વાગ્યા સુધી પોતે જાગતી રહેલ તે પછી પોતાને ઉંઘ આવતા પોતે નીચેના રૂમમાં સુઇ ગયેલ અને વહેલી સવારના આશરે પાંચેક વાગ્યે પોતાના છોકરા xxx ને નોકરી ઉપર જવાનુ હોય જેથી પોતે પોતાની ભોગબનનાર છોકરીને જગાડવા ગયેલ તે વખતે પોતાની ભોગબનનાર છોકરી રૂમમાં મળી નહી આવતા પોતે નીચે ઉતરી પોતાના છોકરા xxx ને જગાડી જણાવેલ કે, ભોગબનનાર તેના રૂમમાં નથી તેમ વાત કરતા પોતે બંને જણા પોતાની ભોગબનનાર છોકરીની શોધખોળ શરૂ કરેલ પરંતુ ભોગબનનાર મળી આવેલ નહી જેથી પોતે પોતાના ભત્રીજા xxx ને આ બાબતની જાણ કરેલ જેથી તેઓએ આજુબાજુના ગામોમાં તપાસ કરાવી જણાવેલ કે, '' તમારી છોકરી xxx ને ચાંચવેલ ગામમાં રહેતો મુસ્તકીમ મહેબુબ વલી પટેલ નાઓ ભગાડી લઇ ગયેલ છે તેમ વાત કરેલ ''. તે પછી પોતે પોતાના ઘરે જઇ ઘરમાં રાખેલ તીજોરી કબાટમાં ચેક કરતા પોતાના ખેતરમાં ઓ.એન.જી.સી. લાઇન આવેલ

હોય જેના પોતાને દર વર્ષે ૮૧,૫૦૦/- આવતા હોય જેમાંથી પોતે પોતાની છોકરીના લગ્ન માટે થોડા-થોડા પૈસા સાચવેલ હતા તેમાંથી રોકડા રૂા.૧,૭૦,૦૦૦/- તથા લીધેલ સોનાના દાગીનામાં કાનની એરીંગ નંગ-૨ જે આશરે ૯.૫૫૦ ગ્રામ જેની આશરે કિ.રૂ.૫૧,૦૯૩/- તથા કાનની સેર નંગ-૨ જે આશરે ૪.૧૯૦ ગ્રામ જેની આશરે કિ.રૂા.૨૨,૪૧૭/- મળી કુલે કિં.રૂા.૨,૪૩,૫૧૦/-ના રોકડા રૂપિયા તથા સોનાના દાગીના પોતાની ભોગબનનાર છોકરી તેની સાથે લઇ ગયેલાનું જણાયેલ અને પોતાની ભોગબનનાર છોકરી શરીરે મજબુત બાંધાની, રંગે ઘઉવર્ણની જેની ઉંચાઇ આશરે સાડા ચારેક ફુટની છે જેને શરીરે કાળા કલરનુ ડ્રેસ તથા કાળા કલરની બુરખી પહેરેલ છે, જેથી મુસ્તકીમ મહેબુબ વલી પટેલ રહે, ચાંચવેલ, તાલુકો-વાગરા, જીલ્લો-ભરૂચ પોતાની સગીર વયની છોકરી નામે XXX જેની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭(ઉ.વ.૧૭ વર્ષ ૨૯ દિવસ) ને તા.૨૩/૦૮/૨૦૨૪ના કલાક ૧.૩૦ થી ૫.૦૦ વાગ્યા દરમ્યાન મોજે મુલેર ગામેથી પટાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી પોતાના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી અપહરણ કરી લઇ ગયેલ હોય જેથી તેના વિરૂધ્ધ કાયદેસર તપાસ થવા પોતાની ફરીયાદ છે તે રીતે જણાવી ફરીયાદ આપેલ અને તે બાબતેની ફરીયાદ વાગરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૯૦૫૬૨૪૦૪૪૨/૨૦૨૪, બી.એન.એસ.ની કલમ-137(2),87, અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની કલમ-૧૨ મુજબ તા.૨૩/૦૮/૨૦૨૪ના કલાક ૧૨.૩૫ વાગે નોંધાયેલ અને ત્યારબાદ તપાસના અંતે તપાસ કરનાર અમલદારે તા.૨૨/૦૯/૨૦૨૪ ના રોજ નામદાર કોર્ટમાં કલમ ઉમેરાનો રીપોર્ટ રજુ કરેલ અને નામદાર કોર્ટે તા.૨૩/૦૯/૨૦૨૪ ના રોજ બી.એન.એસ.ની કલમ-64(2)(i),54 તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની કલમ-4,6, 17 મુજબની કલમનો ઉમેરો કરેલ અને ત્યારબાદ નામદાર કોર્ટમાં તા.૦૮/૧૦/૨૦૨૪ ના રોજ બી.એન.એસ.ની કલમ-137(2), 87, 64(2)(i), 54 તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ

બાબત અધિનિયમની કલમ–4,6,12,17 મુજબનું ચાર્જશીટ મારા વિ.પુરોગામી ન્યાયાધીશ સમક્ષ રજુ કરતા મારા વિ.પુરોગામી ન્યાયાધીશ શ્રીએ પોકસો કેસ નં.૫૪/૨૦૨૪ થી રજીસ્ટર લીધેલ, ત્યારબાદ કામ અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થતાં આરોપીઓને સમન્સ કરતાં આરોપીઓ હાજર થતાં આરોપીઓને સાંભળીને તા.૩૧/૧૨/૨૦૨૪ના રોજ આરોપીઓ સામે બી.એન.એસની કલમ– 137(2), 87, 64(2)(i), 54, 75(1) (i) ના ભંગ બદલ કલમ– 75(2) & 78(1)(i) ના ભંગ બદલ કલમ– 78(2) અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની ૨૦૧૨ ની કલમ– 3 (a) ના ભંગ બદલ કલમ–4 (1), 5(l), ના ભંગ બદલ કલમ–6 તથા 11(1)(4) ના ભંગ બદલ 12 તથા 16 ના ભંગ બદલ કલમ–17 મુજબનું આંક–૦૫ થી તહોમતનામું ઘડેલ અને આરોપી નં.૧નું આંક–૦૬ તથા આરોપી નં.૨ નું આંક–૦૭ થી નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

## <u>ફોર્મ –સી</u>

૨. ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

### (એ) ફરીયાદ પક્ષ તરફે મૌખીક પુરાવો

| ક્રમ | સાહેદ નં. | સાહેદ | વિગત | આંક |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ઈબ્રાહીમ વલી દેસાઇ | ભોગબનનારની માધ્યમીક શાળા, વાગરાના આચાર્યશ્રી | ૧૧ |
| ૨ | ૨ | અર્પણા દિલીપભાઈ પટેલ | ભોગબનનારની ગાયનેક તપાસ કરનાર ભરૂચ સીવીલ હોસ્પીટલના ગાયનેકોલોજીસ્ટ | ૧૯ |
| 3 | 3 | પ્રવિણભાઈ સોમાભાઈ તડવી | પી.એસ.ઓ. | ૨૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ૪ | ડો. મુબીન ફઝલમહંમદ ખત્રી | પી.એચ.સી. કેશવાણમાં ભોગબનનાર અને આરોપીની મેડીકલ તપાસ કરનાર મેડીકલ ઓફીસર | ૨૬ |
| ૫ | ૫ | મહંમદ ઉસ્માન દાઉદભાઇ પટેલ | ભોગબનનાર સાથે જે જગ્યાએ શરીર સંબંધ બંધાયેલ તે જગ્યાનું ગુનાવાળી જગ્યાનું પંચનામું કરનાર પંચ સાહેદ | ૩૨ |
| ૬ | ૬ | ભોગબનનારના માતા | ફરીયાદી | ૪૦ |
| ૭ | ૭ | ભોગબનનારના ભાઇ | સાહેદ | ૪૪ |
| ૮ | ૮ | ભોગબનનારના કાકા | ભોગબનનારના કાકા | ૪૬ |
| ૯ | ૯ | નજીર અહમદ ભગત વોરા પટેલ | સાહેદ | ૪૭ |
| ૧૦ | ૧૦ | રૂકશાના સલીમભાઇ વોરા પટેલ | સાહેદ | ૪૮ |
| ૧૧ | ૧૧ | ભોગબનનાર | ભોગબનનાર | ૫૦ |
| ૧૨ | ૧૨ | અનીતાબા કનકસિંહ જાડેજા | તપાસ કરનાર અધિકારી (ફરીયાદ લેનાર) | ૫૪ |
| ૧૩ | ૧૩ | કુમાર મણીલાલ વાઘેલા | તપાસ કરનાર અધિકારી શ્રી | ૫૫ |
| ૧૪ | ૧૪ | પ્રદિપસિંહ રણુભા વાઘેલા | તપાસ કરનાર અધિકારી શ્રી | ૬૧ |

## (એ)ફરીયાદ પક્ષે દસ્તાવેજી પુરાવા લિસ્ટ

| ક્રમ | દસ્તાવેજી પુરાવાનું વર્ણન | તારીખ | સાહેદ નંબર | આંક |
|---|---|---|---|---|
| ૧ | ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્રની ખરી નકલ તથા સાથે પી.આઇ.શ્રીએ ભોગબનનારની શાળાના આચાર્યને કરેલ યાદી ની ખરી નકલ | ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭, પ્રમાણપત્ર કાઢી આપ્યા તા.૨૩/૦૮/૨૦૨૪ | ૧ | ૧૨ |
| ૨ | ભોગબનનારની શાળાના જનરલ રજીસ્ટરની ખરી નકલ | નોંધણી ક્રમાંક નં.૧૩૫૮, | ૧ | ૧૩ |

| | | | | |
|---|---|---|---|---|
| | | ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ | | |
| ૩ | ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્રની ખરી નકલ | ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ પ્રમાણપત્ર કાઢી આપ્યા તા. ૦૨/૦૫/૨૦૨૦ | ૧ | ૧૪ |
| ૪ | પી.આઇ.શ્રી ધ્વારા ભોગબનનારનું એકસપર્ટ તબીબી ધ્વારા પરીક્ષણ તથા અભિપ્રાય આપવા બાબતે ભરૂચ સીવીલ હોસ્પીટલના સ્ત્રી રોગ નિષ્ણાંતને કરેલ યાદી ની ઓસી અસલ | યાદી કર્યા તા.૩૦/૦૮/૨૦૨૪ રીસીવ કર્યા તા.૩૧/૦૮/૨૦૨૪ | ૨ | ૨૦ |
| ૫ | ભોગબનનારનું ઓ.પી.ડી.કેસ પેપર અસલ | તા.૩૧/૦૮/૨૦૨૪ | ૨ | ૨૧ |
| ૬ | ભોગબનનારના સેમ્પલ લઇ એફ.એસ.એસ.ને મોકલવા કરેલ યાદી ની ઓફીસ પ્રત | – | ૨ | ૨૨ |
| ૭ | ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ અસલ સાથે ભોગબનનારના બ્લડ ટેસ્ટ રીપોર્ટની નકલ | ભોગબનનાર આવ્યા તા.૩૦/૦૮/૨૦૨૪ સર્ટીફીકેટ આપ્યા તા.૩૧/૦૮/૨૦૨૪ | ૨ | ૨૩ |
| ૮ | સ્ટેશન ડાયરીની નકલ | ૨૩/૦૮/૨૦૨૪ | ૩ | ૨૫ |
| ૯ | પી.આઇ.શ્રી ધ્વારા પી.એચ.સી. કેશવાણના મેડીકલ ઓફીસરને ભોગબનનારની મેડીકલ તપાસણી કરી સર્ટી આપવા બાબતે કરેલ યાદીની ઓસી કોપી અસલ | ૨૯/૦૮/૨૦૨૪ | ૪ | ૨૭ |
| ૧૦ | પી.આઇ.શ્રી ધ્વારા પી.એચ.સી. કેશવાણના મેડીકલ ઓફીસરને ભોગબનનારની મેડીકલ તપાસણી કરી સર્ટી આપવા બાબતે કરેલ યાદીની ઓસી કોપી અસલ | ૨૯/૦૮/૨૦૨૪ | ૪ | ૨૮ |
| ૧૧ | આરોપીને તપાસીને આપેલ મેડીકલ સર્ટીફીકેટ અસલ | ૩૦/૦૮/૨૦૨૪ | ૪ | ૨૯ |
| ૧૨ | આરોપીને અટક કર્યાનું | ૨૩/૦૯/૨૦૨૪ | આરોપી તરફે | ૩૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | પંચનામું | | કબુલ કરેલાનો શેરો કરેલ છે. | |
| ૧૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું અસલ | ૧૫/૦૯/૨૦૨૪ | ૫ | ૩૩ |
| ૧૪ | સ્થળ પરીક્ષણનો અહેવાલ અસલ | ૧૨/૦૯/૨૦૨૪ | ૫ | ૩૪ |
| ૧૫ | આરોપીના કપડાં કબજે કર્યા અંગેનું પંચનામું અસલ | ૩૦/૦૮/૨૦૨૪ | આરોપી તરફે બ્રેકેટ કર્યા સીવાયની હકીકત કબુલ કરેલાનો શેરો કરેલ છે. | ૩૬ |
| ૧૬ | ભોગબનનાર કપડા કબજે કર્યાનું પંચનામું અસલ | ૩૦/૦૮/૨૦૨૪ | આરોપી તરફે બ્રેકેટ કર્યા સીવાયની હકીકત કબુલ કરેલાનો શેરો કરેલ છે. | ૩૭ |
| ૧૭ | ફરીયાદ અસલ | ૨૩/૦૮/૨૦૨૪ | ૬ | ૪૧ |
| ૧૮ | ભોગબનનારનું બી.એન.એસ.એસની કલમ-૧૮૩ મુજબનું નિવેદન અસલ | ૦૪/૦૯/૨૦૨૪ | ૧૧ | ૫૧ |
| ૧૯ | પોલીસ ઈન્સ્પેકટરશ્રી એ તાલુકા શિક્ષણ અધિકારીશ્રીને બે સરકારી કર્મચારી પંચમાં રહેવા સારૂ ફાળવવા બાબતે કરેલ યાદી અસલ | ૨૯/૦૮/૨૦૨૪ | ૧૩ | ૫૬ |
| ૨૦ | પોલીસ ઈન્સ્પેકટરશ્રી એ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને બે સરકારી કર્મચારી પંચમાં રહેવા સારૂ ફાળવવા બાબતે કરેલ યાદી અસલ | ૧૫/૦૯/૨૦૨૪ | ૧૩ | ૫૭ |
| ૨૧ | પોલીસ ઈન્સ્પેકટરશ્રીએ સી.એચ.સી. વાગરાના મેડીકલ ઓફીસરને આરોપીની મેડીકલ તપાસ કરી સર્ટીફીકેટ આપવા | ૨૩/૦૯/૨૦૨૪ | ૧૩ | ૫૮ |

| | | | | |
|---|---|---|---|---|
| | બાબતે કરેલ યાદી અસલ | | | |
| ૨૨ | પોલીસ ઇન્સ્પેકટશ્રીએ નામદાર એડી.સેસન્સ કોર્ટ(પોકસો કોર્ટ)માં કલમ ઉમેરો કરવા કરેલ યાદી અસલ | ૩૦/૦૮/૨૦૨૪ | ૧૩ | ૫૯ |
| ૨૩ | પોલીસ ઇન્સ્પેકટરશ્રીએ એડી.સીવીલ અને જયુ.ફ.ક. મેજીસ્ટ્રેટ શ્રી ને ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન લેવા કરેલ યાદી અસલ | ૦૪/૦૯/૨૦૨૪ | ૧૩ | ૬૦ |
| ૨૪ | એફ.એસ.એલ. સર્ટી મોકલવા બાબતે પી.આઇ.શ્રીએ આસી.પબ્લીક પ્રોસીકયુશનને કરેલ યાદી અસલ | ૧૮/૧૦/૨૦૨૪ | ૧૪ | ૬૨ |
| ૨૫ | એફ.એસ.એલ. અધિકારીનો ફોરવર્ડીંગ લેટર અસલ | ૦૩/૧૦/૨૦૨૪ | ૧૪ | ૬૩ |
| ૨૬ | બાયોલોજીકલ તથા સીરોલોજીકલ પરીક્ષણનો અહેવાલ અસલ | ૦૧/૧૦/૨૦૨૪ | ૧૪ | ૬૪ |
| ૨૭ | ઓનલાઇન રવાનગી પત્રકની  ઓફીસ પ્રત | ૧૮/૦૯/૨૦૨૪ | ૧૪ | ૬૫ |

૩. ફરીયાદ પક્ષ તરફથી વિ.એ.પી.પી.સુ.શ્રીએ પુરાવો પુરો થયાથી આંક-૬૬ થી પુરસીસ રજુ કરેલ ત્યારબાદ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીઓએ મહંદ અંશે ઇન્કાર કરતા જવાબ આપેલ છે અને આરોપી નં.૧ અને ૨ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી નિર્દોષ છે ખોટી રીતે સંડોવી દીધેલ છે તેમ જણાવી નિર્દોષ છોડી મુકવા વિનંતી કરે છે.

૪. વિ.એ.પી.પી.સુ.શ્રી તરફે મૌખીક દલીલો સાંભળી, આરોપી તરફે આંક-૮૨ થી લેખીત દલીલો રજુ થયેલ છે જે ધ્યાને લીધી તેમજ સાંભળ્યા.

પ. વિ.એ.પી.પી.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આ કામે ફરીયાદીએ પેરા નં.૧માં જણાવેલી હકીકતે આંક-૪૧ થી ફરીયાદીએ ફરીયાદ કરેલ અને પ્રોસીકયુશન તરફે પેરા નં.૨માં જણાવ્યા પ્રમાણે મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે અને આંક-૦૫ થી આરોપીઓ સામે બી.એન.એસની કલમ- 137(2), 87, 64(2)(i), 54, 75(1) (i) ના ભંગ બદલ કલમ- 75(2) & 78(1)(i) ના ભંગ બદલ કલમ-78(2) અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની ૨૦૧૨ ની કલમ- 3 (a) ના ભંગ બદલ કલમ-4(1), 5(l), ના ભંગ બદલ કલમ-6(1) તથા 11(1)(4) ના ભંગ બદલ 12 તથા 16 ના ભંગ બદલ કલમ-17 નું તહોમત નામદાર કોર્ટે ફરમાવેલ છે અને પ્રોસીકયુશન તરફે ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ની પુરવાર કરવા માટે આંક-૧૧ થી આચાર્ય ઈબ્રાહીમ વલીભાઈ દેસાઈનો સાહેદ નં.૧ તરીકે પુરાવો લીધેલ છે અને ધોરણ ૯માં ભોગબનનારે પ્રવેશ લીધેલો તેમ જણાવે છે અને આ સાહેદ ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ની હોવાનું જણાવી આંક-૧૨ થી શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ રજુ કરે છે જેમાં પોતાનો સહી સીકકો હોવાનું જણાવે છે તેમજ આંક-૧૩ થી શાળાનું જનરલ રજીસ્ટરની પ્રમાણીત નકલ રજુ કરેલ છે અને આંક-૧૪ થી ભોગબનનારના લીવીંગ સર્ટીફીકેટની ખરી નકલ રજુ કરેલ છે જે અગાઉની શાળાનુ હોવાનું જણાવે છે અને સાહેદ નં.૬ થી ભોગબનનારની માતાનો આંક-૪૦ થી પુરાવો થયેલ છે તે ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ ની હોવાનો અને ધોરણ ૯ સુધી અભ્યાસ કરેલ હોવાનું જણાવે છે અને ભોગબનનારના પિતા ૨૦૨૦માં ગુજરી ગયેલ છે અને ભોગબનનારની માતાએ આંક-૪૧ થી ફરીયાદ રજુ કરેલ છે અને તે ફરીયાદમાં ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ દર્શાવેલ છે અને સાહેદ નં.૬ ને એક છોકરો અને ત્રણ દિકરીઓ છે, ભોગબનનાર સૌથી નાની દિકરી છે તેમજ સાહેદ નં.૭ આંક-૪૪ થી ભોગબનનારના ભાઈને તપાસેલ છે તે

તેના પુરાવામાં ભોગબનનાર નાની બહેન હોવાનું અને ધોરણ ૯ સુધી ભોગબનનારે અભ્યાસ કર્યાનું અને પોતે ચાર ભાઈ બહેન હોવાનું જણાવે છે અને આંક–૪૬ થી સાહેદ નં.૮ ભોગબનનારના કાકાને તપાસેલ છે આ સાહેદ ભોગબનનારની જન્મ તારીખ જણાવતા નથી, પરંતુ ભોગબનનારની માતાએ ફરીયાદ કર્યાનું જણાવે છે તેમજ આંક–૫૦ થી ભોગબનનાર પોતાના સાહેદ નં.૧૧ તરીકેના પુરાવામાં પોતાની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ હોવાનુ જણાવે છે, તેમજ ભોગબનનાર તેના બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ ના આંક–૫૧ના નિવેદનમાં પોતાની ઉંમર ૧૭ વર્ષની જણાવે છે અને તે નિવેદન તા.૦૪/૦૯/૨૦૨૪ નું છે તેમજ આંક–૫૪ થી સાહેદ નં.૧૨ અનીતાબા કનકસિંહએ ફરીયાદીની આંક–૪૧ ની ફરીયાદ લીધેલી છે તેમજ સાહેદ નં.૧૩ કુમાર મણીલાલ વાઘેલા તપાસ કરનાર અધિકારી છે અને આંક–૧૨ થી ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર અને યાદી રજુ કર્યાનું જણાવે છે, આંક–૧૩,૧૪ થી અનુક્રમે શાળા છોડયાનો દાખલો અને રજીસ્ટર રજુ કર્યાનું જણાવે છે અને સાહેદ નં.૧૪થી તપાસ કરનાર અધિકારી પ્રદીપસિંહ રણુભા વાઘેલાને તપાસેલ છે તેણે ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર મેળવીને તપાસના કામે રજુ રાખ્યાનું વિ.એ.પી.પી.સુ.શ્રી જણાવે છે અને પ્રોસીકયુશને ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ની હોવાનું અને ભોગબનનારની બનાવ સમયે ઉંમર ૧૭ વર્ષ ૨૯ દિવસની હોવાનું અને તે રીતે ભોગબનનાર બનાવ વખતે ૧૮ વર્ષથી નીચેની ઉંમરની સગીર વયની હોવાનું નિ:શંક પણે પુરવાર કર્યાની રજુઆત કરે તે રીતે ભોગબનનાર બાળા હોવાની રજુઆત કરે છે અને પ્રોસીકયુશન તરફથી તપાસવામાં આવેલ પેરા નં.૨ મુજબના સાહેદોનો પુરાવો અને દસ્તાવેજો રજુ કરેલ છે તે મુજબ પ્રોસીકયુશનના સાહેદોનો પુરાવો વિશ્વસનીય છે અને ભોગબનનારનો પુરાવો પણ આધાર રાખી શકાય તેવો વિશ્વસનીય છે અને ભોગબનનાર તેની સાથે જે બનાવ બન્યો છે તે આક્ષેપીત બનાવનો વિગતવાર પુરાવો આપે છે અને ભોગબનનારને અન્ય સાહેદોના

પુરાવાનું સમર્થન છે અને મેડીકલ ઓફીસરનો પુરાવો પણ પ્રોસીકયુશનને સમર્થન કરે છે અને આરોપીની મેડીકલ તપાસ કરનાર સાહેદ નં.૪ ડો.મુબીન ફઝલ મહંમદ ખત્રીનો પુરાવો પ્રોસીકયુશનને મદદરૂપ થાય છે અને તેણે ભોગબનનારને પણ તપાસેલ છે તેમજ સાહેદ નં.પ મહંમદ ઉસ્માન દાઉદભાઇ પટેલનો પુરાવો જોતાં આંક–૩૪ નો સ્થળ તપાસ અહેવાલ અને આંક–૩૩ નું બનાવવાળી જગ્યાનું પંચનામું પુરવાર થતુ હોવાનું જણાવે છે અને આક્ષેપીત બનાવ તા. ૨૨/૦૮/૨૦૨૪ ના રોજ મોડી રાતે એટલે કે તા.૨૩/૦૮/૨૦૨૪ના સવારે ૧.૩૦ થી ૫.૦૦ દરમ્યાન બનેલ હોવાનું પ્રોસીકયુશન નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે અને પ્રોસીકયુશનને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની કલમ–૨૯,૩૦નું અનુમાન મદદરૂપ થાય છે અને આરોપીઓ ઉપર જે બોજો છે તે મુજબ આરોપીઓ પુરવાર કરી શકેલ નથી અને પ્રોસીકયુશન આરોપીઓની ઓળખ પ્રસ્થાપિત કરી શકેલ છે અને આરોપીઓ સામેનો આંક–પ ના તહોમતનામા મુજબનો આક્ષેપીત ગુનો પ્રોસીકયુશન નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે તેમ જણાવી બંને આરોપીઓને સખતમાં સખત પુરેપુરી સજા અને દંડ કરવા અને ભોગબનનારને વળતર અપાવવા વિ.એ.પી.પી.સુ.શ્રી. વિનંતી કરે છે.

૬. આરોપીઓના વિ.વકીલશ્રીએ તેમની દલીલમાં જણાવે છે કે,ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત મુજબ તહોમતનામું પુરવાર કરવાનો બોજો પ્રોસીકયુશન ઉપર છે અને સ્ટ્રીકટ પ્રુફથી પુરવાર કરવુ પડે અને શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર છે અને પ્રોસીકયુશને શંકાથી પર રહીને પોતાનો કેસ સ્ટ્રીકટ પ્રુફથી પુરવાર કરવો પડે અને નિર્દોષને સજા ન થાય અને સો ગુનેગાર ભલે છુટી જાય આ સિધ્ધાંત ધ્યાને લેવો જોઇએ અને ફરીયાદી નજરે જોનાર સાહેદ નથી તેને અપહરણની બળજબરી કે પ્રલોભનની સીધી વાતની જાણ નથી અને ભોગબનનાર મોબાઇલ વાપરતી, તે હોશીયાર, સમજદાર હતા અને આરોપી

ગામમાં ઓળખીતો અને આવતો જતો હતો જેથી પુર્વ ઓળખાણ અને સંપર્ક હોવાની સંભાવના મજબુત બને છે અને ભોગબનનારને આરોપી બળજબરીથી લઇ જતો હોય તેવો કોઇ પુરાવો નથી, ઘરમાં ઘણા સભ્યો હોવા છતા કોઇ બુમાબુમ કે હંગામો નથી, ભોગબનનારના લગ્નની વાતચીત ચાલતી હતી તેને સંબંધ પસંદ ન હતો અને પરીવારની ઇચ્છા વિરૂધ્ધ જતા ફરીયાદ નોંધાઇ હોય તેવી શકયતા નકારી શકાય નહીં, દાગીના રોકડની વાત તે ગુમ થયા બાબતનો બીલ, યાદી કે સ્વતંત્ર પુરાવો નથી, માત્ર સ્કુલ સર્ટીફીકેટ રજુ થયેલ છે, મુળ જન્મનું પ્રમાણપત્ર કે મ્યુનીસીપાલીટીમાં જન્મની નોંધણી થઇ હોય તેવો પુરાવો રજુ નથી, સ્કુલની એન્ટ્રી અગાઉની શાળા ઉપર આધારીત છે જેથી ઉંમર અંગે ગંભીર શંકા ઉભી થાય છે, ખોટી રીતે ફસાવ્યાનું જણાય છે, ફરીયાદી બનાવ કયાં, કંઇ તારીખે બનેલો તેની કોઇ હકીકત જણાવતા નથી અને લાંબા સમયે વિલંબથી ફરીયાદ નોંધાયેલ છે ત્યાં સુધી ફરીયાદી કાંઇ ન કરે તે વર્ણતુક શંકાસ્પદ છે અને પોલીસ સ્ટેશન સીવાય કયાંય ગયેલ નથી અને ભોગબનનાર આરોપી વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું અને ભોગબનનારના અન્ય જગ્યા લગ્ન કરેલ હોવાનું રેકર્ડ પર આવે છે, ભોગબનનાર એટલે ભાગી ગયાનુ જણાય છે, ફરીયાદીની જુબાની અને ફરીયાદીના નિવેદનમાં મહત્વનો વિરોધાભાસ છે, સાહેદ નં.૮ નજરે જોનાર સાહેદ નથી અને તે ભોગબનનારના કાકા છે તેનો પુરાવો વિશ્વસનીય નથી, ભોગબનનારની ઉંમર બાબતે પણ આચાર્યનો પુરાવો જોતાં તે પ્રથમ સ્કુલ નથી અને મુળ અને પ્રાથમીક માહિતી આચાર્યને નથી, જન્મ તારીખની વ્યકિતગત જાણકારી નથી, જેના આધારે જન્મ નોંધ નોંધાયેલ હોય તે કયો ડોકયુમેન્ટ છે તે પુરાવો આવતો નથી અને ઉંમર તથા જન્મ તારીખ અંગે સાહેદને વ્યકિતગત માહિતી નથી અને આચાર્યની જુબાનીથી પણ ભોગબનનારની જન્મ તારીખ નિ:શંક પણે પુરવાર થતી નથી અને ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ હોવાનું જણાવે છે અને ભોગબનનારનો જન્મ મચાછરા મુકામે થયાનું જણાવે છે જયારે શાળા છોડયાના પ્રમાણપત્રમાં ભોગબનનારનું જન્મ સ્થળ

મુલેર દર્શાવેલ છે, કોઇ મ્યુનીસીપાલીટી કે પંચાયતનો ભોગબનનારનો જન્મ નો દાખલો નથી જેથી જન્મ સ્થળ અંગે વિરોધાભાસી પુરાવો આવે છે અને જે આંક–૧૨થી ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર રજુ છે તેમાં ભોગબનનારની જન્મ તારીખ કયાં આધારે દર્શાવવામાં આવેલ છે તેનો પુરાવો આચાર્ય દ્બારા આપવામાં આવતો નથી અને ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર પ્રોસીકયુશન પુરવાર કરી શકતુ નથી, મેડીકલ પુરાવો જોતાં તે પ્રોસીકયુશનને સમર્થન કરતા નથી અને ભોગબનનારને કોઇ ઈજા પણ નથી અને ડી.એન.એ.પ્રોફાઈલીંગ કરેલ નથી, યોની પટલ જુનુ તુટેલુ હતુ, ઓસીફીકેશન ટેસ્ટ ઉંમર અંગે કરેલ નથી અને ભોગબનનારના લગ્ન બીજે નકકી કરેલ અને તપાસ કરનાર અધિકારીનો પુરાવો જોવામાં આવે તો ભોગબનનાર જયાં રોકાયેલ હોય ત્યાં જઇને તેણે તપાસ કરેલ નથી, સી.આર.પી.સી.નીકલમ–૧૬૦ના સમન્સ આપીને સાહેદોને બોલાવેલ નથી, તલાટી કે આચાર્યનું નિવેદન લીધેલ નથી, સગા સંબંધી હિત ધરાવનારા સાહેદ છે અને ભોગબનનાર સ્ટર્લીંગ વિટનેસ નથી, ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર રહીને પોતાનો કેસ પુરવાર કરવો પડે અને પ્રોસીકયુશનના કેસમાં મહત્વના વિરોધાભાસ છે અને બે વ્યુ હોય ત્યારે આરોપી નિર્દોષ હોવાનો વ્યુ માનવો જોઇએ, કોઇ કોલ ડીટેઇલ મેળવેલ નથી, લોકેશન નથી, સી.ડી.આર. નથી, બનાવ વખતે આરોપી હાજર હતો તેવો પુરાવો નથી, સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી, સગા સંબંધીને સાક્ષી તરીકે રાખેલ છે જેનો પુરાવો ઘ્યાને લેવાય તેવો નથી જેથી પ્રોસીકયુશનએ પોતાનો પુરવાર કરી શકેલ નથી જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરે છે.

૭. આ કામમાં રેકર્ડ, રજુઆતના અનુસંધાને મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થીત થયેલ છે.

૧. શું પ્રોસીકયુશન પુરવાર કરે છે કે,બનાવ સમયે ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ અને ૨૯ દિવસની હતી અને તે રીતે બનાવ સમયે ભોગબનનાર ૧૮ વર્ષથી નીચેની ઉંમરના અને સગીર વયની ઉંમરના હતા અને ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ છે?

૨. શું પ્રોસીકયુશન પુરવાર કરે છે કે, બનાવવાળી જગ્યાએ બનાવવાળા સમયે આરોપી અને ભોગબનનાર એકબીજાને તા.૨૯/૦૮/ ૨૦૨૪ના એક વર્ષ પહેલાથી ઓળખતા હતા અને આરોપી નં.૧ ભોગબનનાર સાથે વોટસએપ મારફતે વીડીયો કોલ કરતા, મેસેજ કરતા, તે રીતે આરોપી ભોગબનનારનું રૂબરૂ સતત સંપર્ક કરતા અને ભોગબનનાર ૧૭ વર્ષ ૨૯ દિવસની ઉંમરની સગીર હોવા છતાં આરોપીનં.૧એ ભોગબનનારને લગ્ન કરવાના ઈરાદે, બળાત્કાર તથા ગંભીર પ્રવેશ જાતીય હુમલો તથા પ્રવેશ જાતીય હુમલો કરવાના ઈરાદે લલચાવી ફોસલાવીને ભોગબનનારના કાયદેસરના વાલીના વાલીપણામાંથી બનાવવાળા સમયે તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ કલાક ૧.૩૦ થી ૫.૦૦ વાગ્યા દરમ્યાન બનાવવાળી જગ્યાએથી આરોપી નં.૧ ભોગબનનારનું અપહરણ કરી ગયેલ અને આરોપી નં.૧ ભોગબનનારને આરોપી નં.૨ના ઘરે લઈ ગયેલ અને આરોપી નં. ૧ એ ભોગબનનાર ઉપર ભોગબનનારની મરજી વિરુધ્ધ બળાત્કાર તથા ગંભીર પ્રવેશ જાતીય હુમલાઓ તથા પ્રવેશ જાતીય હુમલાઓ કરેલ તથા જાતીય સતામણી કરેલ અને તેમાં આરોપી નં.૨એ મદદગારી કરેલ તે રીતે બી.એન.એસની કલમ- 137(2), 87, 64(2)(i), 54, 75(1) (i) ના ભંગ બદલ કલમ- 75(2) , 78(1)(i) ના ભંગ બદલ કલમ-78(2) અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની ૨૦૧૨ ની કલમ- 3 (a) ના ભંગ બદલ કલમ-4(1), 5(l), ના ભંગ બદલ કલમ-6(1) તથા 11(1) (4) ના ભંગ બદલ 12 તથા 16 ના ભંગ બદલ કલમ-17 મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૩. શું હુકમ?

૮. ઉપરોકત મુદાઓના મારા ન્યાયી નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. આખરી હુકમ મુજબ.

**<u>મુદા નં.૧ અને ૨ :–</u>**

૯. મુદા નં.૧, ૨ના પુરાવાની ચર્ચા એકબીજા સાથે સંકળાયેલી હોય જેથી મુદા નં.૧,૨ ના પુરાવાની ચર્ચા એકીસાથે કરવામાં આવે છે અને મુદા નં.૧,૨ નો નિર્ણય એકી સાથે કરવામાં આવે છે.

પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૧ તરીકે આંક–૧૧ થી માધ્યમીક શાળાના આચાર્યને તપાસવામાં આવેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, પોતે ૨૭ વર્ષથી માધ્યમીક શાળા, વાગરા મુકામે આચાર્ય તરીકે ફરજ બજાવે છે અને યાદીના આધારે ભોગબનનારનું પોતાની શાળાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર તપાસના કામે આપેલ જેમાં ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ લખેલ છે અને ભોગબનનારે ધોરણ ૯માં પ્રવેશ લીધેલ હતો અને શાળા છોડયાનું પ્રમાણપત્ર પોતે પ્રમાણીત કરીને આપેલું જેમાં પોતાની સહી તેમજ હોદ્દાનો સીકકો છે જે આંક–૧૨ થી રજુ કરે છે અને પોતાની શાળાના જનરલ રજીસ્ટર એટલે કે વયપત્રકની પ્રમાણીત નકલ પોતે રજુ કરેલ છે, તેનુ અસલ રજીસ્ટર પોતે લાવેલ અને તેમાં ભોગબનનારનું નામ કોલમ નં.૧ માં ક્રમ નં.૧૩૫૮ થી છે તેમજ કોલમ નં.૬માં ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ લખેલી છે અને કોલમ નં.૭માં તેઓ અગાઉ જે શાળામાં ભણ્યા છે તેનુ નામ લખેલ છે અને કોલમ નં.૮માં પોતાની શાળામાં દાખલ થયેલ તા.૦૨/૦૭/૨૦૨૧ નોંધેલ છે અને પ્રમાણીત નકલ ઉપર પોતાની સહી તેમજ હોદ્દાનો સીકકો છે જે ઓળખી બતાવી આંક–૧૩ થી રજુ કરે છે, પોતે પોતાની સાથે ભોગબનનારની અગાઉની શાળા છોડયાના દાખલાની પ્રમાણીત નકલ લઈને આવેલ છે તેમાં ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ લખેલ છે, આ શાળા છોડયાના પ્રમાણપત્ર ઉપર

પોતાની સહી તથા હોદ્દાનું નિશાન છે જે ઓળખી બતાવી આંક–૧૪ થી રજુ કરે છે.

૯.૧. આ સાહેદની આરોપી તરફે ઉલટતપાસ થયેલ છે, જેમાં સાહેદ કબુલ કરે છે કે, ભોગબનનારની જન્મની નોંધણી કયા દસ્તાવેજના આધારે કરવામાં આવેલી એવા કોઈ દસ્તાવેજી પુરાવા ભોગબનનારના વાલીએ પોતાની શાળામાં રજુ કરેલ નથી અને જન્મનો કોઈ દાખલો પોતાની શાળામાં રજુ થયેલ નહીં અને અગાઉની શાળામાંથી ભોગબનનાર પોતાની શાળામાં અભ્યાસ અર્થે આવેલ જેથી અગાઉની શાળાના ભોગબનનારના જન્મ અંગે કયા દસ્તાવેજોના આધારે નોંધણી કરેલી તે પોતે કહી શકે નહી અને પોતે રેકર્ડના આધારે જુબાની આપે છે.

૧૦. પ્રોસીકયુશન તરફે સાહેદ નં.ર તરીકે આંક–૧૯ થી ડો.અર્પણા દિલીપભાઇ પટેલને તપાસવામાં આવેલ છે, આ સાહેદનો પુરાવો જોતા તા.૩૧/૦૮/૨૦૨૪ના રોજ પોતે ગાયનેક તરીકે ભરૂચ સીવીલ હોસ્પીટલમાં ફરજ ઉપર હતી ત્યારે પોલીસ યાદી સાથે ભોગબનનારને લઇને તપાસમાં આવેલી જે યાદી આંક–૨૦ થી રજુ કરે છે અને ઓ.પી.ડી. કેસ પેપર આંક–૨૧ થી રજુ કરે છે અને ભોગબનનારની તપાસ કરતા પહેલા સંમતી લીધેલી, સંપુર્ણ સભાન અવસ્થામાં હતા અને ભોગબનનારની તપાસણી સમયે ઉંમર ૧૭ વર્ષ ૨૯ દિવસની હતી અને ભોગબનનારના જણાવ્યા પ્રમાણે શારીરીક સંભોગ મુસ્તકીમ મહેબુબ વલી પટેલ સાથે તા.૨૫/૦૮/૨૦૨૪ના રોજ સંમતીથી ગર્ભ નિરોધકનો ઉપયોગ કરીને થયેલ, ભોગબનનારના જણાવ્યા પ્રમાણે છેલ્લી માસીકની તા.૧૮/૦૮/૨૦૨૪ની હતી, તેમનુ યોની પટલ જુનુ તુટેલુ હતુ, તેમની તપાસ બાદ તેમના સેમ્પલમાં બે વલવલ સ્વાબ, બે વજાઇનલ સ્વાબ, પ્યુબીક હેર લીધેલા અને તમામ સેમ્પલ એફ.એસ.એલ. સુરત ખાતે તપાસણી માટે મોકલવા વુ.પો.કો. કલ્પનાબેનને આપેલા જે ઓફીસ કોપીમાં પોતાની સહી અને હોસ્પીટલનો સીકકો હોવાનું જણાવી આંક–૨૨ થી રજુ કરે છે

અને પોતે મેડીકલ સર્ટીફીકેટ આપેલ તેમાં પોતાની સહી છે આંક–૨૩ થી રજુ છે, પોતાના અભિપ્રાય મુજબ ભોગબનનાર સાથે શારીરીક સંભોગ થયાની શકયતા નકારી શકાય નહી, ભોગબનનારનું શરતચુકથી ડી.એન.એ. માટે કાયદા મુજબની પ્રક્રિયા કરેલ નથી જે હવે પછી ના તમામ કેસમાં શરૂ કરેલ છે.

૧૦.૧. આરોપી તરફે સાહેદની ઉલટતપાસમાં સાહેદ કબુલ કરે છે કે, ભોગબનનારની ઉંમર બાબતે કોઇ ઓસીફીકેશન ટેસ્ટ માટે અભિપ્રાય કરેલ નથી અને શારીરીક પરીક્ષણ સમયે ભોગબનનારનું ઓળખ અંગેનું કોઇ પ્રમાણપત્ર લીધેલ નહી અને હાયમન ઘણા બધા કારણોસર તુટી શકે અને તા.૩૧/૦૮/૨૦૨૪ના રોજ પોતે પરીક્ષણ પુરૂ કરેલું તેની કોઇ તારીખ આંક–૨૩ના સર્ટીફીકેટમાં જણાવેલ નથી અને લીબીયા મેજોરા અને લીબીયામાઇનોરામાં કોઇ ઇજાના નિશાન જણાયેલ નહી અને પોલીસ યાદી સાથે આવેલ જેમાં ગુનાની ટુંકી હકીકત જણાવેલી અને શારીરીક પરીક્ષણના અંતે પોતે ચોકકસ ન હતા અને ભોગબનનાર સાથે શારીરીક સંભોગ કરેલ છે અને કોઇ ફોર્મ ભરી કોલ્ડ ચેનમાં નમુનાઓ મોકલાવેલ હોય તેવુ બનેલ નહીં અને નજીકના ભવિષ્યમાં ભોગબનનાર સાથે કોઇ શારીરીક સંભોગ થયો હોય તો વજાઇનલ સ્વાબમાં વીર્યની હાજરી મળી શકે. પોલીસ યાદી પ્રમાણે હકીકતો લખી લઇ સોંગદ ઉપર ખોટી જુબાની આપતા હોવાનો ઇન્કાર કરે છે.

૧૧. પ્રોસીકયુશન તરફે આંક–૨૪ થી સાહેદ નં.૩ તરીકે પ્રવિણભાઇ સોમાભાઇ તડવીનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ પી.એસ.ઓ. તરીકે સાહેદ વાગરા પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે પી.એસ.આઇ. એ.કે.જાડેજાએ ફરીયાદીની ફરીયાદ લઇ ગુનો નોંધવા માટે આપેલ જે ફરીયાદના આધારે પોતે ગુનો રજીસ્ટર કરી લઇ સ્ટેશન ડાયરીમાં પાના નં.૫૭ ઉપર કોલમ નં.૭ માં કલાક ૧૨.૩૫ એ નોંધી લીધેલ તે સ્ટેશન ડાયરીની પ્રમાણીત નકલ આંક–૨૫ થી રજુ કરે છે.

૧૧.૧. આ સાહેદની આરોપી તરફે વિ.વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે તેમાં સાહેદ કબુલ કરે છે કે, ફરીયાદ નોંધ્યા સીવાય બીજી કોઇ કાર્યવાહી કરેલ નથી.

૧૨. પ્રોસીક્યુશન તરફે આંક–૨૬ થી સાહેદ નં.૪ તરીકે ડો.મુબીન ફઝલમહંમદ ખત્રીનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, પોતે તા.૩૦/૦૮/૨૦૨૪ ના રોજ મેડીકલ ઓફીસર તરીકે પી.એચ.સી. કેશવાણમાં ફરજ બજાવતા હતા ત્યારે યાદી સાથે ભોગબનનારને લઇને વુ.પો.કો. અનીતાબેન તા.૩૦/૦૮/૨૦૨૪ના ૧૨.૩૦ વાગે બપોરે આવેલ જે યાદી સ્વીકારી સહી કરી આંક–૨૭ થી રજુ કરે છે, ભોગબનનારની તપાસ માટે સંમતી લીધેલ, ભોગબનનારને ૧૪ વર્ષની ઉંમરે માસીક શરૂ થયેલ અને છેલ્લી માસીક તા.૧૮/૦૮/૨૦૨૪ હતી અને બનાવ વિશે પુછતા, બનાવ છેલ્લા એક અઠવાડીયાથી ઓછા સમયમાં એક વાર શારીરીક સંભોગ થયેલો અને આરોપી મુસ્તકીમ મહેબુબ વલી પટેલ, ઉ.વ.૨૦ સાથે એક વર્ષથી સંબંધમાં છે, ભોગબનનારને બનાવની હિસ્ટ્રી પુછતા તેઓના જણાવ્યા પ્રમાણે પોતે પોતાના હસ્તાક્ષરમાં અંગ્રેજીમાં લખી લીધેલી, ભોગબનનારને શારીરીક હિંસા થયેલ નથી, માનસીક ત્રાસ પણ આપેલ નથી તેમ જણાવે છે, તેમજ આરોપીએ ભોગબનનારને કોઇ નશાકારક દ્રવ્ય આપેલ નથી, ભોગબનનારને બાહય કોઇ ઈજાના નિશાન જણાયેલ નહીં. ભોગબનનારના જણાવ્યા પ્રમાણે આરોપીએ તેની સાથે કુદરતી રીતે શારીરીક સંભોગ કરેલ અને વિર્યનો યોનીમાં સ્ત્રાવ કરેલ નથી તે સીવાય ભોગબનનારને આરોપીએ કિસીંગ, લીકીંગ તેમજ ટચીંગ અને ફોન્ડલીંગ તેમજ શરીરના ભાગે શક કરેલ છે. ભોગબનનાર જયારે તપાસમાં આવ્યા ત્યારે તેને બાહય તેમજ આંતરીત વસ્ત્ર બદલેલ હતા, સ્નાન કરેલ હતું અને નિત્ય ક્રિયા પુર્ણ કરેલ હતી, પલ્સ, બી.પી., શરીરનું તાપમાન સામાન્ય હતા, સંપુર્ણ સભાન અવસ્થામાં હતા, શરીરના અંગો સંપુર્ણ રીતે કામ કરતા હતા, ભોગબનનારના શરીર ઉપરથી પ્યુબીક હેર, નખ, લાળ, તેમજ લોહી,

વજાઈનલ સ્વેબ લીધેલા હતા, તે સેમ્પલ પોતાની હાજરીમાં સીલ કરી એફ.એસ.એલ.માં મોકલવા એફ.એસ.એલ.માં મોકલી આપેલ, અસલ યાદી એફ.એસ.એલ.ને મોકલેલ, ભોગબનનારને ગાયનેક તપાસ માટે ભરૂચ સીવીલ હોસ્પીટલમાં રીફર કરવામાં આવે છે, ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ આંક–૨૩ થી રજુ હોવાનું જણાવે છે તેમાં પોતાની સહી તથા હોદ્દાનો સીકકો હોવાનું જણાવે છે. આરોપીને પોલીસ યાદી સાથે હે.કો. દિનેશભાઈ લાવેલા જે યાદી સ્વીકાર્યામાં પોતાની સહી કરેલ અને તારીખ લખેલ જે આંક–૨૮ થી રજુ છે, ઓ.પી.ડી. કેસ પેપર બનાવેલ, આરોપીની ઉંમર ૨૦ વર્ષની હતી, બનાવ વિશે પુછતા તેણે જણાવ્યા પ્રમાણે પોતે પોતાના હસ્તાક્ષરમાં ગુજરાતીમાં બનાવની હિસ્ટ્રી લખી લીધેલ અને હિસ્ટ્રી નીચે આરોપીની તેમજ હે.કો.ની સહી લીધેલી, આરોપીની ગુપ્ત ભાગની તપાસ કરતા તેના પ્યુબીક હેર એકથી બે સે.મી. લાંબા હતા અને અવાજ ભારે હતો, આરોપીના જનનાંગ વિકસીત હતા, આરોપીને બાહય કે આંતરીક કોઈ ઈજાના નિશાન જણાયેલ નહીં, આરોપીના સેમ્પલ નખ, પ્યુબીક હેર, લોહી, લાળ અને વીર્યનું સેમ્પલ કલેકટ કરેલ હતા અને તે સીલબંધ પેક કરી તે એફ.એસ.એલ. સુરત ખાતે તપાસણી માટે સુરત મોકલેલ હતા, પોતે આરોપીનું મેડીકલ કરી અભિપ્રાય સાથે સર્ટીફીકેટ આપેલ, અભિપ્રાય પ્રમાણે આરોપીએ નજીકના સમયમાં શારીરીક સંભોગ કર્યાની શકયતા નકારી શકાય નહીં, અંતિમ અભિપ્રાય એફ.એસ.એલ. રીપોર્ટ પછી આપી શકાય, મેડીકલ સર્ટીફીકેટમાં પોતાની સહી અને હોદ્દાનું નિશાન હોવાનું જણાવી આંક–૨૯ થી રજુ કરે છે.

૧૨.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ છે, જેમાં આરોપી અને ભોગબનનારની ઓળખ અંગેના કોઈ આધાર પુરાવા પોતાની સમક્ષ રજુ થયેલા નહી અને ભોગબનનારના જન્મ બાબતના કોઈ પુરાવા પોતાની સમક્ષ રજુ થયેલા નહી અને પોલીસ યાદી સાથે આવેલી અને તેમાં ગુનાની ટુંક હકીકત લખેલી હતી અને પોતાની તપાસ દરમ્યાન ભોગબનનાર અને આરોપી એકબીજાને એક

વર્ષથી જાણતા હતા અને વોટસએપ ઉપર વાતચીત કરતા હતા અને ભોગબનનારે તેના નિવેદનમાં જણાવેલ કે, પોતાની શાદી બીજે થઇ જવાના ડરથી ઘર છોડીને ભાગી ગયેલ અને પોતાની તપાસણી દરમ્યાન ભોગબનનારને કોઈ બાહ્ય ઈજાના નિશાન જણાયેલ નહી અને હાયમન ઘણાં બધા કારણોસર તુટી શકે અને પોતે પોતાના શારીરીક પરીક્ષણ અંગે ચોકકસ ન હતા કે ભોગબનનાર સાથે હાલ શારીરીક સંભોગ થયેલ છે અને લોહીના નમુના લઈ કોલ્ડ ચેઈનમાં મોકલેલ હોય તેવુ બનેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પોતે લીધેલ નમુના પોલીસને સુપ્રત કરતા પહેલા કોલ્ડ ચેઈનમાં મોકલેલ હતા. કબુલ કરે છે કે, કોઈ વ્યકિત પ્રતિકાર કરે તો બે માંથી કોઈને પણ ઈજા થવાનો સંભવ છે. સોંગદ ઉપર ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરે છે.

૧૩. પ્રોસીકયુશન તરફે આંક–૩૨ થી સાહેદ નં. ૫ તરીકે મોહંમદ ઉસ્માન દાઉદભાઈ પટેલને તપાસવામાં આવેલ છે, આ સાહેદ ડી.જી.વી.સી.એલ.માં જુનીયર કલાર્ક તરીકે નોકરી કરે છે અને તા.૧૫/૦૯/૨૦૨૪ના રોજ પોતાના ઉપરી અધિકારીએ પોતાને તેમજ પોતાના સહ કર્મચારી મોહીત ભીખુભાઈને પંચમાં રહેવા જાણ કરેલી અને સાહેદ જણાવે છે કે, '' અમો રાતના આઠ વાગે વાગરા પો. સ્ટે. હાજર થયેલા તે સમયે ત્યાં પી.આઈ.શ્રી., રાઈટર, એફ.એસ.એલ. અધિકારી, ભોગબનનાર તેમજ તેમની સાથે મહીલા પો.કો. હાજર હતા. ત્યારબાદ અમોને ગુના વિશે સમજ કરી પંચ તરીકે રહેવા જણાવેલ અને અમો ઉપરોકત તમામ લોકો પોલીસ ગાડીમાં બેસીને પોલીસ સ્ટેશનથી લુવારા ગયેલા''. વધુ પુરાવો જોતાં, સલીમ મોહંમદ અલી જે આરોપીના કુઆ થાય છે તેમના ઘરે ગયેલા. વધુ પુરાવો જોતાં, '' તે ઘર અમોને ભોગબનનારે બતાવેલુ''. વધુ પુરાવો જોતાં, જે મકાન બે માળનું હતું, જેમાં મકાનમાં પ્રવેશ કરતા આગળ લોખંડની ગ્રીલ વાળો દરવાજો અને અંદર પ્રવેશ કરતા ગેલેરીનો ભાગ આવેલો, ત્યારપછી સળંગ ત્રણ રૂમ આવેલા હતા. વધુ પુરાવો જોતાં,

'' અમો ઘરમાં પ્રવેશ કરી જમણી બાજુ લોખંડના દાદરથી ઉપર પ્રથમ માળે ગયેલા ત્યાં પહેલા રૂમમાં ભોગબનનારે અમોને બનાવ બન્યો તે જગ્યા બતાવેલી તે જગ્યા ઉપર એક પલંગ હતો અને તેની ઉપર એક ચાદર પાથરેલી હતી તે લાલ અને ક્રીમ કલરની સફેદ ચોકડી વાળી હતી, તેની નીચે ભુરા, સફેદ કલરનું લાઇનીંગવાળું કવર હતુ, તેની નીચે ૪x૬નું જાંબલી કલરનું ગાદલુ હતુ''. વધુ પુરાવો જોતાં, પોતાની સાથે એફ.એસ.એલ. અધિકારીએ સીમેન ડીટેકશન કીટ ધ્વારા તપાસ કરતા કોઇ શંકાસ્પદ ડાઘા કે નિશાનો જણાયેલા નહીં, સદર રૂમમાં એક હીંચકો અને ગાદલા મુકવાનું સ્ટેન્ડ આવેલ હતુ અને અંદર બે રૂમ આવેલ હતા અને અંદર ઘરવખરીનો સામાન પડેલો, પોલીસ બનાવવાળી જગ્યાએથી કોઇ ચીજવસ્તુ કબજે કરેલ નહીં, બનાવવાળી જગ્યાની પુર્વએ સોસાયટીમાં આવવા જવાનો રસ્તો આવેલો, પશ્ચીમે ચિસત્યા મસ્જીદ આવેલી છે, ઉત્તરે ચિસત્યા સોસાયટીમાં આવવા જવાનો રસ્તો અને દક્ષીણે રહેણાંકના મકાનો હતા. વધુ પુરાવો જોતાં, '' સદર પંચનામું અમો પંચોની હાજરીમાં કરેલુ''. વધુ પુરાવો જોતાં તે પંચનામામાં પંચ નં.૧ તરીકે પોતાની અને પંચ નં.ર તરીકે મોહીતભાઇની સહી ઓળખી બતાવી આંક-૩૩ થી પંચનામું રજુ કરે છે. વધુ પુરાવો જોતાં , '' અમારી સાથે પંચનામા દરમ્યાન હાજર એફ.એસ.એલ. અધિકારી વી.આર.પટેલ સાહેબનાઓએ સ્થળ પરીક્ષણ અહેવાલ કરેલો, જે વિગતવારનો અહેવાલ આ કામે નિ.૧૦/૨૨ થી રજુ છે તેમાં વી.આર.પટેલ સાહેબનાઓની સહી છે'' જે ઓળખી બતાવી આંક-૩૪ થી રજુ કરે છે.

૧૩.૧. આ સાહેદની ઉલટતપાસ જોતાં પોતાને પંચનામામાં જવા માટે કોઇ લેખીત હુકમ મળેલ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પોતાના એચ.આર.કલાર્ક એ પંચનામામાં જવા માટે ફોન કરેલો અને પોતાની ઓફીસને પોલીસે લેખીતમાં જાણ કરેલી અને પંચનામામાં જવાનું કીધુ તે દિવસે રવિવાર હતો. કબુલ કરે છે કે, પોતાના અધિકારીને પોલીસ અધિકારીએ લેખીતમાં હુકમ કયારે કેવી રીતે કરેલ

તેની પોતાને જાત માહિતી નથી. પોલીસે બપોરે બે વાગે વાગરા પોલીસ સ્ટેશને પોતાને બંનેને બોલાવેલ, બનાવવાળી જગ્યાએ પોલીસ વાહનમાં ગયેલ. આ સાહેદનો વધુ પુરાવો જોતાં, '' અમો રાત્રે સાડા સાત, આઠ વાગે પહોંચેલા''. કબુલ કરે છે કે, બનાવવાળી જગ્યાએથી કોઇ વસ્તુ લેવાનો પ્રસંગ બનેલ નથી અને બનાવવાળી જગ્યાએ પોતાની હાજરીમાં કોઇ ફોટોગ્રાફર આવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પોલીસે મોબાઇલમાં તેની એપ્લીકેશનમાં પંચનામાની વિડીયોગ્રાફી કરેલ. એફ.એસ.એલ.અધિકારી પટેલ સાહેબ સાથે જ આવેલા. વધુ પુરાવો જોતાં જણાવે છે કે, '' એ વાત ખરી છે કે, પોલીસ ચોકીમાં કોઇ પ્રાથમીક પંચનામું કરેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે પંચનામું લખ્યુ અને અમે સહી કરી''. આ સાહેદનો વધુ પુરાવો જોતાં સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલ છે કે,'' પંચનામાની લખાણની કાર્યવાહી પોલીસ સ્ટેશનમાં કરેલી .'' જેના જવાબમાં સાહેદ જણાવે છે કે, ''સ્થળ ઉપર મૌખીક બધુ જોઇ અને લખાણ લખ્યુ અને સ્થળ ઉપર પણ અમે સહી કરેલી અને રાતે અંધારૂ થઇ ગયુ હતુ એટલે પોલીસ સ્ટેશને અમને બીજા દિવસે બોલાવી અને વંચાવીને અમારી સહીઓ લીધેલી''. વધુ પુરાવો જોતાં, પોતાના અને મોહીતભાઇના મોબાઇલમાં પંચનામાનો ફોટો આપેલ અને પોતાને બંનેને વાંચીને જુબાની આપવા કહેલ તેનો ઇન્કાર કરે છે. પોતે સરકારી કર્મચારી હોય એટલે પોલીસને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાનો ઇન્કાર કરે છે.

૧૪. પ્રોસીકયુશન તરફથી આંક–૪૦ સાહેદ નં.૬ તરીકે ભોગબનનારની માતૃશ્રીનો પુરાવો થયેલ છે , આ સાહેદનો પુરાવો જોતાં, પોતે ઘરકામ કરીને પોતાના ઘર પરીવાર સાથે રહે છે અને પોતાના લગ્ન ભોગબનનારના પિતા સાથે થયા હતા તેઓ ૨૦૨૦માં ગુજરી ગયેલ હતા, પોતાનો એક છોકરો તથા ત્રણ છોકરીઓ છે, પોતાની ભોગબનનાર દિકરીની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ છે, તેણે ધોરણ ૯ સુધી અભ્યાસ કરેલો છે, બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલો,

પોતે તથા પોતાનો છોકરો તથા પોતાની દિકરી જમી પરવારીને રાત્રે સુઈ ગયા હતા ત્યારબાદ પોતાનો છોકરો ટી.વી. જોઇને સુઇ ગયો હતો, રાતના મોડી રાત્રે પોતે પાણી પીવા માટે ઉઠેલી હતી તે સમયે ઉપરના માળે ગઇ હતી અને પોતાના છોકરાને નોકરી ઉપર જવાનુ હોય સવારે વહેલા ઉઠીને પોતાની ભોગબનનાર દિકરીને ઉઠાડવા ગયેલી પરંતુ પોતાની ભોગબનનાર દિકરી મળી આવેલ નહી જેથી પોતે પોતાના દિકરાને ઉઠાડીને જણાવેલ કે પોતાની ભોગબનનાર દિકરી તેના રૂમમાં મળેલી નહી જેથી પોતાની ભોગબનનાર દિકરીની શોધખોળ કરેલી પરંતુ તે મળેલી નહી જેથી પોતાના ભત્રીજાને આ બાબતની જાણ થતા આજુબાજુના ગામમાં તપાસ કરાવેલી જયાથી પોતાને જાણવા મળેલ કે  પોતાની ભોગબનનાર દિકરીને મુસ્તકીમ મહેબુબ વલી પટેલ ભગાડીને લઇ ગયેલ, આ સાથે પોતાના ઘરમાં તિજોરી, કબાટ ચેક કરતા રૂા.૨,૪૩,૫૧૦/- તથા સોનાની બુટ્ટી મળેલ નહીં તથા સોનાના દાગીના મળેલા નહીં, ભોગબનનાર દિકરી મળી ન આવતા પોતે ફરીયાદ આપેલી, પોતે ફરીયાદ વખતે શાળા છોડયાનું પ્રમાણપત્ર આપેલ હતુ, ફરીયાદ જોઇને કહે છે કે, તેમાં પોતાની સહી છે ઓળખી બતાવી આંક-૪૧ થી ફરીયાદ રજુ કરે છે. ભોગબનનાર દિકરીનો જન્મ મછાડા ગામમાં ઘરે થયેલ હતો, આરોપી કોર્ટમાં હાજર છે તેમ જણાવી સાહેદ ઓળખી બતાવે છે અને સાહેદ જેને ઓળખી બતાવે છે તેને તેનું નામ પુછતા મુસ્તકીમ મહેબુબ વલી પટેલ હોવાનું તે વ્યકિત જણાવે છે જેની નોંધ જુબાનીમાં કરવામાં આવેલ છે.

૧૪.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ છે ,જેમાં સાહેદ જણાવે છે કે, પોતાને ચાર સંતાનો છે અને બધા સંતાનોના જન્મ મછાડા થયેલ છે . પોતાના ઘરમાં ત્રણ રૂમ છે. કબુલ કરે છે કે, પોતે રાત્રે ઘરના દરવાજા બંધ કરીને સુઇ ગયેલા અને ભોગબનનાર દિકરી ભણેલી છે અને ભણવામાં હોશીયાર છે અને તેનુ સારુ ખરાબ સમજી શકે છે અને પોતાની દિકરીના લગ્ન બીજે નકકી કરેલા હતા,પોતાની દિકરીના માંચ મુકામે લગ્ન નકકી કરેલા હતા.

પોતાની દિકરીને તે છોકરો ગમતો ન હોવાનો ઈન્કાર કરે છે. સ્વેચ્છાએ જણાવે છે કે, તે છોકરો દુબઈથી આવેલો .પોતાનો દિકરો બનાવ વખતે ગાડી ચલાવવાની નોકરી કરતો હતો અને કેશવાણ ગામના સલમાન ભાઈને ત્યાં ગાડી ચલાવતો હતો અને તેનો નોકરીનો સીફટ વાઈઝ સમય રહેતો હતો. કબુલ કરે છે કે,કહેવાતા બનાવમાં ભોગબનનાર જતી હોય તેવુ પોતે નજરે જોયેલ નથી. પોતાની આજુબાજુ ઘણા મકાનો આવેલ હોવાનો ઈન્કાર કરે છે, પોતે રહીએ છીએ ત્યાં રસ્તો છે અને ત્યાં લોકોની અવર જવર રહે છે. કબુલ કરે છે કે, ભોગબનનાર દિકરી મોબાઈલ ફોન વાપરતી હતી. પોતે પોતાના છોકરા સાથે ફરીયાદ લખાવવા માટે ગયેલી અને પોતે ફરીયાદ લખાવેલી. પોતે ફરીયાદ લખાવતી હતી તે સમયે પોતાનો દિકરો હાજર ન હતો. પોતાની ભોગબનનાર દિકરીને તેની મરજી વિરૂધ્ધ લગ્ન નકકી કર્યા હતા તે છોકરો ગમતો ન હતો તેથી પોતાની દિકરી ઘર છોડીને જતી રહેલી તે વાતનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, કહેવાતા બનાવ સમયે કોઈ બુમાબુમ થયેલી હોય તેવુ બનેલ નથી. કોઈ નાણાં કે દાગીના પોતાની દિકરી લઈને ગયેલ ન હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, કહેવાતા બનાવ પહેલા આરોપીને પોતે ઓળખતા ન હતા અને આરોપીની ઓળખાણ પોલીસ સ્ટેશનમાં પોલીસે કરાવેલી. આવો કોઈ બનાવ બનેલ ન હોય આરોપીને ખોટી રીતે ફસાવવા ખોટો કેસ ઉભો કરેલ હોવાનો ઈન્કાર કરે છે. વધુ પુરાવો જોતાં,'' એ વાત ખરી નથી કે, મારી ભોગબનનાર દિકરીએ અમોને એવુ જણાવેલુ કે આ છોકરો મને ગમતો નથી જો મારુ લગ્ન મારી મરજી વિરૂધ્ધ કરાવશો તો હુ દવા પીને મરી જઈશ''. સોંગદ ઉપર ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરે છે. પોલીસ સ્ટેશન સીવાય પોતે બીજી કોઈ જગ્યાએ ગયેલા નહીં.

૧૫. પ્રોસીકયુશન તરફે આંક–૪૪ થી સાહેદ નં.૭ તરીકે ભોગબનનારના ભાઈને તપાસવામાં આવેલ છે, આ સાહેદ તેના પુરાવામાં જણાવે છે કે, પોતે કંપનીમાં નોકરી કરે છે અને પોતાના ઘર પરીવાર સાથે રહે છે,

પોતે ચાર ભાઇઓ બહેનો છે, ભોગબનનાર નાની બહેન છે અને ભોગબનનારે ધોરણ ૯ સુધી અભ્યાસ કરેલો છે અને ભોગબનનાર બહેન ઘરમાંથી રોકડા રૂપિયા અને દાગીના લઇને જતી રહેલ હતી અને લગ્ન કરવાનું ના પાડતી હતી, પોતાની ભોગબનનાર બહેન કયાં જતી રહી તેની પોતાને ખબર ન હતી, પોતાની બહેન વાગરા પોલીસ સ્ટેશનમાં આવતા તે આરોપી મુસ્તકીમ પટેલ સાથે ચાલી ગયેલ હતી તે પોતાને ત્યારે બનાવ વિશે જાણવા મળેલ, ભોગબનનાર બહેને જણાવેલ કે, ગંધાર મેળામાં આરોપીને એક વર્ષ પહેલા મળેલી હતી અને તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ આરોપીએ તેને મુલેર ચોકડી બોલાવી હતી અને તે બંને ભાગી ગયા હતા. ભોગબનનાર પોલીસ સ્ટેશનએથી મળી આવતા પોતાની માતા સાથે ઘરે પરત ફરેલી, આ સાહેદના પુરાવામાં આરોપીઓની ઓળખની તકરાર નથી તેમ તેમના વિ.વકીલશ્રી જણાવે છે જે બાબતે જુબાનીમાં નોંધ કરવામાં આવેલ છે.

૧૫.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલી છે જેમાં પોતે મુલેર ચોકડી ઉપર કંપનીમાં વર્ધી મારવાની નોકરી કરે છે અને પોતાનો વર્ધીનો ટાઇમ સવારે ૫.૦૦ વાગ્યાથી શરૂ થાય છે, પોતે સલમાન મહેબુબ પટેલને ત્યાં વર્ધી માટે નોકરી છે, પોતાના ઘરમાં ત્રણ રૂમ અને એક ગેલેરી છે અને ઉપર પણ બીજો માળ છે, કબુલ કરે છે કે, રાત્રે જમી પરવારીને રૂમનો દરવાજો બંધ કરી બધા સુઇ જાય છે. પોતાના ઘરની આજુબાજુમાં મકાનો હોવાનો ઇન્કાર કરે છે. સ્વેચ્છાએ જણાવે છે કે, પોતાના ઘરની એકબાજુ મકાન છે અને બાજુમાં પંચાયત ઓફીસ છે, પોતાને ત્રણ બહેનો છે. કબુલ કરે છે કે, ભોગબનનાર બહેનની શાદી માંચ મુકામે નકકી કરવાની હતી અને માંચ મુકામે પોતાના ઘરના બધા માણસો જોવા માટે ગયેલા અને માંચ મુકામે પોતાની બહેન છોકરો જોવા માટે આવેલી નહીં. પોતાના બહેન ધોરણ ૯ સુધી ભણેલા છે અને તેઓને કોઇ વસ્તુ કહેવામાં આવે તો સારી રીતે સમજી શકે તેવી માનસીક સ્થીતી છે. પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા માટે સવારે ગયેલા. પોતાને પોલીસે બનાવની કોઇ

પુછપરછ કરેલી નથી. કબુલ કરે છે કે, ભોગબનનાર બહેન મોબાઇલ ફોન વાપરતી હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેનુ સગપણ નકકી કરવાનું હતુ એટલે તે મોબાઇલ ફોન વાપરતી હતી.પોતાની બહેન ઘરમાંથી નીકળી ગયેલ કે કેમ તે પોતાને ખબર નથી. આ સાહેદનો વધુ પુરાવો જોતાં સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલ કે, રાત્રે શાંત વાતાવરણ હોય એટલે દરવાજો ખોલે એટલે અવાજ સંભળાય તેના જવાબમાં સાહેદ જણાવે છે કે, તે દિવસે વરસાદ ચાલુ હતો અને ભોગબનનાર ઉપરના માળે હતા. વધુ પુરાવો જોતાં, ભોગબનનાર બહેનના મરજી વિરૂઘ્ધ સગપણ કરેલ હોય એટલે ભોગબનનારે દવા પી ને મરી જવાનું કહેલ અને મરજી વિરૂઘ્ધનું સગપણ હોય એટલે પોતાની જાતે જતી રહેલી તે વાતનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, બનાવ બન્યા પહેલા મુલેર ચોકડી ઉપર આરોપીની દુકાન હોય જેથી પોતે જોયેલો હતો. પોતાની માતા ફરીયાદી હોય તેના સમર્થનમાં ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરે છે.

૧૬. પ્રોસીકયુશન તરફે આંક–૪૬ થી સાહેદ નં.૮ તરીકે ભોગબનનારના કાકાનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, પોતે ફરીયાદીની બાજુમાં રહે છે, રાત્રે વધુ વરસાદ હોવાથી પોતાને બનાવ વિશે કશી જાણ ન હતી, પોતાનો ભત્રીજો પોતાને રાત્રે બોલાવવા આવેલો અને પોતાને પુછતો હતો કે ભોગબનનાર તમારા ઘરે આવેલી છે અને આ સાહેદનો વધુ પુરાવો જોતાં જણાવે છે કે, ''મેં જણાવેલ કે ભોગબનનાર મારા ઘરે આવેલ નથી જેથી મારા ભત્રીજાએ મને ફોન કરેલો અને બનાવની હકીકત જણાવેલી જેથી અમે અમારા સગાવહાલાને ત્યાં તપાસ કરેલી પરંતુ ભોગબનનાર અમોને મળી આવેલ નહી જેથી ભોગબનનારના માતાએ ફરીયાદ કરેલી ત્યારબાદ પાછળથી અમને ખબર પડેલી કે ભોગબનનારને મુસ્તકીમ નામનો છોકરો લઇ ગયેલો''. આ સાહેદ આરોપી મુસ્તકીમને કોર્ટમાં ઓળખી બતાવે છે અને તે બાબતે જુબાનીમાં નોંધ કરવામાં આવેલ છે.

૧૬.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલી છે જેમાં સાહેદ કબુલ કરે છે કે, બનાવની જાણ પોતાને ફોનથી થયેલી તે સીવાય બનાવ બાબતની પોતાને કોઇ જાત માહિતી નથી અને પોતાની બાજુમાં રહેતા મોટા ભાઇના પુત્રનો ફોન કયાં નંબરથી કયાં નંબર ઉપર કેટલા વાગે આવેલો તેની કોઇ હકીકત પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ નથી કે કોઇ પુરાવા આપેલા નથી. ભોગબનનાર છોકરીની સગાઇ માંચ મુકામે તેની મરજી વિરૂધ્ધ કરેલ તે વાતની પોતાને ખબર નથી. કબુલ કરે છે કે, આરોપીને પહેલો વહેલો પોતે પોલીસ ચોકીમાં જોયેલો અને પોલીસે પોતાનું નામ ઠામ પુછેલુ અને પછી પોતાને જવા દીધેલો. સોંગદ ઉપર ખોટી જુબાની આપતા હોવાનો ઇન્કાર કરે છે.

૧૭. પ્રોસીકયુશન તરફે આંક-૪૭ થી સાહેદ નં.૯ તરીકે નઝીર અહમદ ભગતને તપાસવામાં આવેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, બનાવ વિશે પોતાને કોઇ જાત માહિતી નથી અને પોતાના ફળીયામાં કોઇ ભાગીને આવેલ હોય તેમ જણાવે છે, આ સાહેદ ફરી ગયેલા જાહેર થયેલ છે અને વિ.એ.પી.પી.સુ.શ્રીએ કરેલી ઉલટતપાસમાં ઇન્કાર કરતાં જવાબો આપે છે.

૧૭.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરેલ નથી.

૧૮. પ્રોસીકયુશન તરફે આંક-૪૮ થી સાહેદ નં.૧૦ તરીકે રૂકશાના સલીમભાઇ વોરા પટેલનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, પોતાને ત્રણ બાળકો છે, પોતે પોતાના પતિ તથા બાળકો સાથે રહે છે,પોતાનું પિયર ચાંચવેલ ગામે આવેલ છે, પોતાના ભાઇનું નામ મહેબુબ વલી પટેલ છે તેના છોકરાનું નામ મુસ્તકીમ છે, જે પોતાનો ભત્રીજો થાય છે , બનાવ વિશે પોતે કાંઇ જાણતી નથી, પોતાના ઘરે કોઇ આવેલુ હોય તેવુ બનેલુ નથી તેઓને પોલીસ સ્ટેશન બોલાવેલા તેથી પોતાને બનાવની જાણ થયેલી તે સીવાય પોતે કાંઇ જાણતી નથી, પોલીસે પોતાનો જવાબ લીધેલ નથી, આ સાહેદ ફરી ગયેલા

જાહેર થયેલ છે અને વિ.એ.પી.પી.સુ.શ્રીએ કરેલી ઉલટતપાસમાં ઈન્કાર કરતાં જવાબો આપે છે.

૧૮.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરેલ નથી.

૧૯. પ્રોસીકયુશન તરફે આંક–૫૦ થી સાહેદ નં.૧૧ તરીકે ભોગબનનારને તપાસવામાં આવેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં પોતાની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ હોવાનું અને પોતાના મમ્મી સાથે રહેતા હોવાનું અને પપ્પા મરણ ગયેલ છે અને ચાર ભાઈ બહેન છે, પોતે નાના છે, બનાવ સમયે પોતે ભણતી ન હતી, પોતે ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરેલ છે, બનાવમાં લુવારા ગામે આરોપી પોતાને આરોપીના ફોઈના ઘરે લઈ ગયો હતો ત્યાં પોતાની સાથે ખરાબ કૃત્ય કરેલુ અને તે પોતાને ઉપર લઈ ગયેલો અને પોતાની સાથે જબરજસ્તી કરેલ હતી, પછી આરોપીના ઘરવાળા પોતાને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા અને આરોપીના ફોઈના ઘરે હતી ત્યારે તેણે પોતાને ટોર્ચર કરી હતી અને આરોપીના ઘરવાળાઓએ પોતાને શીખવાડેલ હતુ કે, '' પોલીસ સ્ટેશનમાં અમારૂ શીખવાડેલુ બોલજે તેમ કહ્યુ હતુ અને તુ મારી સાથે નહી આવે તો હુ ઝેર પીને મરી જઈશ તેવુ બોલજે'' તેવુ શીખવાડેલ પછી આરોપીના ઘરવાળાએ પોતાને શીખવાડેલુ કે '' તુ તારા ઘરે જઈશ તો તે તારા ઘરવાળા મારી નાખશે'' પરંતુ પોતે પોતાના ઘરે ગયેલી તો પોતાને કોઈએ ટોર્ચર કરેલુ નહી, આરોપીએ બે વાર પોતાની સાથે બદકામ કરેલુ અને પોતાને મેડીકલ તપાસ માટે ડોકટર પાસે અને જંબુસર મેજીસ્ટ્રેટ પાસે લઈ ગયા હતા અને મેજીસ્ટ્રેટ શ્રી રૂબરૂનું નિવેદન જોઈને કહે છે કે નિવેદનમાં પોતાની સહી છે અને નિવેદન સાંભળીને કહે છે કે તે પોતે લખાવેલ અને તે નિવેદન આંક–૫૧ થી રજુ થાય છે, ડોકટરે મેડીકલ કરાવવા ગઈ ત્યારે પોતાને કેસ વિશે પુછ્યુ હતુ અને પોતે બનાવની હિસ્ટ્રી ડોકટરને જણાવેલી અને પોલીસ સ્ટેશને પોતે પોતાના કપડા રજુ કરેલ હતા અને તેમાં કપડા અને અંદરના કપડા પણ રજુ કરેલ હતા અને ભોગબનનાર પોતાનુ લાઈટ ક્રીમ કલરને લેંગીસ હોવાનું તેમજ ગ્રે કલરનુ વન પીસ હોવાનું

અને દુપટ્ટો, બ્રા અને રામા કલરની નીકર હોવાનું જોઇ ઓળખી બતાવે છે અને આરોપી મુસ્તકીમ મહેબુબ વલીને જોઇને તેના નામથી ઓળખી બતાવે છે બીજા આરોપીને નામથી કે જોયે ઓળખતી નથી તેમ જણાવે છે અને ફરીયાદ પોતાના મમ્મીએ આપેલુ તેમ જણાવે છે.

૧૯.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ છે, જેમાં સાહેદ કબુલ કરે છે કે, પોતાનો જન્મ મછાસરા મુકામે થયેલો અને પોતાનું ઘર છે તે બે માળનું ઘર છે અને રાત્રે બધા જમી પરવારીને ઘરને લોક મારીને સુઇ જાય છે. પોતે પોતાના મોટા બાપુના છોકરાને ઓળખે છે. ભોગબનનારના મોટા બાપુના છોકરાથી ભોગબનનારની ઓળખ જાહેર ન થાય જેથી તે મોટા બાપુના દિકરાને ચાર્જશીટમાં સાહેદ ક્રમ નં.૮ તરીકે બતાવેલ છે, તે બાબતે જુબાનીમાં દર્શાવેલ છે, કબુલ કરે છે કે, પોતાના ભાઇ કેશવાળ મુકામે નોકરી કરે છે અને પોતાનું લગ્ન માંચ મુકામે નકકી કરેલુ અને છોકરો દુબઇથી આવેલો. સાહેદનો વધુ પુરાવો જોતાં જણાવે છે કે, '' એ વાત ખરી છે કે, તા.૨૯/૦૮/૨૦૨૪ના પોલીસ રૂબરૂના નિવેદનમાં મે એવુ લખાવેલ છે કે, મારા બીજે લગ્ન નકકી કર્યા હતા ને એ છોકરો મને ગમતો ન હતો જેથી હુ તેને ધમકી આપેલ કે જો તુ મને લેવા નહી આવે તો હુ દવા પીને મરી જઇશ'' સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ હકીકત આરોપીના દબાણ અને કહેવાથી પોતે લખાવેલી અને પોતાના લગ્ન નકકી કર્યા હતા તે છોકરો પોતાને ગમતો હતો. આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવે છે કે, '' આ કહેવાતા બનાવના દિવસે તમો જમી પરવારીને સુઇ ગયેલા તો તમને રાત્રે કેવી રીતે ખબર પડી કે બહાર કોઇ વ્યકિત આવેલી છે?'' જેના જવાબમાં સાથે જણાવે છે કે,''એ છોકરો બહાર ઉભેલો હતો અને મને મેસેજ કરેલ કે બહાર નીકળ એટલે હુ બહાર નીકળી અટલે તે મને જબરજસ્તી લઇને નાહી ગ્યો'' ત્યારબાદ આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવે છે કે,'' આવો કોઇ કહેવાતો મેસેજ આવેલો હોય તો તમે ઘરમાં રાત્રે કોઇને ફરીયાદ કરેલી નહી'' તેના જવાબમાં સાહેદ જણાવે છે કે,'' રાત્રે દોઢ વાગે મમ્મી અને ભાઇને કેવી રીતે ઉઠાડીને કહું ''. ત્યારબાદ વધુ પુરાવો જોતાં જણાવે

છે કે, '' બનાવના દિવસે અમો બધા નીચેના માળે સુતા હતા. એ વાત ખરી નથી કે ઘરમાંથી બહાર જવુ હોય તો દરવાજો અંદરથી ખોલીને બહાર નીકળી શકાય''. ત્યારબાદ સાહેદને પ્રશ્ન પુછવામાં આવે છે કે, '' ઘરનો દરવાજો ખોલે તો રાત્રીનો સમય હોય તો અવાજ આવી શકે?'' જેના જવાબમાં સાહેદ જણાવે છે કે,'' અમે ગામ ગયેલા હતા એટલે થાકેલા બઉ હતા એટલે કોઇને ખબર ન પડી ''. ત્યારબાદ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલ કે ,'' તમોએ કોઇ બુમાબુમ બનાવ વખતે કરેલી નહી?'' જેના જવાબમાં સાહેદ જણાવે છે કે, '' મેં બુમાબુમ કરેલી નહી''. સાહેદ કબુલ કરે છે કે, પોતાના કહેવા ઘરથી રોડ ઉપર જવું હોય તો વચ્ચે અન્ય ઘણાં બધા મકાનો આવે છે અને કહેવાતા બનાવ વખતે રોડ ઉપર પોતે કોઇ બુમાબુમ કરેલ હોય કે પ્રતિકાર કરેલ હોય તેવુ બનેલ નથી અને કહેવાતા જે વાહનમાં બેઠા તેમાં પોતે કોઇ બુમાબુમ કરેલ નથી અને સ્વેચ્છાએ જણાવે છે કે, વાહન વાળો આરોપીનો ફ્રેન્ડ હતો, સાહેદને પ્રશ્ન પુછવામાં આવે છે કે, ''બનાવ પહેલા આરોપી મુસ્તકીમને કેવી રીતે ઓળખો?'' તેના જવાબમાં સાહેદ જણાવે છે કે, '' આરોપી મુસ્તકીમ મને મેસેજ કરતો'' ત્યારબાદ સાહેદને પ્રશ્ન પુછાવામાં આવે છે કે, '' કેટલા સમય પહેલાથી મુસ્તકીમને ઓળખો? તેના જવાબમાં સાહેદ જણાવે છે કે, '' બનાવ પહેલાના બે ત્રણ મહીના પહેલાથી હુ આરોપી મુસ્તકીમને ઓળખતી''. વધુ પુરાવો જોતાં સાહેદ કબુલ કરે છે કે, બનાવ પહેલાના બે–ત્રણ મહીના દરમ્યાન આરોપી વિરૂધ્ધ પોતે પોતાના ઘરમાં કોઇને કીધેલું નહીં. સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપી પોતાને બ્લેકમેઇલ કરતો હતો અને કહેતો હતો કે તારા ભાઇને સ્ક્રીન શોટ મોકલીશ. આ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલ કે,'' સોશીયલ મીડીયામાં એવો મેસેજ કરેલો કે, મારી શાદી મારી મરજી વિરૂધ્ધ બીજી જગ્યાએ કરી દીધી છે એટલે કંઇ બી થશે તો એની જવાબદારી મારા ઘરવાળાની અને સા.નં.૦૮ ની રહેશે''. તેના જવાબમાં સાહેદ હા પાડે છે. સાહેદ કબુલ કરે છે કે, ડોકટરને પોતે એક વર્ષથી આરોપીને ઓળખતી હતી એવુ લખાવેલુ અને પોલીસને પોતે નિવેદન લખાવતી

હતી તે સમયે પોતાના મમ્મી અને ભાઇ પોતાની સાથે હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, નિવેદન લખાવતી હતી તે સમયે પોતાના મમ્મી અને ભાઇ બહાર બેઠા હતા. કબુલ કરે છે કે, પોતાની સાથે ખરાબ કૃત્ય કરેલુ અને તે પોતાને ઉપર લઇ ગયેલો અને પોતાની સાથે જોરજબરજસ્તી કરેલી હતી તેવુ પોતે તા.૨૯/૦૮/૨૦૨૪ના પોતાના પોલીસ નિવેદનમાં લખાવેલ નથી. કબુલ કરે છે કે, ''આરોપીના ઘરવાળાઓએ મને શીખવાડેલુ હતુ કે પોલીસ સ્ટેશનમાં અમારૂ શીખવાડેલુ બોલજે તેમ કહ્યુ હતુ અને તુ મારી સાથે નહી આવે તો હુ ઝેર પી ને મરી જઇશ તેવું બોલજે તેવું શીખવાડેલું.'' આવુ પોતાના તા.૨૯/૦૮/૨૦૨૪ના પોલીસ નિવેદનમાં લખાવેલ નથી. કબુલ કરે છે કે, આરોપીના ઘર વાળા પોતાને પોલીસ સ્ટેશન લઇ ગયેલ હતા અને આરોપીના ફોઇના ઘરે હતી ત્યારે તેણે પોતાને ટોર્ચર કરી હતી તેવું પોતે તા.૨૯/૦૮/૨૦૨૪ના પોતાના પોલીસ નિવેદનમાં લખાવેલ નથી. કબુલ કરે છે કે, આરોપીના ઘરવાળાઓએ પોતાને શીખવાડેલુ કે તુ તારા ઘરે જઇશ તો તને તારા ઘરવાળા મારી નાંખશે પરંતુ પોતે પોતાના ઘરે ગયેલી તો પોતાને કોઇએ ટોર્ચર કરેલુ નહી આવુ પોતે પોતાના તા.૨૯/૦૮/૨૦૨૪ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. કબુલ કરે છે કે, આરોપીએ પોતાની સાથે બે વાર બદકામ કરેલું તેવુ પોતાના તા.૨૯/૦૮/૨૦૨૪ના પોલીસ નિવેદનમાં લખાવેલ નથી. પોતાના મમ્મી, ભાઇ અને પિતારઇ ભાઇના દબાણમાં આવી ડોકટરને અને મેજીસ્ટ્રેટને ખોટી હકીકતો લખાવેલ હોવાનો કે આરોપી મુસ્તકીમ પોતાને લગ્નની લાલચ આપી ભગાડી ગયેલ ન હોવાનુ કે આરોપી મુસ્તકીમએ કોઇ બદકામ કરેલ ન હોવાનો કે આરોપી નં.૧ એ પોતાને કોઇ ધાક ધમકી આપેલ ન હોવાનો કે પોતાના લગ્ન પોતાની મરજી વિરૂધ્ધ નકકી કરેલા જેથી પોતે ઘર છોડીને જતી રહેલી હોવાનો કે સોંગદ ઉપર ખોટી જુબાની આપતા હોવાનો ઇન્કાર કરે છે. કબુલ કરે છે કે, આરોપી નં.૨નાએ પોતાને કોઇ ધમકી આપેલ નથી.

૨૦. પ્રોસીકયુશન તરફે આંક–૫૪ થી સાહેદ નં.૧૨ તરીકે અનીતાબા કનકસિંહ જાડેજાને તપાસવામાં આવેલ છે, આ સાહેદ સને ૨૦૨૪માં પોલીસ સબ ઈન્સ્પેકટર તરીકે વાગરા પોલીસ સ્ટેશનમાં હતી તે સમયે ભોગબનનારની માતા ધ્વારા ફરીયાદ આપવામાં આવેલ હતી જે ફરીયાદ પોતે પી.એસ.ઓ.ને નોંધવા માટે સ્ટેશન ડાયરીમાં આપેલ, જે ફરીયાદ આંક–૪૧ થી રજુ છે, જેમાં પોતાની તથા ફરીયાદીની સહી છે જે ઓળખે છે, ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩નું નિવેદન લેવા માટે પોતે ભોગબનનાર સાથે હાજર હતી, આગળની તપાસ પી.આઇ.કે.એમ.વાઘેલાને આપેલ હતી.

૨૦.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ છે તેમાં કબુલ કરે છે કે, ફરીયાદ છ દિવસ વિલંબથી નોંધવામાં આવેલ હતી અને જન્મની નોંધણી અંગેના કોઇ પ્રાથમીક પુરાવાની તપાસ કરેલ નથી અને ભોગબનનારની ઉંમર બાબતે કોઇ ઓસીફીકેશન ટેસ્ટ કરાવેલ નથી અને તપાસ દરમ્યાન ભોગબનનારે કોઈ જગ્યાએ બુમાબુમ કરેલ હોય, કોઇ પ્રતિકાર કરેલ હોય તેવો કોઇ સાહેદ મળી આવેલ નહી અને આ કામે કોઇ ડી.એન.એ. ટેસ્ટ કરાવેલ નથી અને આ કામે મોબાઇલની કોઇ ડીટેઇલ કે સી.ડી.આર. મેળવેલ નથી. ફરીયાદના કહેવા મુજબ ફરીયાદ નોંધેલ ન હોવાનો કે સોંગદ ઉપર ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, ફરીયાદ નોંધતા અગાઉ કોઇ પ્રાથમીક તપાસ કરેલ નથી.

૨૧. ફરીયાદ પક્ષે આંક–૫૫ થી સાહેદ નં.૧૩ તરીકે તપાસ કરનાર અધિકારી કુમાર મણીલાલ વાઘેલાનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, પોતે હાલમાં પી.આઇ. તરીકે ઉમલ્લા પો.સ્ટે.માં ફરજ બજાવે છે અને સને ૨૦૨૪માં સર્કલ પો.ઈન્સ.તરીકે જંબુસરમાં ફરજ ઉપર હતા તે સમયે પોતાની પાસે આ કામની તપાસ આવેલી હતી અને પોતે તપાસ સંભાળેલી અને ભોગબનનારનું શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર તથા રજીસ્ટર ઉતારાની નકલ આપવા માટે માધ્યમીક હાઇસ્કુલને યાદી પોતાના ધ્વારા કરવામાં આવેલ હતી જે આંક–૧૨

થી રજુ છે અને આંક–૧૩ તથા ૧૪ થી શાળા છોડયાનો દાખલો તથા રજીસ્ટર રજુ છે, તપાસના કામે સરકારી કર્મચારીને પંચમાં રહેવા માટે યાદી પોતે કરેલ જે યાદી આંક–પ૬ થી રજુ છે અને તપાસ કામે દ.ગુ.વિ.કં.ને સરકારી પંચ ફાળવવા યાદી કરવામાં આવેલી જે પી.આર.વાઘેલા ધ્વારા કરવામાં આવેલ હતી અને તેમાં પોતે પી.આર.વાઘેલાની સહી ઓળખી બતાવે છે અને તે યાદી આંક–પ૭ થી રજુ છે, આરોપીના કપડા કબજે કર્યા અંગેનું પંચનામું આંક–૩૬ થી રજુ છે અને તેમાં બે પંચોની તથા રૂબરૂપણામાં પોતાની સહી છે અને તપાસના કામે આંક–૩૭ થી ભોગબનનારના કપડા બે પંચો રૂબરૂ કબજે કર્યા હતા જેમાં બે પંચોની તથા રૂબરૂપણામાં પોતાની સહી છે અને આંક–૩૩ થી પી.આર.વાઘેલા ધ્વારા ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ જેમા બે પંચોની તથા રૂબરૂપણામાં પી.આર.વાઘેલાની સહી ઓળખી બતાવે છે અને આંક–૩૦ થી આરોપીને અટક કર્યાનું પંચનામું રજુ છે અને આરોપીને અટક કર્યા બાદ તેઓને મેડીકલ તપાસ માટે પી.એચ.સી.ખાતે યાદી સાથે મોકલવામાં આવેલ જે યાદી આંક–૨૮ થી રજુ છે અને તપાસના કામે આરોપીની મેડીકલ તપાસ કરી તેનુ સર્ટી મેળવવા માટે યાદી કરવામાં આવેલ હતી જે યાદી આંક–પ૮ થી રજુ છે જે યાદી પી.આર.વાઘેલા ધ્વારા આપવામાં આવેલ હતી અને તપાસના કામે ભોગબનનારની મેડીકલ તપાસણી માટે યાદી તથા અસલ મેડીકલ સર્ટીફીકેટ આંક–૨૩ અને ૨૭ થી રજુ છે અને મેડીકલના અસલ કાગળો તપાસના કામે સામેલ રાખેલ હતા અને તપાસના કામે આંક–૨૯થી આરોપીનો એકઝામીનેશ રીપોર્ટ અસલ સામેલ છે અને તપાસના કામે નામદાર કોર્ટમાં કલમ ઉમેરાનો રીપોર્ટ પોતાના ધ્વારા કરવામાં આવેલ હતો અને તે આંક–પ૯ થી રજુ છે અને તપાસના કામે ભોગબનનારની બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન લેવા નામદાર કોર્ટને યાદી કરવામાં આવેલ હતી જે યાદીમાં પોતાની સહી છે અને તે આંક–૬૦ થી રજુ છે અને આગળની તપાસ પી.આર.વાઘેલાએ કરેલ

અને તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા હતા અને આરોપી કોર્ટમાં હાજર છે અને તે તે જ છે.

૨૧.૧. આ સાહેદની આરોપી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ તેમાં સાહેદ કબુલ કરે છે કે, ફરીયાદ ૦૬ દિવસ વિલંબથી નોંધવામાં આવેલ હતી અને જન્મની નોંધણી અંગેના કોઇ પ્રાથમીક પુરાવાની તપાસ કરેલ નથી અને ભોગબનનારની ઉંમર બાબતે કોઇ ઓસીફીકેશન ટેસ્ટ કરાવેલ નથી અને તપાસ દરમ્યાન ભોગબનનારે કોઇ જગ્યાએ બુમાબુમ કરેલ હોય, કોઇ પ્રતિકાર કરેલ હોય તેવો કોઇ સાહેદ મળી આવેલ નથી અને આ કામે કોઇ ડીએનએ ટેસ્ટ કરાવેલ નથી અને આ કામે મોબાઇલની કોઇ ડીટેઇલ કે સી.ડી.આર મેળવેલ નથી અને બી.એન.એસ.એસની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન વિલંબથી નોંધવામાં આવેલ અને બનાવવાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર છે અને રાત્રી સમય દરમ્યાનનો આક્ષેપ ફરીયાદમાં જણાવેલ છે. તૈયાર પંચનામામાં પંચોની સહીઓ લેવામાં આવેલી હોવાનો ઇન્કાર કરે છે. કબુલ કરે છે કે, પંચોની કાપલીઓ ઉપર કેસ સંબંધી કોઇ નંબર લખેલા નથી. આ કામે કોઇ સ્વંતત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ ન હોવાનો કે પોતાની તપાસ દરમ્યાન આરોપી વિરૂધ્ધ ગુનાને સાંકળતો કોઇ પુરાવો મળી આવેલ ન હોવાનો કે સરકારી પંચો પાછળથી ઉભા કરી તૈયાર પંચનામામા સહીઓ લેવામાં આવેલી હોવાનો કે સોંગદ ઉપર ખોટી જુબાની આપતા હોવાનો ઇન્કાર કરે છે.

૨૨. ફરીયાદ પક્ષે આંક–૬૧ થી સાહેદ નં.૧૪ તરીકે પ્રદિપસિંહ રણુભા વાઘેલાનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, હાલમાં પોતે પી.આઇ. તરીકે મહીલા પો.સ્ટે. માં ફરજ બજાવે છે અને સને ૨૦૨૪માં વાગરા પોલીસ સ્ટેશનમાં પોલીસ ઇન્સ્પેકટર તરીકે ફરજ ઉપર હતા તે સમયે જંબુસર સી.પી.આઇ. તરફથી વાગરા પોલીસ સ્ટેશન તરીકે ફરજ ઉપર હતા તે સમયે જંબુસર સી.પી.આઇ. તરફથી વાગરા પો.સ્ટે. ગુના.ર.નં. ૦૪૪૨/૨૦૨૪ના કામની તપાસ સોંપેલી અને પોતે તપાસ

સંભાળેલી અને બનાવવાળી જગ્યાનું એફ.એસ.એલ. અધિકારીની હાજરીમા વિડીયોગ્રાફીથી પંચનામુ કરેલ જે આંક–૩૩ થી રજુ છે અને તેમાં બે પંચોની તથા રૂબરૂપણામાં પોતાની સહી છે અને આંક–૩૦ થી સહ આરોપીનું અટક પંચનામુ કરવામાં આવેલ જેમાં બે પંચોની તથા રૂબરૂપણામાં પોતાની સહી છે અને સહ આરોપીને મેડીકલ કરવા માટે સી.એચ.સી.વાગરા ખાતે મોકલવામાં આવેલ હતા જે આંક–૫૮ થી રજુ છે અને એફ.એસ.એલ. અધિકારીશ્રીને મુદામાલ સર્ટી મોકલવા માટે પત્ર લખેલ તે પત્ર આંક–૬૨ થી રજુ છે અને સાથે એફ.એસ.એલ. અધિકારીનો ફોરવર્ડીંગ લેટર આંક–૬૩ થી રજુ છે અને તપાસના કામે બાયોલોજીકલ તથા સીરોલોજીકલ પરીક્ષણનો અહેવાલ આંક–૬૪ થી રજુ છે અને આંક–૩૪ થી એફ.એસ.એલ. અધિકારીનો સ્થળ પરીક્ષણ અહેવાલ રજુ છે અને આ કામે મુદામાલ એફ.એસ.એલ. સુરતને મોકલેલ ઓનલાઈન રવાનગી પત્રક આંક–૬૫થી રજુ છે અને તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને ભોગબનનારનુ જન્મનું પ્રમાણપત્ર મેળવીને વેરીફાઇ કરીને તપાસના કામે રજુ રાખેલ છે, તપાસના કામે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા નામદાર કોર્ટમા ચાર્જશીટ દાખલ કરેલ અને આરોપીઓ કોર્ટમાં હાજર છે જેમાંથી આરોપી નં.૧ નુ નામ મુસ્તકીમ અને આરોપી નં.૨ નુ નામ સલીમ છે જેને પોતે ઓળખે છે. આ સાહેદ જેને આરોપી નં.૧ ને મુસ્તકીમ તરીકે ઓળખી બતાવે છે તે વ્યીકતને તેનુ નામ પુછતા તે પોતાનુ નામ મુસ્તકીમ મહેમુદવલી પટેલ હોવાનું જણાવે છે અને આરોપી નં.૨ ને સલીમ તરીકે ઓળખી બતાવે છે તે વ્યકિતને પોતાનુ નામ પુછતા તે પોતાનુ નામ સલીમ મહંમદ હોવાનું જણાવે છે જેની નોંધ જુબાનીમાં કરવામાં આવેલ છે.

૨૨.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરેલી છે, તેમાં સાહેદ કબુલ કરે છે કે, ફરીયાદ ૦૬ દિવસ વિલંબથી નોંધવામાં આવેલ હતી અને ભોગબનનારની ઉંમર બાબતે કોઇ ઓસીફીકેશન ટેસ્ટ કરાવેલ નથી અને તપાસ દરમ્યાન ભોગબનનારે કોઇ જગ્યાએ બુમાબુમ કરેલ હોય, કોઇ પ્રતિકાર કરેલ હોય તેવો કોઇ સાહેદ મળી આવેલ નહી અને

આ કામે કોઈ ડીએનએ ટેસ્ટ કરાવેલ નથી અને આ કામે મોબાઈલની કોઈ ડીટેઈલ કે સી.ડી.આર મેળવેલ નથી અને બનાવવાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર છે અને રાત્રી સમય દરમ્યાનનો આક્ષેપ ફરીયાદમાં જણાવેલ છે. તૈયાર પંચનામામાં પંચોની સહીઓ લેવામાં આવેલ હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, પંચોની કાપલીઓ ઉપર કેસ સંબંધી કોઈ નંબર લખેલા નથી. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ ન હોવાનો કે પોતાની તપાસ દરમ્યાન આરોપી વિરૂધ્ધ ગુનાને સાંકળતો કોઈ પુરાવો મળી આવેલ ન હોવાનો કે સરકારી પંચો પાછળથી ઉભા કરી તૈયાર પંચનામામાં સહીઓ લેવામાં આવેલ હોવાનો કે સોંગદ ઉપર ખોટી જુબાની આપતા હોવાનો કે આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનો ઈન્કાર કરે છે.

૨૩. ઉપરોકત પુરાવો ધ્યાને લેવામાં આવે અને ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ ની હોવાનું અને ભોગબનનાર બનાવ વખતે ૧૭ વર્ષ ૧૯ દિવસની હોવાનું અને તે રીતે ભોગબનનાર બનાવ વખતે ૧૮ વર્ષથી નીચેની ઉંમરની સગીર વયની બાળા હોવાનું પુરવાર કરવાનો બોજો પ્રોસીકયુશન ઉપર છે તે ધ્યાને લઈ રેકર્ડ ઉપર જે ઉપરોકત પુરાવો રજુ થયેલ છે તે જોવામાં આવે તો, ભોગબનનારની માતા સાહેદ નં. ૬ કે જે ફરીયાદી છે તે તેના પુરાવામાં ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ હોવાનું જણાવી ભોગબનનારનો જન્મ મછાડા ગામે ઘરે થયેલ હતો તેવુ જણાવે છે અને પોતાને ચાર સંતાનો છે અને બધા સંતાનોના જન્મ મછાડા થયેલાનું જણાવે છે અને આ ભોગબનનારના માતૃશ્રી કે જે ફરીયાદી છે તેમણે આંક-૪૧ થી ફરીયાદ આપેલ છે, જેમાં ભોગબનનારનો જન્મ ૨૫/૦૭/૨૦૦૭ના રોજ થયેલ હોવાનું જણાવે છે જેથી આ ભોગબનનારના માતૃશ્રીનો પુરાવો જોતાં તે ભોગબનનારનો જન્મ મછાડા ગામે ઘરે થયેલ છે તેવુ જણાવે છે પરંતુ આ ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬ તેના પુરાવામાં ભોગબનનારના જન્મની નોંધણી મછાડામાં ગ્રામપંચાયતમાં

કે ત્યાં જો નગરપાલીકા હોય તો તેમાં નોંધણી કરાવ્યાનું જણાવતા નથી અને આ કામે આંક– ૧૧ થી સાહેદ નં.૧ તરીકે માધ્યમીક શાળાના આચાર્યનો પુરાવો થયેલ છે, આ સાહેદ પોતે ૨૭ વર્ષથી માધ્યમીક શાળા વાગરામાં ફરજ બજાવે છે અને તેણે આંક–૧૨ થી શાળા છોડયાનું પ્રમાણપત્ર આપ્યાનું તેમજ આંક–૧૩ થી જનરલ રજીસ્ટર તેમજ આંક–૧૪ થી ભોગબનનારની અગાઉની શાળાના શાળા છોડયાના પ્રમાણપત્રની ખરી નકલ રજુ કર્યાનું જણાવે છે અને ભોગબનનારને ધોરણ ૯માં પ્રવેશ આપવામાં આવેલ હોવાનું જણાવે છે અને પુરાવો જોતાં આંક–૧૨ થી જ શાળા છોડયાના પ્રમાણપત્ર મળવાની યાદી પણ સામેલ છે અને આ આંક–૧૨નું શાળા છોડયાનું પ્રમાણપત્ર કે જે યાદી સાથે છે તે જોવામાં આવે તો તેમાં આંક–૧૨ ના શાળા છોડયાના પ્રમાણપત્રની ખરી નકલમાં ભોગબનનારનું જન્મ સ્થળ મુલેર, તા.વાગરા, જી.ભરૂચ દર્શાવેલ છે અને છેલ્લે અભ્યાસ કર્યો હોય તે શાળા પ્રાથમીક શાળા મુલેર દર્શાવેલ છે અને હાલનું શાળા છોડયાનું પ્રમાણપત્ર જોતા તે વાગરાની હાઈસ્કુલ છે અને તેનુ નામ દર્શાવેલ છે અને પ્રવેશ તા.૦૨/૦૭/૨૦૨૧,ધોરણ ૯ દર્શાવેલ છે અને શાળા છોડયા તા.૧૧/૦૯/૨૦૨૧ દર્શાવેલ છે અને આ લીવીંગ સર્ટીફીકેટ તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ ઈશ્યુ થયાનું જણાય છે, આ લીવીંગ સર્ટીફીકેટ આંક–૧૨ જોવામાં આવે તો તેમાં ભોગબનનારનું જન્મ સ્થળ મુલેર દર્શાવેલ છે અને ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬ ભોગબનનારનું જન્મ સ્થળ મછાડા ગામ દર્શાવેલ છે જેથી ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬ નો પુરાવો અને સાહેદ નં.૧ આચાર્યના પુરાવામાં રજુ થયેલ આંક–૧૨નું લીવીંગ સર્ટીફીકેટ ખરી નકલ જોતાં ભોગબનનારનો જન્મ મુલેર થયેલ છે કે મછાડા થયેલ છે તેમાં વિરોધાભાસ આવે છે અને તે રીતે ભોગબનનારના જન્મ સ્થળમાં બે ગામના નામ આવે છે અને આંક–૧૩ થી સાહેદ નં.૧ આચાર્યએ માધ્યમીક શાળાનું જનરલ રજીસ્ટર રજુ કરેલ છે અને જેમાં ભોગબનનારનું જન્મ સ્થળ મુલેર બતાવેલ છે અને અગાઉની પ્રાથમીક શાળા મુલેર બતાવેલ છે અને છેલ્લા કોલમમાં અભ્યાસ

છોડવાથી નામ કમી અને લીવીંગ સર્ટીફીકેટ નં.૧૩૪૩ દર્શાવેલ છે અને આંક–૧૨ના લીવીંગ સર્ટીફીકેટમાં પણ સર્ટીફીકેટ નં.૧૩૪૩ જણાય છે અને જનરલ રજીસ્ટર નં.૧૩૫૮ જણાય છે અને આંક–૧૩ના જનરલ રજીસ્ટરમાં રજીસ્ટર એન્ટ્રી નં.૧૩૫૮ થી ભોગબનનારની એન્ટ્રી છે અને સાહેદ નં.૧ આચાર્યએ આંક–૧૪ થી ભોગબનનારનું પ્રાથમીક શાળાના લીવીંગ સર્ટીફીકેટની ખરી નકલ રજુ કરેલ છે અને તેમાં ભોગબનનારનું જન્મ સ્થળ મુલેર, તા.વાગરા, જી.ભરૂચ બતાવેલ છે અને તે પ્રાથમીક શાળામાં દાખલ થયા તા.૨૫/૦૭/૨૦૧૨ દર્શાવેલ છે અને જયાં ભણ્યા હોય તે છેલ્લી શાળા'' અત્રે'' ની તેવી રીતે બતાવેલ છે જેથી આંક–૧૪ ના લીવીંગ સર્ટીફીકેટવાળી પ્રાથમીક શાળા ભોગબનનારની પ્રથમ શાળા જણાય છે તેમાં પણ ભોગબનનારનું જન્મ સ્થળ મુલેર બતાવેલ છે અને પ્રોસીકયુશન તરફે આંક–૪૪ થી સાહેદ નં.૭ તરીકે ભોગબનનારના ભાઈનો પુરાવો થયેલ છે જે ભોગબનનારના મોટા ભાઈ જણાય છે તેમજ આંક–૪૬ થી સાહેદ નં.૮ તરીકે ભોગબનનારના કાકાનો પુરાવો થયેલ છે, આ બંને સાહેદો ભોગબનનારનો જન્મ કંઈ તારીખે અને કયાં ગામમાં થયો તે બાબતે સ્પષ્ટ પુરાવો આપતા નથી, તેમજ આંક–૫૦ થી સાહેદ નં.૧૧ નો પુરાવો થયેલ છે તે તેના પુરાવામાં બનાવ સમયે પોતે ભણતી ન હતી અને પોતે ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કરેલ છે તેમ જણાવે છે, પરંતુ આ સાહેદનો પુરાવો જોતાં તે પોતાની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ જણાવે છે અને ઉલટતપાસમાં કબુલ કરે છે કે, પોતાનો જન્મ મછાસરા થયેલ છે પરંતુ ભોગબનનાર તેના પુરાવામાં પોતાના જન્મની નોંધ ગ્રામ પંચાયતમાં થયેલ છે કે કેમ? તે જણાવતા નથી તેમજ મછાસરામાં જે કોઈ પંચાયત હોય અને જો નગરપાલીકા હોય તો ત્યાં જન્મની નોંધ થયેલ છે કે કેમ? તે બાબતે પણ ભોગબનનાર સ્પષ્ટ જણાવતા નથી તેમજ ભોગબનનારનું આંક–૧૨ તથા ૧૪ થી બંને શાળાના લીવીંગ સર્ટીફીકેટની ખરી નકલ તથા આંક–૧૩થી માધ્યમીક શાળાના જનરલ રજીસ્ટરની ખરી નકલ રજુ થયેલ છે તે આંક–૧૨ થી ૧૪ ના

ડોકયુમેન્ટોમાં ભોગબનનારનું જન્મ સ્થળ મુલેર દર્શાવેલ છે તે શા માટે દર્શાવેલ છે અને ભોગબનનારને પહેલી શાળામાં પ્રવેશ અપાવવા કોણ લઈ ગયેલ અને કોણે ભોગબનનારનું જન્મ સ્થળ મુલેર લખાવેલ છે તે બાબતે કોઈ સ્પષ્ટ પુરાવો ભોગબનનાર આપતા નથી તે જ રીતે સાહેદ નં.૬ કે જે ભોગબનનારના માતૃશ્રી છે તેમજ સાહેદ નં.૭ ભોગબનનારના ભાઈ તેમજ સાહેદ નં.૮ ભોગબનનારના કાકા છે, આ સાહેદો તેના પુરાવામાં ભોગબનનારને સ્કુલમાં કોણ પ્રવેશ અપાવવા ગયેલ અને કોણે જન્મ સ્થળ મુલેર સ્કુલમાં લખાવેલ છે તે બાબતનો કોઈ સ્પષ્ટ પુરાવો આપતા નથી તેમજ ભોગબનનારના પિતા ૨૦૨૦માં ગુજરી ગયેલ છે જેથી તેનો પુરાવો રેકર્ડમાં નથી અને તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૩ કુમાર મણીલાલ વાઘેલા તેના પુરાવામાં ભોગબનનારનુ જન્મ સ્થળ મુલેર છે કે મછાસરા કે મછાડા છે તે બાબતે કોઈ સ્પષ્ટતા કરતા નથી અને ભોગબનનારના લીવીંગ સર્ટીફીકેટ આંક-૧૨ અને ૧૪ અને આંક-૧૩ના જનરલ રજીસ્ટરમાં ભોગબનનારનું જન્મ સ્થળ મુલેર કોણે લખાવેલ છે કે ભોગબનનારને સ્કુલમાં પ્રવેશ અપાવવા કોણ ગયેલ તે બાબતનો કોઈ પુરાવો સ્પષ્ટ રીતે આપતા નથી અને સાહેદ નં.૧૩ કુમાર મણીલાલ વાઘેલા આંક-૧૨ થી શાળા છોડયાનું પ્રમાણપત્ર તથા રજીસ્ટરના ઉતારાની નકલ આપવા યાદી કર્યાનુ અને તે યાદી આંક-૧૨ થી રજુ હોવાનું અને આંક-૧૩ તથા ૧૪ થી શાળા છોડયાનો દાખલો અને રજીસ્ટર રજુ હોવાનું જણાવે છે, પરંતુ આ સાહેદે તેની તપાસમાં ભોગબનનારનો જન્મ કયાં ગામમાં થયેલ તે બાબતની કોઈ તપાસ કે ખરાઈ કર્યાનું જણાતુ નથી અને ઉલટતપાસમાં સાહેદ કબુલ કરે છે કે, જન્મ નોંધણી અંગેના કોઈ પ્રાથમીક પુરાવાની તપાસ કરેલ નથી અને ભોગબનનારની ઉંમર બાબતે કોઈ ઓસીફીકેશન ટેસ્ટ કરાવેલ નથી અને સાહેદ નં.૧૪ તપાસ કરનાર અધિકારી પ્રદીપસિંહ રણુભા વાઘેલા તેના પુરાવામાં ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર મેળવીને વેરીફાઈ કરીને તપાસના કામે રજુ રાખેલ છે તેમ જણાવે છે પરંતુ ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર પ્રોસીકયુશન તરફે રજુ થયેલ નથી

તેમજ ચાર્જશીટ જોતાં ચાર્જશીટમાં પણ કોઈ તલાટી કમ મંત્રી કે જન્મ નોંધણી કરનાર રજીસ્ટારને સાહેદ તરીકે દર્શાવેલ નથી અને ચાર્જશીટ સાજે જે કાગળોની અનુક્રમણીકા પોલીસ ઈન્સ્પેકટર પી.આર.વાઘેલા વાગરા પોલીસ સ્ટેશને રજુ કરેલ છે તેમાં પણ ભોગબનનારના કોઈ ગ્રામ પંચાયત કે નગરપાલીકાનું જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ હોવાનો ઉલ્લેખ નથી તેમજ કોઈ તલાટી કમ મંત્રી કે કોઈ જન્મ મરણ સબ રજીસ્ટારનું કોઈ નિવેદન જો લીધુ હોય તો તેનો પણ ઉલ્લેખ નથી અને ચાર્જશીટ જોતાં ફેરીસમાં ફરીયાદની નકલ સાથે ભોગબનનારના આધારકાર્ડની નકલ છે જે આધારકાર્ડમાં જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ દર્શાવેલ છે અને તે આધારકાર્ડમાંનુ એડ્રેસ મુલેરનું છે તથા સાથે લીવીંગ સર્ટીફીકેટની નકલ છે તેમાં પણ જન્મ સ્થળ મુલેર છે પરંતુ ચાર્જશીટ સાથેના કાગળો જે છે તેમાં ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર કોઈ તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયતે કે કોઈ નગરપાલીકાએ આપેલ હોય અને રજુ કર્યુ હોય તેવુ જણાતુ નથી અને માધ્યીક શાળાના જનરલ રજીસ્ટરની નકલ છે, જેની ખરી નકલ આંક-૧૩ થી રજુ છે તેમજ લીવીંગ સર્ટીફીકેટની નકલ રજુ છે, જેમાં જન્મ સ્થળ મુલેર દર્શાવેલ છે અને જે લીવીંગ સર્ટીફીકેટ આંક-૧૨ થી યાદી સાથે રજુ છે જેથી જે તપાસ કરનાર અધિકારી પ્રદિપ રણુભા વાઘેલા ભોગબનનારનુ જન્મનું પ્રમાણપત્ર મેળવીને વેરીફાઈ કરીને તપાસના કામે રજુ રાખેલ છે તેવુ જણાવેલ છે પરંતુ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૪ તેના પુરાવામાં તે જે જન્મનું પ્રમાણપત્ર મેળવીને ફેરીફાઈ કર્યાનું જણાવે છે તે રજુ કરીને આંકે પડાવતા નથી, માત્ર ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર મેળવીને વેરીફાઈ કરીને તપાસના કામે રજુ રાખેલ હોવાનું જણાવે છે, પરંતુ રેકર્ડમાં ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેના ભોગબનનારના લીવીંગ સર્ટીફીકેટની નકલ, ખરી નકલ તથા સ્કુલનુ જનરલ રજીસ્ટરની નકલ, ખરી નકલ તથા ભોગબનનારના આધારકાર્ડની નકલ છે, જેમાં ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે આંક-૧૨ અને આંક-૧૪ થી ભોગબનનારના લીવીંગ સર્ટીફીકેટની ખરી નકલો તથા આંક-૧૩ થી જનરલ રજીસ્ટરની ખરી

નકલ રજુ થયેલ છે અને આંક–૧૨ થી ભોગબનનારના લીવીંગ સર્ટીફીકેટની ખરી નકલ સાથે યાદી રજુ થયેલ છે પરંતુ આ કામે ભોગબનનારનું કોઇ ગ્રામ પંચાયતનું કે નગર પંચાયત કે નગરપાલીકા કે કોર્પોરેશનનું કોઇ જન્મ નોંધણીનું સર્ટીફીકેટ રજુ થયેલ નથી કે સ્કુલ તરફથી ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર આપેલ હોય તેવુ પણ જન્મનું પ્રમાણપત્ર રજુ થયેલ નથી, ઉપરોકત રીતે શાળા છોડયાના પ્રમાણપત્રની ખરી નકલો રજુ થયેલ છે જેથી આઇ.ઓ. સાહેદ નં.૧૪ પ્રદીપસીંહ રણુભા વાઘેલા ભોગબનનારનું જે જન્મ પ્રમાણપત્ર વેરીફાઇ કર્યાનું રેકર્ડમાં રાખ્યાનું કહે છે તે કયું જન્મનું પ્રમાણપત્ર છે તે સાહેદ નં.૧૪ પ્રદીપસિંહ રણુભા વાઘેલા સ્પષ્ટ રીતે જણાવતા નથી અને પોતે જે જન્મનું પ્રમાણપત્ર વેરીફાઇ કર્યાનું કહે છે અને તે કંઇ જગ્યાએ વેરીફાઇ કર્યુ અને કંઇ રીતે વેરીફાઇ કર્યુ તે પણ સાહેદ નં.૧૪ સ્પષ્ટ રીતે જણાવતા નથી આ હકીકતને સાથે ધ્યાને લેવામાં આવે તો, ભોગબનનારના એક કરતા વધારે જન્મ સ્થળ રેકર્ડ ઉપર પુરાવામાં જણાવવામાં આવે છે જેમાં મુલેર, મછાડ, મછાસરા આ રીતે જણાવામાં આવે છે, પરંતુ પ્રોસીકયુશન તરફે આ બાબતે કોઇ વિશ્વસનીય રીતે સ્પષ્ટતા થતી નથી કે તપાસ કરનાર અધિકારી આ બાબતે કોઇ સ્પષ્ટતા પુરાવામાં કરતા નથી તેમજ ભોગબનનાર કે તેના માતૃશ્રી કે ભોગબનનારના કાકા કે ભાઇ પણ ત્રણ જન્મ સ્થળ પુરાવામાં રેકર્ડમાં આવે છે તે બાબતે કોઇ સ્પષ્ટતા કરતા નથી જેથી ભોગબનનારના જન્મ સ્થળ બાબતે વિરોધાભાસી પુરાવો રેકર્ડમાં આવે છે અને તે રીતે ભોગબનનારના જન્મ સ્થળ બાબતે મહત્વની શંકા ઉભી થાય છે, જે પ્રોસીકયુશનને મુળમાં અસર કરે છે.

૨૩.૧. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૧ આચાર્ય ઇબ્રાહીમ વલી દેસાઇનો પુરાવો થયેલ છે, આ પુરાવામાં ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ની હોવાનું અને ભોગબનનારે ધોરણ ૯માં પ્રવેશ લીધાનું જણાવે છે, પરંતુ આ સાહેદ તરફથી ભોગબનનારને પ્રવેશ અપાવવા કોણ આવેલ અને કોણે જન્મ તારીખ જણાવેલ અને ભોગબનનારને ધોરણ ૯માં પ્રવેશ આપેલ ત્યારે

ભોગબનનાર કે તેના વાલીએ કોઇ પ્રવેશ ફોર્મ ભરેલ કે કેમ? તે બાબતે સાહેદ નં.૧ કોઇ સ્પષ્ટ વિશ્વસનીય પુરાવો આપતા નથી અને સાહેદ નં. ૧ આચાર્યનો પુરાવો જોતાં ભોગબનનારની જન્મની નોંધણી કયાં દસ્તાવેજોના આધારે કરવામાં આવેલી તેવા કોઇ દસ્તાવેજી પુરાવા ભોગબનનારના વાલીએ પોતાની શાળામાં રજુ કરેલ નથી અને જન્મનો કોઇ દાખલો પોતાની શાળામાં રજુ થયેલ નથી અને અગાઉની શાળામાંથી ભોગબનનાર પોતાની શાળામાં અભ્યાસ અર્થે આવેલ જેથી અગાઉની શાળામાં ભોગબનનારના જન્મ અંગે કયા દસ્તાવેજોના આધારે નોંધણી કરેલી તે પોતે કહી શકે નહી અને પોતે રેકર્ડના આધારે જુબાની આપે છે તેમ જણાવે છે, આ સાહેદનો પુરાવો જોતાં આ સાહેદ નં.૧ ની સ્કુલ માધ્યમીક શાળામાં ભોગબનનારે એડમીશન લેતી વખતે કોઇ જન્મનો દાખલો રજુ કરેલ હોવાનું કે કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ હોવાનું જણાતું નથી અને સાહેદ નં.૧ એ ભોગબનનારની પ્રાથમીક શાળાના શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ આંક–૧૪ થી રજુ કર્યાનું જણાવે છે , પરંતુ તે શાળા છોડયાનું પ્રમાણપત્ર સાહેદ નં.૧ ઇબ્રાહીમ વલીભાઇ દેસાઇ સાથે કયાંથી આવેલ છે તેનો સ્પષ્ટ વિશ્વસનીય પુરાવો સાહેદ નં.૧ આપતા નથી તેમજ આંક–૧૪ના પ્રાથમીક શાળાના શાળા છોડયાના સર્ટીફીકેટની નકલમાં ખરી નકલ લખીને આચાર્યની બ્લયુ શાહી થી સીકકો છે અને સાહેદ નં.૧ એ પોતે સહી અને હોદાનું નિશાન કર્યાનું જણાવે છે, પરંતુ આંક–૧૪ નું લીવીંગ સર્ટીફીકેટ જે પ્રાથમીક શાળાનું અને તે અસલ લીવીંગ સર્ટીફીકેટ સાહેદ નં.૧ પાસે આવેલ કે નહી તે બાબત સાહેદ નં.૧ જણાવતા નથી અને ખરી નકલ કરતી વખતે અસલ લીવીંગ સર્ટીફીકેટ જોયેલ કે નહીં સાહેદે તે પણ સાહેદ નં.૧ જણાવતા નથી તેમજ સાહેદ નં.૧ એ આંક–૧૪ નું લીવીંગ સર્ટીફીકેટ કંઇ તારીખે ખરી નકલ કર્યુ તે પણ સાહેદ નં.૧ જણાવતા નથી, તેમજ સાહેદ નં.૧ અગાઉની શાળાના દાખલાની પ્રમાણીત નકલ લાવ્યાનું જણાવી આંક–૧૪ થી જે લીવીંગ સર્ટીફીકેટ રજુ કરેલ છે પરંતુ આ લીવીંગ સર્ટીફીકેટ જેને પોતે ખરી નકલ કરેલ છે તે કોની પાસેથી

મેળવેલ છે તે સ્પષ્ટ જણાવતા નથી અને ભોગબનનાર ધોરણ ૯માં પ્રવેશ લેવા આવેલ ત્યારે આંક–૧૪ નું લીવીંગ સર્ટીફિકટ ભોગબનનારે આપેલ કે તે તેના વાલી આપેલ તેવુ સાહેદ નં.૧ તેના પુરાવામાં જણાવતા નથી અને તેને બદલે સાહેદ નં.૧ ભોગબનનારની જન્મની નોંધણી કયાં દસ્તાવેજોના આધારે કરવામાં આવેલી તેવા કોઇ દસ્તાવેજી પુરાવા ભોગબનનારના વાલીએ પોતાની શાળામાં રજુ કરેલ નથી કે જન્મનો કોઈ દાખલો પોતાની શાળા માં રજુ કરેલ નથી તેમ જણાવે છે જેથી ભોગબનનારની જન્મ તારીખ ૨૫/૦૭/૨૦૦૭ આંક–૧૨ના લીવીંગ સર્ટીફીકેટ તેમજ આંક–૧૩ના જનરલ રજીસ્ટરમાં કયાં જન્મના ડોકયુમેન્ટના આધારે થયેલ છે તે બાબતે પણ મહત્વની શંકા ઉભી થાય છે તેમજ આંક–૧૪ નું શાળા છોડયાનું પ્રમાણપત્ર જે સાહેદ નં.૧ એ રજુ કરેલ છે તે પ્રાથમીક શાળામાં ભોગબનનારની જન્મ તારીખ કોણે કયાં ડોકયુમેન્ટના આધારે લખાવેલ છે અને કોણ પ્રાથમીક શાળામાં ભોગબનનારને પ્રવેશ અપાવવા ગયેલ તે બાબતનો પણ સ્પષ્ટ વિશ્વસનીય પુરાવો રેકર્ડમાં નથી આવતો અને આંક–૧૪નું શાળા છોડયાનું પ્રમાણપત્ર તા.૦૨/૦૫/૨૦૨૦ના રોજ ઇશ્યુ થયાનું જણાય છે અને તેમાં વર્ગ શિક્ષકની અને આચાર્યશ્રીની સહી જણાય છે, પરંતુ આંક–૧૪ નું શાળા છોડયાનું પ્રમાણપત્ર ઇશ્યુ કરનાર આચાર્ય કે વર્ગ શિક્ષક અથવા આંક–૧૪નું શાળા છોડયાના પ્રમાણપત્રની હકીકતથી જાણકાર પ્રાથમીક સ્કુલના કર્મચારીને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી તેમજ આંક–૧૪નો ભોગબનનારનો શાળા છોડયાનો દાખલો ઇશ્યુ કરનાર આચાર્ય કે વર્ગ શિક્ષકની સહીને આઇન્ડેન્ટીફાઇડ અને ટેસ્ટીફાઇડ કરી શકે તેવા પ્રાથમીક શાળાના કર્મચારીને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી અને સાહેદ નં.૧ માધ્યમીક શાળાના આચાર્ય ઇબ્રાહીમ વલીભાઇ દેસાઇ આંક–૧૪નું શાળા છોડયાનું પ્રમાણપત્ર તેમની પાસે કયાંથી આવેલ છે તેનો સ્પષ્ટ વિશ્વસનીય ખુલાસો કરતા નથી તેમજ આંક–૧૪ના શાળા છોડયાના પ્રમાણપત્ર વાળી પ્રાથમીક શાળામાં ભોગબનનારની જન્મ તારીખ

કયાં દસ્તાવેજોના આધારે નોંધાયેલ છે તે સાહેદ નં.૧ કહી શકે નહીં તેમ જણાવે છે અને ભોગબનનારને ધોરણ ૯માં પ્રવેશ આપતી વખતે આંક-૧૪નું શાળા છોડયાનું પ્રમાણપત્ર સાહેદ નં.૧ની સ્કુલમાં જો કોઈએ રજુ કર્યુ હોય તો તે કોણે કર્યુ અને તે શાળા છોડયાનું પ્રમાણપત્ર પ્રાથમીક શાળામાં વેરીફાઈ કરાવેલ છે કે કેમ? તે બાબતે પણ સાહેદ નં.૧ કોઈ વિશ્વસનીય અને સ્પષ્ટ પુરાવો આપતા નથી જેથી સાહેદ નં.૧ નો પુરાવો ભોગબનનારની જન્મ તારીખ બાબતે વિશ્વસનીય જણાતો નથી.

૨૩.૨. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬ ભોગબનનારની જન્મ તારીખ ૨૫/૦૭/૨૦૦૭ જણાવે છે પરંતુ ભોગબનનારની જન્મ તારીખ ૨૫/૦૭/૨૦૦૭ની નોંધણી સંબંધીત ગ્રામ પંચાયત કે પંચાયત કે નગરપાલીકા જો હોય તો તેમાં પોતે કરાવેલ છે કે કેમ? તે સ્પષ્ટ રીતે જણાવતા નથી તેમજ ભોગબનનારને પ્રાથમીક સ્કુલમાં કે માધ્યમીક સ્કુલમાં પ્રવેશ અપાવવા પોતે જાતે ગયેલ કે કેમ? તે પણ સ્પષ્ટ વિશ્વસનીય રીતે જણાવતા નથી તેમજ બંને સ્કુલમાં ભોગબનનારની જન્મ તારીખ કોણે લખાવેલ અને કયાં દસ્તાવેજના આધારે લખાવેલ તે પણ સ્પષ્ટ રીતે જણાવતા નથી અને ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે ભોગબનનારનો જન્મ મછાડામાં થયાનું જણાવે છે અને ભોગબનનાર સાહેદ નં.૧૧ પોતાનો જન્મ મછાસરા મુકામે થયાનું જણાવે છે અને આંક-૧૨,૧૩ અને ૧૪ના સ્કુલના દસ્તાવેજોમાં ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે ભોગબનનારનું જન્મ સ્થળ મુલેર જણાવેલ છે અને પ્રોસીકયુશન તરફે તપાસવામાં આવેલા આ કોઈ સાહેદો પુરાવામાં મછાડા, મછાસરા એક જ ગામ છે કે અલગ અલગ ગામ છે તેવુ પણ સ્પષ્ટ રીતે જણાવતા નથી અને રેકર્ડમાં ત્રણ નામ મુલેર, મછાડા, મછાસરા જન્મ સ્થળ તરીકે આવે છે અને ભોગબનનારના માતૃશ્રી કે જે ફરીયાદી પણ છે તે સાહેદ નં.૬ સ્પષ્ટ વિશ્વસનીય રીતે આ બાબતે કોઈ ખુલાસો કરતા નથી અને ભોગબનનારની જન્મ નોંધણી મછાડામાં ગ્રામ પંચાયતમાં કે પંચાયત હોય તો પંચાયતમાં કે નગરપાલીકા હોય તો

નગરપાલીકામાં કરાવેલ નથી તેવુ પણ સાહેદ નં.૬ સ્પષ્ટ રીતે જણાવતા નથી તેમજ પ્રોસીક્યુશનના સાહેદો ભોગબનનારનો જન્મ મુલેરમાં જો ગ્રામ પંચાયતમાં કે પંચાયત હોય તો પંચાયતમાં કે નગરપાલીકા હોય તો નગરપાલીકામાં કરાવેલ છે તેવુ કે કરાવેલ નથી તેવુ પણ સ્પષ્ટ રીતે જણાવતા નથી અને ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬ ભોગબનનારનો જન્મ મછાડામાં ઘરે થયાનું જણાવે છે તો જો ઘરે જન્મ થયેલ હોય તો તે ઘર કોનુ હતુ? પોતાનું હતુ કે અન્ય કોઈનું હતુ તે બાબતે પણ ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬ જણાવતા નથી અને આંક-૪૧ ની ફરીયાદ જોવામાં આવે તો સાહેદ નં.૬નું સરનામું મુલેર ગામનું જણાવેલ છે અને કયો વિસ્તાર તે પણ જણાવેલ છે અને ફરીયાદ જોતાં મછાડા કે મછાસરા કોનુ ઘર છે તે બાબતે સ્પષ્ટ ફરીયાદમાં જણાવેલ નથી તેમજ ભોગબનનાર સાહેદ નં.૧૧ પોતાનો જન્મ મછાસરામાં થયાનું જણાવે છે તો મછાસરામાં ઘર કોનુ છે તે ભોગબનનાર જણાવતા નથી અને મછાસરામાં જન્મ ઘરે થયો કે હોસ્પીટલમાં થયો તે પણ ભોગબનનાર સ્પષ્ટ જણાવતા નથી અને ભોગબનનારના ભાઈ સાહેદ નં.૭ કે ભોગબનનારના કાકા સાહેદ નં.૮ પણ ઉપરોકત હકીકતે બાબતે સ્પષ્ટ રીતે પુરાવામાં જણાવતા નથી અને આંક-૪૧ ની ફરીયાદ જોતાં તેમાં જે ફરીયાદી/ભોગબનનારનું સરનામું છે તે ફરીયાદીના સરનામામાં મછાડા કે મછાસરા નામનો કોઈ વિસ્તાર હોય તેવો પણ કોઈ ઉલ્લેખ નથી કે મછાડા કે મછાસરા ગામનું નામ હોય તેવો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી અને સાહેદ નં.૬ ભોગબનનારના માતૃશ્રી તેના પુરાવામાં જણાવે છે કે, તેને ચાર સંતાનો છે અને બધા સંતાનોનો જન્મ મછાડા થયેલ છે આ હકીકત જોતાં તમામ સંતાનોના જન્મ મછાડા કહે છે જેથી રેકર્ડ ઉપર જે આંક-૧૨ અને ૧૪ ના શાળા છોડયાના પ્રમાણપત્ર અને આંક-૧૩ના જનરલ રજીસ્ટરમાં ભોગબનનારનું જન્મ સ્થળ મુલેર બતાવેલ છે અને તપાસ કરનાર અધિકારી તરફે મુલેર, મછાડા કે મછાસરા જો ગ્રામ પંચાયત હોય કે પંચાયત હોય કે અન્ય સ્થાનીક સ્વરાજયની સંસ્થા હોય ત્યાં તા.૨૫/૦૭/૨૦૦૭ના રોજની

ભોગબનનારની જન્મ તારીખ અને જન્મની નોંધણી થયેલ છે કે કેમ? તે બાબતે કોઇ ખરાઇ કે તપાસ કરેલ હોય તેવુ પુરાવામાં વિશ્વસનીય રીતે જણાતું નથી અને તેવો કોઇ ગ્રામ પંચાયત કે પંચાયત કે તેવી સ્થાનીક સ્વરાજયની સંસ્થાનો કોઇ પુરાવો તપાસ કરનાર અધિકારીએ રેકર્ડમાં રજુ કરેલ નથી જેથી જો તપાસ કરનાર અધિકારી ઇચ્છતતો ઉપરોકત રીતે ગ્રામ પંચાયત કે પંચાયત કે તેવી સ્થાનીક સ્વરાજયની સંસ્થામાં ભોગબનનારની જન્મ નોંધણી થયેલ છે કે કેમ? તેની તપાસ કરી શકત પરંતુ તપાસ કરનાર અધિકારીએ આવી કોઇ તપાસ કર્યાનું જણાતું નથી કે પ્રોસીકયુશન તરફથી પણ ગ્રામ પંચાયત કે પંચાયત કે તેવી સ્થાનીક સ્વરાજયની સંસ્થાના સંબંધીત જવાબદાર જન્મ નોંધણી કરનાર અધિકારીને તપાસીને ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ ગ્રામ પંચાયત કે પંચાયત કે તેવી સ્થાનીક સ્વરાજયની સંસ્થામાં નોંધાયેલ છે કે કેમ અને જો નોંધાયેલ હોય તો કયાં આધારે નોંધાયેલ છે તેનો પુરાવો પણ રેકર્ડ ઉપર લાવી શકત પરંતુ પ્રોસીકયુશન તરફથી ઉપરોકત બાબતે કોઇ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી અને સાહેદ નં.૧૩ તપાસ કરનાર અધિકારી કુમાર મણીલાલ વાઘેલા અને સાહેદ નં.૧૪ પ્રદિપસિંહ રણુભા વાઘેલા આ ઉપરોકત બાબતે તેના પુરાવામાં કોઇ સ્પષ્ટ પુરાવો આપતા નથી કે સ્પષ્ટતા કરતા નથી તે બાબતે પણ રેકર્ડમાં જણાય છે. જેથી ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ આંક-૧૨ અને આંક-૧૪ના શાળા છોડયાના પ્રમાણપત્રમાં અને આંક-૧૩ના જનરલ રજીસ્ટરમાં જે દર્શાવેલ છે તે સ્કુલમાં કયાં દસ્તાવેજોના આધારે જન્મ તારીખ દર્શાવેલ છે તેનો કોઇ ખુલાસો કે પુરાવો પ્રોસીકયુશન વિશ્વસનીય રીતે કરતું નથી તેમજ ભોગબનનારને સ્કુલમાં પ્રવેશ લેતી વખતે કોઇ જન્મનો દાખલો કે જે ગ્રામ પંચાયત કે પંચાયત કે તેવી સ્થાનીક સ્વરાજયની સંસ્થાએ નોંધણી કરેલ હોય અને તેવો જન્મનો દાખલો હોય અને તે રજુ કરેલ હોય તેવો પુરાવો વિશ્વસનીય રીતે રેકર્ડમાં આવતો નથી તેને બદલે સાહેદ નં.૧ આચાર્ય શ્રી ઇબ્રાહીમ વલી દેસાઇ જન્મ નોંધણી કયા પુરાવાના આધારે કરવામાં આવેલી

તેવા કોઈ દસ્તાવેજી પુરાવા કે જન્મનો કોઈ દાખલો પોતાની સ્કુલમાં રજુ થયેલ નથી અને પ્રાથમીક સ્કુલમાં કયાં દસ્તાવેજના આધારે ભોગબનનારની જન્મ તારીખ નોંધાયેલ તે પોતે જાણતા નથી, આ પુરાવો જોતાં અને સાથે બોમ્બે પ્રાઈમરી એજયુકેશન રૂલ્સ ૧૯૪૯ના રૂલ ૧૩૦ જોવામાં આવે તો, તેમાં જણાવેલ છે કે,

Rule 130 : Age Certificate : Every child seeking admission for the first time into an approved school shall produce a certificate of age signed by its parent. In the case of illiterate parents, the certicates shall bear their thumb impression attested by a literate person other than a teacher of the school to which the child seeks admission. The date of birth given in this certicate shall be entered in the school (General) Register. No subsequent change or alteration therein shall be made except with the sanction of the School Board Chairman. In the case of transfer of pupils from one place to another, the age given in the leaving certificate shall be entered in the register of the new school.

આ ઉપરોકત જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો, ભોગબનનારએ પ્રથમ શાળા એટલે કે, ધોરણ ૧માં પ્રાથમીક શાળામાં પ્રવેશ આપતી વખતે ભોગબનનારના પૅરેટન્સ પાસેથી એજ સર્ટીફીકેટ લેવામાં આવેલ કે નહી તે બાબતનો કોઈ પુરાવો પ્રોસીકયુશન તરફથી રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ નથી કે ધોરણ ૧માં ભોગબનનારે પ્રવેશ લીધો હોય તે પ્રાથમીક સ્કુલના કોઈ સાહેદને તપાસીને ભોગબનનારને જન્મ તારીખ સંબંધીત રેકર્ડ તેની પાસેથી રજુ કરાવેલ નથી તેમજ સાહેદ નં.૧ આચાર્ય ઈબ્રાહીમ વલી પટેલને અગાઉની શાળામાં ભોગબનનારના જન્મ અંગે કયા દસ્તાવેજોના આધારે નોંધણી કરેલી તે કહી શકે નહી તેમ જણાવે છે જેથી કરેલ ચર્ચા ધ્યાને લેતા ભોગબનનારની જન્મ તારીખ પ્રથમ સ્કુલમાં કે જયાં ભોગબનનારે પ્રથમ વખત એડમીશન લીધેલ હોય ત્યાં કયાં દસ્તાવેજના આધારે નોંધાયેલ છે તે પણ વિશ્વસનીય રીતે પુરાવામાં પ્રોસીકયુશન તરફે લાવવામાં આવતુ નથી અને નામદાર ગુજરાત હાઈકોર્ટનો 2023 (0)

AIJEL-HC 247277, State Of Gujarat Versus Lalji Chhaganaji Thakor & 1 Others નો ચુકાદો જોવામાં આવે તો તેમાં જણાવેલ છે કે,

"20. Thus, despite birth certificate, which could have been the best piece of the evidence, the same is not produced by the complainant. Neither the Investigating Officer has gathered the same" તેમજ

"33. Keeping in mind, the aforementioned facts, we may refer to legal precedents as under:-

Jivanlal Chhotalal Patel (supra) "

6. The school leaving certificate for the purpose of proving the age in a criminal trial is useless. This investigating agency must know not from today, but if they had read the other judgments of this Court and if they had read the judgments of any Sessions Judge in regard to the method of investigation in regard to the age they would have learnt as to how the age is required to be proved. But it appears to us clearly and we report that it clearly appears to us in this particular case that they have not done anything to find out and investigate as to what the age of Sushila was. The school certificate which is produced at Exhibit 19 and if the investigating agency had bothered to read that certificate from column No. 6 they would have known that the girl was not admitted for the first time in that school but she came to that school from some other school and the birth-date which was found in that certificate which was brought for the purpose of getting admission in this school that birth-date was noted. The investigating agency must find out as to in which school first she was admitted. This is necessary because under the Bombay Primary Education Act and the Rules made thereunder it is compulsory for the guardian to state the exact date of birth at the time of getting the child admitted and at that time not only produce the evidence as to how a particular date has been given to the school authorities but a statement is also filed in the school under the Act and the Rules and from that statement the investigating agency would be able to know the name of the

person who got the child admitted in the school. That person, is required to be examined in the court and that statement is required to be proved and that person would prove that on a particular date on which he went to the school authorities to get the child admitted, he gave the birth date from a particular source. But the investigating agency is required to go into the matter deep in order to ascertain the truth. If this is not done in the court of law they will never be able to bring the best available evidence which by their own effort they could have got and which they by their own negligence did not bother to get. That investigating agency should not have in any case bothered to file appeal but to improve the investigating method in order that such a result may not follow in all future cases to come."

Alamelu(supra) "

38. We will first take up the issue with regard to the age of the girl. The High Court has based its conclusion on the transfer certificate, Ex.P16 and the certificate issued by PW8 Dr. Gunasekaran, Radiologist, Ex.P4 and Ex.P5. Undoubtedly, the transfer certificate, Ex.P16 indicates that the girl's date of birth was 15th June, 1977. Therefore, even according to the aforesaid certificate, she would be above 16 years of age (16 years 1 month and 16 days) on the date of the alleged incident, i.e., 31st July, 1993. The transfer certificate has been issued by a Government School and has been duly signed by the Headmaster. Therefore, it would be admissible in evidence under Section 35 of the Indian Evidence Act. However, the admissibility of such a document would be of not much evidentiary value to prove the age of the girl in the absence of the material on the basis of which the age was recorded.

39. Considering the manner in which the facts recorded in a document may be proved, this Court in the case of Birad Mal Singhvi Vs. Anand Purohit, 1988 (Supp) SCC 604 observed as follows:-

"The date of birth mentioned in the scholars' register has no evidentiary value unless the person who made the entry or who gave the date of birth is examined Merely because the documents Exs. 8, 9, 10, 11, and 12 were proved, it does not mean that the contents of documents were also proved. Mere proof of the documents Exs. 8, 9, 10, 11 and 12 would not tantamount to proof of all the contents or the correctness of date of birth stated in the documents. Since the truth of the fact, namely, the date of birth of Hukmi Chand and Suraj Prakash Joshi was in issue, mere proof of the documents as produced by the aforesaid two witnesses does not furnish evidence of the truth of the facts or contents of the documents. The truth or otherwise of the facts in issue, namely, the date of birth of the two candidates as mentioned in the documents could be proved by admissible evidence i.e. by the evidence of those persons who could vouchsafe for the truth of the facts in issue. No evidence of any such kind was produced by the respondent to prove the truth of the facts, namely, the date of birth of Hukmi Chand and of Suraj Prakash Joshi. In the circumstances the dates of birth as mentioned in the aforesaid documents have no probative value and the dates of birth as mentioned therein could not be accepted.

xxxxxx....."

<u>Manubhai @ Tinabhai Sankalbhai Solanki</u> (supra)

8. So far as the date of birth of the victim is concerned, it is only from school leaving certificate which deposed by headmaster of primary school PW-9 to the extent that the victim had been admitted by her father in school in the year 1999 and it was recorded accordingly as such. There cannot be any different view for the submissions made by the learned APP that such certificate namely school leaving issued by primary school authority has evidenciary value but such date of birth was only on the basis of statement made by the father of the victim and

not on the basis of any record available from village Panchayat under Registration of Births and Deaths Act, 1969...

10. The record reveals that the school leaving certificate at Exhibit-20 has been produced on record by one Ranjanben Girdharbhai Upadhyay, Assistant Teacher at the Kashibai Vijkorbai Girls School No.1, Rajula. The said witness has deposed that the date of birth of the victim as entered in the school register is 5th October, 1982. During the course of her cross- examination, she has admitted that no details with regard to how the victim came to be admitted have been stated in the register. She has also admitted that at the time when she came to be admitted, no statement on oath with regard to Bhavna s birth date has been obtained because there is no such practice in their school. She has further admitted that there is no supporting evidence to show as to on what basis Bhavna s birth date had been entered in the school register."

Mulji @ Mahesh Vajubhai Kathrotia(supra)

11. Thus, from the testimony of the said witness, it is evident that there is no material on the record of the school to indicate as to on what basis, the birth date came to be entered in the school register. From the testimony of Savitaben Tapubhai, mother of the victim, it emerges that her sister - Raliyatben was the first wife of her husband, however, since for thirty five years, she (Raliyatben) did not bear any children, her parents had got her (Savitaben) married to Tapubhai. She has further deposed that Raliyatben had gone for Bhavna s admission to the school and it was she who had given her birth date. She has further deposed that she is not aware as to what was Bhavna s age at the time when she was admitted in the school. Thus, from the evidence of the said witness, what emerges is that at the time when the victim came to be admitted in the school, it was Raliyatben who had gone for the purpose of her admission. Under the circumstances, in the light of the principles enunciated by this

court in the case of State of Gujarat v. Jivanlal Chhotalal Patel (supra), Raliyatben was required to be examined in the court so as to prove that on a particular date, she had gone to the school authorities to get the victim admitted and that she had given the birth date from a particular source. However, Raliyatben has not been examined in the present case to prove the basis on which she had given the birth date of the victim.

12. Apart from the above, a perusal of the provisions of the Bombay Primary Education Rules and more particularly, rule 130 thereof, reveals that every child seeking admission for the first time into an approved school is required to produce a certificate of age signed by its parents. In the case of illiterate parents, the certificates are required to bear their thumb impression attested by a literate person other than a teacher of the school to which the child seeks admission. It is the date of birth given in this certificate which is required to be entered in the school (General) Register. Thus, at the time when the child seeks admission for the first time into an approved school, the birth date is required to be entered on the basis of a certificate of age signed by its parents. In the facts of the present case, from the testimony of Ranjanben Girdharbhai Upadhyay, it is evident that no such certificate signed by the parents of the victim had been obtained at the time when admission was sought in the school. Under the circumstances, the entry made in the school register with regard to the date of birth of the victim is not in consonance with the provisions of Bombay Primary Education Rules."

34. We may further notice that even with reference to Section 35 of the Indian Evidence Act, a public document has to be tested by applying the same standard in civil as well as criminal proceedings. In this context, it would be appropriate to notice the observations made by this Court in the case of Ravinder

Singh Gorkhi Vs. State of U.P., (2006) 5 SCC 584 held as follows:-

"The age of a person as recorded in the school register or otherwise may be used for various purposes, namely, for obtaining admission; for obtaining an appointment; for contesting election; registration of marriage; obtaining a separate unit under the ceiling laws; and even for the purpose of litigating before a civil forum e.g. necessity of being represented in a court of law by a guardian or where a suit is filed on the ground that the plaintiff being a minor he was not appropriately represented therein or any transaction made on his behalf was void as he was a minor. A court of law for the purpose of determining the age of a party to the lis, having regard to the provisions of Section 35 of the Evidence Act will have to apply the same standard. No different standard can be applied in case of an accused as in a case of abduction or rape, or similar offence where the victim or the prosecutrix although might have consented with the accused, if on the basis of the entries made in the register maintained by the school, a judgment of conviction is recorded, the accused would be deprived of his constitutional right under Article 21 of the Constitution, as in that case the accused may unjustly be convicted."

35. The conspectus of the legal precedents as mentioned herein above is as under:-

The school leaving certificate issued by the statutory authority which is running a government school or by local body is admissible under Section 35 of the Evidence Act. However, the admissibility of such a document would be of not much evidentiary value to prove the age of the girl in the absence of the further corroborative evidence. The person who made the entry and who gave the date of birth is required to be examined. Such person who is supporting the date of birth recorded in the school leaving certificate has to disclose the source of date of

birth. As per the provisions of Bombay Primary Education Rules and more particularly, rule 130 thereof, reveals that every child seeking admission for the first time into an approved school is required to produce a certificate of age signed by its parents. In the case of illiterate parents, the certificates are required to bear their thumb impression attested by a literate person other than a teacher of the school to which the child seeks admission. It is the date of birth given in this certificate which is required to be entered in the school (General) Register. Thus, at the time when the child seeks admission for the first time into an approved school, the birth date is required to be entered on the basis of a certificate of age signed by its parents. This is necessary because under the Bombay Primary Education Act and the Rules made there under it is compulsory for the guardian to state the exact date of birth at the time of getting the child admitted and at that time not only produce the evidence as to how a particular date has been given to the school authorities but a statement is also filed in the school under the Act and the Rules. The investigating officer is required to collect the evidence as who got the date of birth recorded in the school, and has to collect the record available from the local body which recorded the date of birth under Registration of Births and Deaths Act, 1969."

ઉપરોકત ચુકાદાનો સિધ્ધાંત અને કરેલ ચર્ચા ધ્યાને લેતા આંક-૧૨ અને ૧૪ ના ભોગબનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની ખરી નકલ અને આંક-૧૩ નું સ્કુલનું જનરલ રજીસ્ટર રજુ કરવાથી અને પડેલ પુરાવો જોતાં, ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ની હોવાનું પ્રોસીકયુશન નિ:શંકપણે પુરવાર કરી શકતુ નથી.

૨૪. ઉપરોકત હકીકતે જોવામાં આવે તો, પ્રોસીકયુશન ભોગબનનારની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ નિ:શંકપણે પુરવાર કરી શકતુ નથી અને આ કામે ભોગબનનારની બનાવ વખતે ઉંમર ૧૭ વર્ષ ૨૯ દિવસની

હોવાનું અને તે રીતે ૧૮ વર્ષથી નીચેની ઉંમરની સગીર વયની ભોગબનનાર હોવાનું પુરવાર કરવાનો બોજો પણ પ્રોસીકયુશન ઉપર છે અને ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેવામાં આવે અને સાહેદ નં.૧ આચાર્ય ઈબ્રાહીમભાઈ વલીભાઈ દેસાઈનો ઉપરોકત જણાવ્યા પ્રમાણેનો પુરાવો થયેલ છે, આ સાહેદ ભોગબનનારની ઉંમર કયારે કેટલી હતી તે બાબતે સ્પષ્ટ ઉંમર નથી જણાવતા જન્મ તારીખ જણાવેલ છે તેમજ આંક–૧૯ થી સાહેદ નં.ર અર્પણા દિલીપભાઈ પટેલનો પુરાવો થયેલ છે, આ સાહેદ ભોગબનનારની મેડીકલ તપાસ કરનાર ડોકટર છે અને તેનો પુરાવો જોવામાં આવે તો, ભોગબનનારની તપાસણી સમયે ઉંમર ૧૭ વર્ષ અને ર૯ દિવસની હતી તેવુ મૌખીક પુરાવામાં જણાવે છે અને ઉલટતપાસમાં ભોગબનનારની ઉંમર બાબતે કોઈ ઓસીફીકેશન ટેસ્ટ માટે કોઈ અભિપ્રાય કરેલ નથી તેમ જણાવે છે તેમજ આંક–ર૦ થી પોલીસ યાદી રજુ કરે છે જેમાં તપાસ કરનાર અધિકારી કે.એમ.વાઘેલાએ ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ અને ર૯ દિવસ યાદીમાં લખેલ છે અને આંક–ર૧ થી મેડીકલ કેસ પેપર રજુ કરેલ છે તેમાં મેડીકલ કેસ પેપર સાહેદ નં.ર એ રજુ કરેલ છે તેમાં ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ બતાવેલ છે તેમજ સાહેદ નં.૩ થી પ્રવિણભાઈ સોમાભાઈ તડવી પી.એસ.ઓ.ને તપાસેલ છે, આ સાહેદ આંક–રપ થી સ્ટેશન ડાયરીની ખરી નકલ રજુ કરેલ છે જેમાં ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ અને ર૯ દિવસનો ઉલ્લેખ છે, આ સાહેદ નં.૩ મૌખીક પુરાવામાં ભોગબનનારની ઉંમર જણાવતા નથી તેમજ આંક–ર૬ થી સાહેદ નં.૪ તરીકે ડો.મુબીન ફઝલ મહંમદ ખત્રીને તપાસવામાં આવેલ છે, આ સાહેદે ભોગબનનાર તથા આરોપીની મેડીકલ તપાસ કરેલ છે અને આ સાહેદ ભોગબનનારની ઉંમર મેડીકલ તપાસ વખતે કેટલી હતી, બનાવ વખતે કેટલી હતી તે બાબતે મૌખીક રીતે પુરાવામાં સ્પષ્ટ ઉંમર સાથે જણાવતા નથી, આ સાહેદ આંક–ર૦ થી પોલીસ યાદી રજુ કરે છે, આંક–ર૦ની પોલીસ યાદીમાં ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ અને ર૯ દિવસ દર્શાવેલ છે તેમજ આંક– ર૩થી મેડીકલ સર્ટીફીકેટ રજુ હોવાનું જણાવે છે, જેમાં

ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ ૨૯ દિવસ દર્શાવેલ છે તેમજ ઉલટતપાસ જોતાં ભોગબનનારના જન્મ બાબતના કોઇ પુરાવા પોતાની સમક્ષ રજુ થયેલા નહીં તેમ જણાવે છે, તેમજ આંક–૩૨ થી સાહેદ નં.૫ તરીકે પંચ સાહેદ મહંમદ ઉસ્માન દાઉદભાઇ પટેલનો પુરાવો થયેલ છે, આ સાહેદ તેના પુરાવામાં ભોગબનનારની ઉંમર બાબતે જણાવતા નથી તેમજ પ્રોસીકયુશન તરફે આંક–૪૦ થી સાહેદ નં.૬ તરીકે ભોગબનનારની માતૃશ્રીનો ઉપરોકત ચર્ચા કર્યા મુજબનો પુરાવો થયેલ છે, આ સાહેદ બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલો તેમ જણાવે છે, પરંતુ પોતાના મૌખીક પુરાવામાં બનાવ વખતે કે પોતે જુબાની આપે છે ત્યારે ભોગબનનારની ઉંમર કેટલી છે તે બાબતે સ્પષ્ટ, વિશ્વસનીય રીતે ઉંમર જણાવતા નથી અને આંક–૪૧ થી ફરીયાદ રજુ કરે છે અને આંક–૪૧ ની ફરીયાદ જોતા તેમાં ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ અને ૨૯ દિવસ જણાવેલ છે, ફરીયાદ તા.૨૩/૦૮/૨૦૨૪ ની છે તેમજ પ્રોસીકયુશન તરફે આંક–૪૪ થી સાહેદ નં.૭ તરીકે ભોગબનનારના ભાઇનો પુરાવો થયેલ છે જે ભોગબનનાર નાની બહેન હોવાનું જણાવે છે આ સાહેદ તેના મૌખીક પુરાવામાં ભોગબનનારની બનાવ વખતે ઉંમર કેટલી હતી કે પોતે જુબાની આપે છે ત્યારે ભોગબનનારની ઉંમર કેટલી છે તે બાબતનો સ્પષ્ટ મૌખીક પુરાવો ભોગબનનારની ઉંમર જણાવીને આપતા નથી તે જ રીતે આંક–૪૬ થી સાહેદ નં.૮જે ભોગબનનારના કાકા છે તે પણ ભોગબનનારની ઉંમર તેના મૌખીક પુરાવામાં જણાવતા નથી તેમજ સાહેદ નં.૯ નઝીર અહમદ ભગત વોરા પટેલનો આંક–૪૭ નો પુરાવો જોતાં તે પ્રોસીકયુશનના કેસને સમર્થન કરતા નથી તેમજ ભોગબનનારની ઉંમર પણ પુરાવામાં જણાવતા નથી તે જ રીતે સાહેદ નં.૧૦ રૂકસાના સલીમભાઇ વોરા પટેલનો આંક–૪૮ થી પુરાવો થયેલ છે અને આરોપી મુસ્તકીમ તેમનો ભત્રીજો થાય છે તેમ જણાવે છે, આ સાહેદના પુરાવામાં પણ ભોગબનનારની ઉંમર જણાવતા નથી તેમજ આ સાહેદ ફરી ગયેલા પણ જાહેર થયેલ છે તેમજ આંક–૫૦ થી સાહેદ નં.૧૧ તરીકે ભોગબનનારનો પુરાવો થયેલ છે અને

ભોગબનનારની જુબાની તા.૨૯/૦૭/૨૦૨૫ના રોજ થયેલ છે, ભોગબનનાર તેના મૌખીક પુરાવામાં કોઝ ટાઇટલમાં ૧૯ મું વર્ષ રનીંગ તેવુ જણાવે છે પરંતુ સોંગદ આપ્યા બાદ પુરાવામાં બનાવ વખતે પોતાની ઉંમર કેટલી હતી તે સ્પષ્ટ રીતે જણાવતા નથી, જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ જણાવે છે અને આ સાહેદના પુરાવામાં તેનુ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન રજુ થયેલ છે, તેમાં ભોગબનનાર તેનુ નામ અને ઉંમર ૧૭ વર્ષ દર્શાવેલ છે પરંતુ નિવેદન જોતા તેમાં જણાવેલ છે કે, '' મારું નામ xxx ઉ.વ.૧૭ રહે. મુલેર, તા.વાગરાના મારા ધર્મના સોંગદ પર જણાવું છે કે, હું મુસ્તકીમને છેલ્લા એક વર્ષથી ઓળખું છું અમારા વચ્ચે પ્રેમ સંબંધ હતો મુસ્તકીમે મને મેસેજ કરી કરીને કન્ફ્યુઝ કરી નાંખેલી તેણે મને કહેલ કે આપણે ભાગી જઇએ. પછી અમે ભાગી ગયેલા. અમે ભાગીને લુવાળા–નબીપુર ગયેલા. ત્યાંથી અમે કોર્ટ મેરેજ કરવા ગયેલા પરંતુ મારી ઉંમર નાની હોય એટલે લગ્ન કરાવવાની ના પાડેલી. પછી મારી ઉંમર નાની હોય પો.સ્ટે. જાતે હાજર થઇ મને મારા મારા–પિતાને સોંપી દીધેલી. અમે ભાગીને ગયા પછી મારી મરજીથી મુસ્તકીમે મારી સાથે શારીરીક સંબંધો બાંધેલા. ઉપરોકત નિવેદન મેં સ્વેચ્છાએ કોઇના કોઇ પણ જાતના દાબ દબાણ વગર સમજી વિચારીને આપેલ છે. સદર નિવેદન મેં જાતે વાંચી સાચુ હોવાનુ કબુલ રાખી તેના પર સહી કરુ છું''. આ ઉપરોકત રીતે ભોગબનનારનુ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ નું નિવેદન જે તા.૦૪/૦૯/૨૦૨૪નું છે અને તેમાં ભોગબનનાર નામ સાથે ઉંમર વર્ષ ૧૭ દર્શાવેલ છે પરંતુ ત્યારબાદ નિવેદન જોતાં પોતાની ઉંમર નાની હોય તેવો ઉલ્લેખ કરેલ છે તેવી રીતે દર્શાવેલ છે તેમજ આંક–૫૪ થી સાહેદ નં.૧૨ અનીતાબા કનકસિંહ જાડેજા પી.એસ.આઇ.નો પુરાવો થયેલ છે આ સાહેદ તેના મૌખીક પુરાવામાં ભોગબનનારની ઉંમર જણાવતા નથી અને ઉલટતપાસમાં કબુલ કરે છે કે, જન્મની નોંધણી અંગે કોઇ પ્રાથમીક પુરાવાની તપાસ કરેલ નથી અને ભોગબનનારની ઉંમર બાબતે કોઇ ઓસીફીકેશન ટેસ્ટ કરાવેલ નથી

અને આંક–૫૫ થી સાહેદ નં.૧૩ તરીકે કુમાર મણીલાલ વાઘેલા તપાસ કરનાર અધિકારીનો પુરાવો થયેલ છે તેનો મૌખીક પુરાવો જોવામાં આવે તો તે પુરાવામાં ભોગબનનારની ઉંમર બનાવ વખતે કેટલી હતી તે જણાવતા નથી અને ઉલટતપાસમાં કબુલ કરે છે કે જન્મ નોંધણી અંગે કોઇ પ્રાથમીક પુરાવાની તપાસ કરેલ નથી અને ભોગબનનારની ઉંમર બાબતે કોઇ ઓસીફીકેશન ટેસ્ટ કરાવેલ નથી અને આંક–૬૧ થી સાહેદ નં.૧૪ તરીકે પ્રદિપસિંહ રણુભા વાઘેલાનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં મૌખીક રીતે પુરાવામાં ભોગબનનારની બનાવ વખતે ઉંમર કેટલી હતી તે જણાવતા નથી અને કબુલ કરે છે કે, ભોગબનનારની ઉંમર બાબતે કોઇ ઓસીફીકેશન ટેસ્ટ કરાવેલ નથી. આ રીતે જે પ્રોસીકયુશનના સાહેદોના મૌખીક પુરાવા રેકર્ડમાં આવેલ છે તેને ઘ્યાને લેવામાં આવે અને ભોગબનનારની જન્મ તારીખ પ્રોસીકયુશને નિ:શંકપણે પુરવાર કરેલ નથી તે સંજોગો સાથે ઘ્યાને લેતા અને ભોગબનનાર પણ તેના મૌખીક પુરાવામાં બનાવ વખતે પોતાની ઉંમર શું હતી તે સ્પષ્ટ અને વિશ્વસનીય રીતે જણાવતા નથી જેથી કરેલ ચર્ચા સાથે ઘ્યાને લેતા અને ઉપરોકત જે પુરાવા રેકર્ડમાં આવેલ છે તે ઘ્યાને લેતા ભોગબનનારની આક્ષેપીત બનાવ વખતે ઉંમર બાબતે પણ વિશ્વસનીય પુરાવો રેકર્ડમાં આવતો નથી અને પ્રોસીકયુશનના સાહેદોના પુરાવામાં પણ ઉંમર બાબતે એક સુત્રતા જણાતી નથી જેથી કરેલ ચર્ચા, રેકર્ડ અને પુરાવો ઘ્યાને લેતા પ્રોસીકયુશન આક્ષેપીત બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ ૨૯ દિવસ હોવાની કે ભોગબનનાર આક્ષેપીત બનાવ વખતે ૧૮ વર્ષથી નીચેની ઉંમરની હોવાનુ પણ નિ:શંક પણે પુરવાર કરી શકતા નથી.

૨૫. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે અને આરોપીઓ સામે જે તહોમતનામું છે તેને સાથે ઘ્યાને લેવામાં આવે અને પ્રોસીકયુશન ભોગબનનારની જન્મ તારીખ કે બનાવ વખતે ભોગબનનારની ઉંમર કે ભોગબનનાર બનાવ વખતે સગીર હોવાનું પ્રોસીકયુશન નિ:શંકપણે

પુરવાર કરી શકેલ નથી તે ધ્યાને રાખી જે પ્રોસીકયુશનના સાહેદોનો પુરાવો થયેલ છે તે જોવામાં આવે તો, ભોગબનનારનો આંક–૫૦ થી સાહેદ નં.૧૧ તરીકે ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે પુરાવો થયેલ છે અને તેમાં ભોગબનનાર જણાવે છે કે, આરોપી લુવારા ગામે તેના ફોઇના ઘરે લઇ ગયેલો જયાં પોતાની સાથે ખરાબ કૃત્ય કરેલુ અને તે પોતાને ઉપર લઇ ગયેલો અને પોતાની સાથે જોર જબરજસ્તી કરેલી તેમ જણાવે છે અને આરોપીના ઘરવાળા પોલીસ સ્ટેશન લઇ ગયા હતા અને આરોપીના ફોઇના ઘરે હતી ત્યારે તેણે પોતાને ટોર્ચર કરેલી તેવુ પણ જણાવે છે અને આ ભોગબનનારનો પુરાવો જોતાં જે ફોઇના ઘરે આરોપીએ ખરાબ કૃત્ય કર્યાનું અને જોર જબરજસ્તી કર્યાનું જણાવે છે પરંતુ ખરાબ કૃત્ય શું કરેલુ અને શું જોર જબરજસ્તી ફોઇને ત્યાં કરેલી તેવુ તે વખતે સ્પષ્ટ ભોગબનનાર જણાવતા નથી તેમજ ફોઇના ઘરે તેણે ટોર્ચર કરી હતી, શું ટોર્ચર કરી તે બાબતે ભોગબનનાર સ્પષ્ટ રીતે જણાવતા નથી ત્યારબાદ ભોગબનનારને પુછવામાં આવેલ કે, આરોપીએ તમારી સાથે બદકામ કેટલી વાર કરેલુ તેના જવાબમાં ભોગબનનાર બે વાર જણાવે છે પરંતુ આ બદકામ બે વાર આરોપીએ કંઇ જગ્યાએ અને કયાં સમયે કરેલ તે ભોગબનનાર સ્પષ્ટ રીતે સમય અને જગ્યા સ્પષ્ટ અને વિશ્વસનીય રીતે જણાવતા નથી તેમજ આ કામે બે આરોપી છે,પરંતુ લુવારા ગામે આરોપી તેમના ફઇના ઘરે લઇ ગયેલ તેવુ જણાવે છે, તો કયો આરોપી લઇ ગયેલ તે સ્પષ્ટ રીતે નામ ભોગબનનાર જણાવતા નથી, પછી તેમની સાથે ખરાબ કૃત્ય કયાં આરોપીએ કરેલ તેવુ સ્પષ્ટ નામ જણાવતા નથી તેમજ તેને ઉપર લઇ ગયેલ અને જોર જબરજસ્તી કરેલી તો તે કયાં આરોપીએ કરેલી અને કયાં સમયે કરેલી તે પણ સ્પષ્ટ આરોપીના નામ સાથે જણાવતા નથી, તેમજ આરોપી લુવારા ગામે ફોઇને ત્યાં લઇ ગયેલ તો કંઇ તારીખે અને કયાં સમયે લઇ ગયેલ તે પણ ભોગબનનાર સ્પષ્ટ રીતે તારીખ, સમય સાથે જણાવતા નથી, એક આરોપી લઇ ગયેલ કે બે આરોપી લઇ ગયેલ અને કંઇ જગ્યાએથી અને કંઇ રીતે લઇ ગયેલ તે પણ ભોગબનનાર સ્પષ્ટ અને વિશ્વસનીય રીતે જણાવતા નથી તેમજ

ટોર્ચર કર્યાનું કહે છે તો કયાં આરોપીએ કયાં સમયે શું ટોર્ચર કર્યુ તે વિગત પણ ભોગબનનાર સ્પષ્ટ રીતે મૌખીક પુરાવામાં જણાવતા નથી અને આરોપીએ બે વાર બદકામ કરેલુ તેમ જણાવે પરંતુ કયા આરોપીએ કરેલુ તેનુ નામ પણ ભોગબનનાર સ્પષ્ટ રીતે જણાવતા નથી તેમજ ભોગબનનારનો પુરાવો જોતાં તે જણાવે છે કે, આરોપીના ઘરવાળા પોતાને પોલીસ સ્ટેશન લઈ ગયેલ પરંતુ કયાં આરોપીના ઘરવાળા લઈ ગયેલ તે આરોપીનું નામ જણાવતા નથી તેમજ આરોપીના ઘરવાળા ભોગબનનારને કઈ રીતે મળેલ કે ભોગબનનાર આરોપીના ઘરવાળા સુધી કઈ રીતે પહોંચ્યા તે પણ ભોગબનનાર સ્પષ્ટ અને વિશ્વસનીય રીતે જણાવતા નથી તેમજ ભોગબનનાર જણાવે છે કે,'' આરોપીના ઘરવાળાઓએ મને શીખવાડેલુ હતુ કે પોલીસ સ્ટેશનમા અમારુ શીખવાડેલુ બોલજે તેમ કહ્યુ હતુ અને તુ મારી સાથે નહી આવે તો હુ ઝેર પીને મરી જઈશ તેવુ બોલજે તેવુ શીખવાડેલુ'' આ રીતે ભોગબનનાર જણાવે છે પરંતુ કયાં આરોપીના ઘરવાળાએ શીખવાડેલુ અને તે ઘરવાળાનુ નામ શુ છે અને કયાં સમયે અને કંઈ જગ્યાએ શીખવાડેલ તે બાબતે પણ ભોગબનનાર સ્પષ્ટ અને વિશ્વસનીય પુરાવો આપતા નથી તેમજ વધુમાં જણાવે છે કે,'' આરોપીના ઘરવાળાઓએ મને શીખવાડેલુ કે તુ તારા ઘરે જઈશ તો તને તારા ઘરવાળા મારી નાખશે પરંતુ હુ મારા ઘરે ગેયલી તો મને કોઈએ ટોર્ચર કરેલુ નહી'' આ રીતે ભોગબનનાર જણાવે છે પરંતુ કયા આરોપીના કયા ઘરવાળાએ કઈ જગ્યાએ કયા સમયે શીખવાડેલ તે બાબતનો ભોગબનનાર કોઈ સ્પષ્ટ અને વિશ્વસનીય પુરાવો આપતા નથી અને ભોગબનનાર જણાવે છે કે, તેમણે મેજીસ્ટ્રેટ શ્રી રૂબરૂ નિવેદન લખાવેલ તે નિવેદન ઉપરોકત પેરા નં.૨૪માં દર્શાવેલ છે અને નિવેદન જોવામાં આવે તો, ભોગબનનાર તેમાં મુસ્તકીમને છેલ્લા એક વર્ષથી ઓળખતા હોવાનું અને તે બંને વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું પણ જણાવે છે અને બંને ભાગી ગયેલાનુ અને કોર્ટ મૅરેજ કરવા ગયેલાનુ પણ જણાવે છે અને આ ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ નુ નિવેદન જોવામાં આવે તો, આરોપી નં.૧ મુસ્તકીમ

મહેબુબ વલી પટેલને ભોગબનનાર એક વર્ષથી ઓળખતા હોવાનુ અને બંને વચ્ચે પ્રેમ સંબંધ હોવાનુ અને બંને લગ્ન કરવા માંગતા હોવાનુ જણાય છે અને ભોગબનનાર સાહેદ નં.૧૧ તેના આંક-૫૦ના પુરાવામાં ઉલટતપાસમાં બનાવ પહેલાના બે-ત્રણ પહેલાથી પોતે આરોપી મુસ્તકીમને ઓળખતી હોવાનું જણાવે છે અને આંક-૫૧ના મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂના નિવેદનમાં પોતે મુસ્તકીમને એક વર્ષથી ઓળખતી હોવાનુ અને પ્રેમ સંબંધ હોવાનું જણાવે છે અને આંક-૨૩ના મેડીકલ સર્ટીફીકેટમાંની હિસ્ટ્રીમાં પણ મુસ્તકીમને લગભગ એક વર્ષથી ઓળખતા હોવાનું જણાવે છે જેથી તે રીતે ભોગબનનાર આરોપીનં.૧ને કયારથી ઓળખે છે તે બાબતે પણ વિરોધાભાસી પુરાવો આપે છે અને ભોગબનનાર સાહેદનં.૧૧નો પુરાવો જોતાં આરોપી ફોઈના ઘરે લઈ ગયાનુ, પોતાની સાથે ખરાબ કૃત્ય કર્યાનું જોર જબરજસ્તી કર્યાનુ જણાવે છે અને બે વાર બદકામ કર્યાનુ પણ જણાવે છે તેમજ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે ટોર્ચર કર્યાનુ પણ જણાવે છે, ભોગબનનારનુ આંક-૫૧નુ મેજીસ્ટ્રેટ શ્રી રૂબરૂનુ નિવેદન અને ભોગબનનારનો ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેનો પુરાવો જોતા પુરાવામાં એકસુત્રતા જણાતી નથી અને આરોપી નં.૧ મુસ્તકીમ મહેબુબ વલી તથા ભોગબનનાર વચ્ચે પ્રેમ સંબંધ હોય તે જણાય છે જેથી જે ભોગબનનાર જોર જબરજસ્તીની હકીકત પુરાવામાં જણાવે છે તેમાં મહત્વની શંકા ઉભી થાય છે તેમજ ભોગબનનાર પોતે મેડીકલ કરાવવા ગયાનું અને ડોકટરને હિસ્ટ્રી જણાવ્યાનુ જણાવે છે અને આ કામે આંક-૨૩ થી ભોગબનનારનું મેડીકલ સર્ટીફીકેટ રજુ થયેલ છે અને તેમાં ભોગબનનારે ડોકટર સમક્ષ જે હિસ્ટ્રી જણાવેલ છે તેમાં જણાવેલ છે કે,'' હુ મુસ્તકીમને લગભગ એક વર્ષથી ઓળખુ છું. અમે whatsapp મારફતે વિડીયો કોલ અને મેસેજ કરતા હતા તા ૨૦ થી ૨૨ ની વચ્ચે મારી મુસ્તકીમની વાતચીતમાં મે એમને મારી શાદી બીજે થઈ જવાના ડરથી લઈ જવાનુ કેહતા. અમે બંને 23/8/24 ના વહેલી સવારે મુલેરથી ભાગી ગયા હતા. ટ્રક મારફતે અમે ભરૂચ પહોચ્યા પછી રીક્ષા મારફતે ત્યાંથી લુવારા મુસ્તકીમના ફોઈના ઘરે પહોંચ્યા હતા.

<u>અમે ત્યાંજ અમે આખુ અઠવાડીયુ રોકાયા હતા. ત્યાં પહોચ્યાના બીજા દિવસે અમે શારીરીક સંબંધ રાખ્યો હતો. પછી પોલીસ કેસની જાણ થતા અમે 29/8/24 તારીખે પોલીસ સ્ટેશન પર હાજર થયા હતા''</u>.

આ ઉપરોકત ભોગબનનારની મેડીકલ ઓફીસરશ્રી સમક્ષની જે હિસ્ટ્રી છે તેને ધ્યાને લેવામાં આવે અને આ ભોગબનનારની મેડીકલ તપાસ સાહેદ નં.૪ ડો. મુબીન ફઝલ મહંમદ ખત્રીએ કરેલ છે તેમજ સાહેદ નં.૨ અર્પણા દિલીપભાઇ પટેલએ કરેલ છે અને આંક–૨૩નું મેડીકલ સર્ટીફીકેટ ડો.અર્પણા દિલીપભાઇ પટેલે રજુ કરેલ છે અને આંક–૨૩ના મેડીકલ સર્ટીફીકેટમાં ડો. મુબીન ફઝલ મહંમદ ખત્રીની તથા ડો. અર્પણા દિલીપભાઇ પટેલની સહી હોવાનું જણાય છે અને આ ભોગબનનારની મેડીકલ હિસ્ટ્રી જોતાં તે આરોપી નં.૧ મુસ્તકીમને એક વર્ષથી ઓળખે છે અને વોટસએપ મારફતે વિડીયો કોલ અને મેસેજ બંને કરતા હોવાનું જણાવે છે અને ભોગબનનાર પોતાની શાદી બીજે થવાના ડરથી લઇ જવાનું કહેલ હોવાનુ પણ જણાવે છે અને આ મેડીકલ હિસ્ટ્રી જોવામાં આવે તો ભોગબનનારએ સંમતીથી વાતચીત કરતા હોવાનું શાદી થઇ જવાના ડરે ભોગબનનારે લઇ જવાનું કીધેલ હોવાનુ અને સંમતીથી ગયાનું અને શારીરીક સંબંધ રાખ્યાનુ જણાવે છે જયારે ભોગબનનાર તેના સાહેદ નં.૧૧ તરીકેના સોંગદ ઉપરના પુરાવામાં જે ખરાબ કૃત્ય કર્યાનું કે જોરજબરજસ્તી કર્યાનું જણાવે છે તે રેકર્ડ ઉપરનો પુરાવો અને કરેલ ચર્ચા જોતા વિશ્વસનીય જણાતુ નથી તેમજ ખરૂ જણાતુ નથી અને ભોગબનનારના પુરાવામાં એકસુત્રતા જણાતી નથી.

૨૬. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનાર તેની ઉલટતપાસમાં પોતાના બીજે લગ્ન નકકી કર્યા હતા તે છોકરો ગમતો ન હતો જેથી પોતે તેને ધમકી આપેલ કે જો તુ પોતાને લેવા નહી આવે તો પોતે દવા પીને મરી જશે તેવુ તા.૨૯/૦૮/૨૦૨૪ના પોતાના નિવેદનમાં લખાવ્યાનુ જણાવે છે અને ત્યારબાદ સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપીના કહેવાથી અને દબાણથી પોતે લખાવેલુ અને પોતાના

લગ્ન નક્કી કર્યા હતા તે છોકરો પોતાને ગમતો હતો તેવુ જણાવે છે અને આ ભોગબનનારનું તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૩ કે.એમ.વાઘેલા રૂબરૂ પ્રશ્ન જવાબથી તા.૨૯/૦૮/૨૦૨૪ના રોજ ભોગબનનારનું નિવેદન લેવાયેલ છે અને તે વિડીયોગ્રાફીથી મહીલા આગેવાન અરૂણાબેન અશોકભાઇ પટેલ અને વુમન પોલીસ સબ ઇન્સ્પેકટર એ.કે.જાડેજાની હાજરીમાં લેવામાં આવેલાનુ દર્શાવેલ છે અને તેમાં તે બંનેની સહીઓ પણ જણાય છે અને ચાર્જશીટમાં નિવેદન સાથે ભારતીય સાક્ષી અધિનિયમની કલમ-૬૩(૪)(સી)નું સર્ટીફીકેટ પણ તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૩ કે.એમ.વાઘેલાએ મુકેલ છે અને તેની પાછળ વિડીયો ફોટોની હેઝ વેલ્યુની વિગત દર્શાવેલ છે જે નકલ ઉપરથી ખરી નકલ પોલીસ ઇન્સ્પેકટરશ્રીએ કરેલાનો સીકકો છે અને તે ભોગબનનારનું પોલીસ રૂબરૂનુ નિવેદન જોતાં તે નકલ અસલ ઉપરથી ખરી નકલ કર્યાનો પોલીસ ઈન્સ્પેકટરનો શેરો છે અને ભોગબનનારનું તા.૨૯/૦૮/૨૦૨૪નું નિવેદન જોતા તેમાં ભોગબનનારે તપાસ કરનાર અધિકારી તથા ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેના અરૂણાબેન તથા એ.કે.જાડેજા રૂબરૂ જે જણાવેલ છે તે જોતાં તેમાં ભોગબનનાર પોતાનુ, પોતાના મમ્મીનું નામ જણાવે છે, ત્રણ બહેન, એક ભાઇ હોવાનું તેમજ સૌથી મોટુ કોણ, તેનાથી નાનુ કોણ, તેનાથી નાનુ કોણ તે જણાવે છે અને ત્યારબાદ તેનાથી નાના પોતે હોવાનું જણાવે છે અને પોતાની જન્મ તા.૨૫/૦૭/૨૦૦૭ હોવાનું અને ધોરણ દસમાં ભણતી હતી અને સ્કુલનુ નામ જણાવે છે અને આરોપી મુસ્તકીમને ગંધાર મેળામાં ગયેલા ત્યારથી ઓળખતી હોવાનું અને એક વર્ષથી ઓળખતા હોવાનું અને તે ૨૩ તારીખના રાતના ભગાડી ગયેલ હોવાનુ જણાવે છે અને આ સાહેદને નિવેદનમાં પ્રશ્ન પુછેલ છે કે, '' આ મુસ્તકીમ તમને લેવા માટે આવેલ હતો? '' તેના જવાબમાં ''ના મે ફોન કર્યો હતો'' તેમ જણાવે છે, ત્યારબાદ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલ કે,'' તેની સાથે કેમ ગઇ હતી તુ?'' તેના જવાબમાં સાહેદે તપાસ કરનાર અધિકારીને જણાવેલ કે,'' એમ કે મારા બીજે

લગ્ન નકકી કર્યા હતા ન.. એ છોકરો મને ગમતો ન હતો જેથી હુ તેને ધમકી આપેલ કે જો તુ મને લેવા નહી આવે તો હુ દવા પી ને મરી જઇશ'' ત્યારબાદ ભોગબનનારને પોલીસે પ્રશ્ન પુછેલ છે કે, '' શેમાં ગયા હતા તમે? '' તેના જવાબમાં '' ટ્રકમાં'' તેમ જણાવે છે ત્યારબાદ સાહેદને પ્રશ્ન પુછવામાં આવે છે કે, '' ચાલતી ટ્રકમાં?'' તેના જવાબમાં સાહેદ જણાવે છે કે, '' હા ચાલતી ટ્રકમાં'' ત્યારબાદ પ્રશ્ન પુછવામાં આવેલ કે '' કયાં ગયા તમે?'' તેના જવાબમાં ''લુવારા'' ત્યારબાદ સાહેદને પ્રશ્ન પુછવામાં આવેલ કે, '' કોના ઘરે ગયા?'' તેના જવાબમાં '' મુસ્તકીમના ફોઇના ઘરે'' ત્યારબાદ પ્રશ્ન પુછવામાં આવેલ કે, '' તેના ફોઈનુ નામ શું છે?'' તેના જવાબમાં '' નથી ખબર'' ત્યારબાદ પ્રશ્ન પુછવામાં આવે છે કે, '' કેટલા દિવસ કયાં રહયા?'' તેના જવાબમાં '' અઠવાડીયા જેટલું'' ત્યારબાદ પ્રશ્ન પુછવામાં આવે છે કે,'' ભાગ્યા ત્યારથી આજ દિન સુધી ત્યાં હતા?'' તેના જવાબમા'' હા'' જણાવે છે, ત્યારબાદ પ્રશ્ન પુછવામાં આવે છે કે, '' તે દરમ્યાન શારીરીક સંબંધ બાંધેલ?'' તેના જવાબમાં ભોગબનનાર '' હા '' જણાવે છે, ત્યારબાદ ભોગબનનારને પ્રશ્ન પુછવામાં આવેલ કે, '' તેને તારી સાથે બળજબરી કરી?'' જેના જવાબમાં ભોગબનનાર '' ના બળજબરી નથી'' તેમ જણાવે છે ત્યારબાદ પ્રશ્ન પુછવામાં આવે છે કે, '' તારી મરજીથી થયુ?'' જેના જવાબમાં ભોગબનનાર જણાવે છે કે,'' હા મારી મરજીથી એક વાર સંબંધ બાંધેલ'' ત્યારબાદ ભોગબનનારને પ્રશ્ન પુછવામાં આવે છે કે, '' હવે તારે કોની સાથે જવુ છે?'' ત્યારબાદ ભોગબનનાર જવાબમાં જણાવે છે કે, '' ભાઇ સાથે'' ત્યાબાદ સાહેદ ને પ્રશ્ન પુછવામાં આવે છે કે, '' જો આ કામમાં ફરીયાદમાં તારી મમ્મીએ એમ લખાવેલછે કે, રોકડા રૂપિયા અને દાગીના તુ લઇ ગયેલ છે? જેના જવાબમાં '' ના જુઠ્ઠી વાત સ'' ત્યારબાદ પ્રશ્ન પુછવામાં આવે છે કે,'' આ પછી તારું મેડીકલ કરાવવાનું છે?'' જેના જવાબમાં '' હા'' જણાવે છે, ત્યારબાદ પ્રશ્ન પુછવામાં આવે છે કે,'' એ સીવાય તારે કાંઇ કહેવું છે?'' તેના જવાબમાં ''મારે મારી મમ્મી સાથે જવું છે'' આ રીતે ભોગબનનારે તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૩

કે.એમ.વાઘેલા રૂબરૂ નિવેદન આપેલ છે અને તે વિડીયોગ્રાફીમાં ઇ સાક્ષ્ય માં એપ્લીકેશનમાં નિવેદન લેવામાં આવેલ હોવાનું જણાવેલ છે અને સાહેદ નં.૧૩ તપાસ કરનાર અધિકારી કે.એમ.વાઘેલા તેના પુરાવામાં તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલાનું જણાવે છે અને સાહેદ નં.૧૧ ભોગબનનાર તેના પુરાવામાં આરોપીના દબાણ અને કહેવાથી પોતે લખાવ્યાનું જે ઉપરોકત રીતે જણાવે છે તે જોતા અને ભોગબનનારનુ મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂનું આંક–૫૧નું નિવેદન તથા ભોગબનનારની આંક–૨૩ના મેડીકલ સર્ટીફીકેટમાંની મેડીકલ હિસ્ટ્રી જોવામાં આવે તો, ભોગબનનારને આરોપી નં.૧ સાથે પ્રેમ સંબંધ હોવાનું રેકર્ડમાં આવે છે અને ભોગબનનારે પોતે આરોપીને બીજે શાદી થઇ જવાના ડરથી લઇ જવાનુ કીધાનુ પણ હિસ્ટ્રીમાં આવે છે અને બંને વિડીયો કોલ અને મેસેજથી વાત કરતા હોવાનુ પણ રેકર્ડમાં આવે છે અને ભોગબનનારનું મેજીસ્ટ્રેટ શ્રી રૂબરૂનું નિવેદન આંક–૫૧, આંક–૨૩ના મેડીકલ સર્ટીફીકેટમાંની હિસ્ટ્રી સાથે જોતાં ભોગબનનારનું તે બંનેમાં સંમતીથી આક્ષેપીત ભાગી ગયાનું કહેવાનું હોવાનું, સંમતી સંપર્કમાં હોવાનું અને સંમતીથી શારીરીક સંબંધ બાંધ્યાનું કહેવાનું હોવાનું જણાય છે અને ભોગબનનાર જે આરોપીના દબાણ અને કહેવાથી પોતે જે પોલીસ નિવેદનમાં લખાવ્યા બાબતે જણાવે છે તે હકીકત ખરી જણાતી નથી અને ભોગબનનાર રેકર્ડથી મહત્વની હકીકતોએ વિરોધાભાસી પુરાવો આપતા હોય તે પણ જણાય છે.

૨૬.૧. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનાર આરોપી સાથે અઠવાડીયુ રોકાયાનું જણાવે છે અને આંક–૨૩ની હિસ્ટ્રીમાં જે રીતે ભાગી ગયાનુ જણાવે છે તેને સાથે ધ્યાને લેવામાં આવે અને ઉલટતપાસમાં ભોગબનનાર સાહેદ નં.૧૧ કબુલ કરે છે કે, બનાવ વખતે પોતે રોડ ઉપર કોઇ બુમાબુમ કરેલ હોય કે પ્રતિકાર કરેલ હોય તેવુ બનેલ નથી, કહેવાતા જે વાહનમાં બેઠા તેમાં પોતે કોઇ બુમાબુમ કરેલ નથી જેથી જો આરોપી બળજબરીથી લઇ જતો હોય તો ભોગબનનારે શા માટે બુમાબુમ કરેલ નથી કે કોઇને કહેવાનો પ્રયત્ન

કરેલ નથી તેનો ભોગબનનાર તરફે વિશ્વસનીય ખુલાસો રેકર્ડમાં આવતો નથી, જેથી ભોગબનનારનો પુરાવામાં એકસુત્રતા જણાતી નથી, વિશ્વસનીયતા જણાતી નથી, ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનાર તેના પુરાવામાં ઘરમાંથી બહાર જવુ હોય તો દરવાજો અંદરથી ખોલીને બહાર નીકળી શકાય તે વાતનો ઈન્કાર કરે છે અને ભોગબનનારનો પુરાવો જોતાં, ભોગબનનાર આક્ષેપીત બનાવ વખતે પોતાના ઘરે હતા અને ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬ આંક–૪૧ની ફરીયાદમાં ભોગબનનાર ઉપરના માળેથી પાણી પીવા આશરે બારેક વાગ્યાના અરસામાં નીચે આવેલ અને પાણી પી પાછી ઉપરના માળે જતી રહેલ અને ફરીયાદી સાહેદ નં.૬ તા.૨૩/૦૮/૨૦૨૪ના એકાદ વાગ્યા સુધી જાગતા રહેલ અને પછી નીચે રૂમમાં સુઇ ગયેલ અને સવારે પાંચેક વાગે ઉઠેલ ત્યારે ભોગબનનારને ઉઠાડવા જતા ભોગબનનાર મળી આવેલ નહીં તેમ જણાવે છે અને ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬ નો પુરાવો જોતાં તે તેના પુરાવામાં પોતે પોતાનો છોકરો તથા દિકરી જમીને સુઇ ગયા હતા અને મોડી રાત્રે પોતે પાણી પીવા ઉઠેલી અને તે સમયે ઉપરના માળે ગઇ હતી અને પોતાના છોકરાને નોકરી ઉપર જવાનુ હોય સવારે વહેલા ઉઠીને ભોગબનનાર દિકરીને ઉઠાડવા ગયેલી પરંતુ ભોગબનનાર દિકરી મળી આવેલ નહી અને દિકરાને ઉઠાડીને જણાવેલ કે ભોગબનનાર તેના રૂમમાં મળેલી નહી જેથી શોધખોળ શરૂ કરેલી, આ ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬નો પુરાવો જોતાં પોતે મોડી રાત્રે પાણી પીવા ઉઠેલા તેમ જણાવે છે જયારે ફરીયાદ આંક–૪૧માં ભોગબનનાર ઉપરના માળેથી પાણી પીવા માટે નીચે આવેલ અને પાણી પી પાછી ઉપરના માળે જતી રહેલ જેથી તે રીતે ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬ નો પુરાવો અને આંક–૪૧ ની ફરીયાદ હકીકતમાં કોણ પાણી પીવા ઉઠેલ તે બાબતે વિરોધાભાસી પુરાવો આવે છે અને ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬ જણાવે છે કે, કહેવાતા સમયે કોઇ બુમાબુમ થયેલ હોય તેવુ બનેલ નથી અને ભોગબનનારના ભાઇએ સાહેદ નં.૭નો પુરાવો જોતાં તે કબુલ કરે છે

કે, રાત્રે જમી પરવારીને રૂમનો દરવાજો બંધ કરીને બધા સુઇ જાય છે , જેથી આ પુરાવો તથા ભોગબનનાર અને તેના માતૃશ્રીના પુરાવાને સાથે ધ્યાને લેવામાં આવે અને ભોગબનનાર ઘરમાંથી બહાર જવુ હોય તો દરવાજો અંદરથી ખોલીને બહાર નીકળી શકાય તેનો ઈન્કાર કરે છે અને ભોગબનનારના ભાઈ સાહેદ નં.૭ જે ઉપરોકત રીતે જણાવે છે અને ભોગબનનારનું કહેવું એવુ નથી કે દરવાજો બહારથી બંધ થાય છે તેને પણ સાથે ધ્યાને લેવામાં આવે અને ભોગબનનાર જણાવે છે કે, ગામે ગયેલા હતા એટલે થાકેલા બહુ હતા એટલે કોઈ ને ખબર ન પડી અને પોતે બુમાબુમ કરેલ નથી તેવુ પણ જણાવે છે તે જોતા ભોગબનનાર ઘરનો દરવાજો રાત્રીના ખોલીને પોતાની રીતે સ્વેચ્છાએ બહાર નીકળી ગયા હોય તેવુ પણ પડેલ પુરાવો જોતાં જણાય છે અને ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬ કબુલ કરે છે કે, ભોગબનનારના બીજે લગ્ન નકકી કરેલા હતા અને તેણે ભોગબનનારને જતા હોય તેવુ પોતે નજરે જોયેલ નથી અને દિકરીના માંચ મુકામે લગ્ન નકકી કરેલ હતા, છોકરો દુબઈથી આવેલો તેવુ પણ જણાવે છે અને વધુ પુરાવો જોતાં દિકરીની મરજી વિરૂધ્ધ લગ્ન નકકી કર્યા હતા તેને છોકરો ગમતો ન હતો જેથી દિકરી ઘર છોડીને જતી રહેલી હોવાનો ઈન્કાર કરે છે અને ભોગબનનાર પણ ઉપરોકત રીતે પુરાવામાં જણાવે છે અને ભોગબનનારના ભાઈ સાહેદ નં.૭ કબુલ કરે છે કે, ભોગબનનાર બહેનની શાદી માંચ મુકામે નકકી કરવામાં આવી હતી અને માંચ મુકામે પોતાના ઘરના બધા માણસો જોવા માટે ગયેલા અને માંચ મુકામે ભોગબનનાર બહેન છોકરો જોવા માટે આવેલી નહીં, આ પુરાવાને સાથે ધ્યાને લેતા અને આંક–૨૩ના મેડીકલ સર્ટીફીકેટમાં ભોગબનનારે હિસ્ટ્રીમાં જણાવેલ છે કે, પોતાની શાદી બીજે થઇ જવાના ડરથી આરોપી નં.૧ ને લઈ જવાનુ કહેતા બંને તા.૨૩/૦૮/૨૦૨૪ના વહેલી સવારે મુલેરથી ભાગી ગયા હતા અને ટ્રક મારફતે ભરૂચ પહોંચ્યા પછી રીક્ષા મારફતે લુવારા મુસ્તકીમના ફોઈના ઘરે પહોંચ્યા હતા, આ મેડીકલ હિસ્ટ્રી જોવામાં આવે અને ભોગબનનાર સાહેદ નં.૧૧ પોતે પુરાવામાં પોતે બનાવની હિસ્ટ્રી

ડોકટરને જણાવેલી તેમ પણ જણાવે છે અને ડોકટરે ખોટી હિસ્ટ્રી ઉભી કરેલી છે અને પોતે જણાવેલ નથી તેવુ ભોગબનનાર કહેતા નથી અને સાહેદ નં.ર ડો. અર્પણાબેન તેમના પુરાવામાં ભોગબનનારની મેડીકલ તપાસ કર્યાનું પણ જણાવે છે અને આંક–ર૩નું મેડીકલ સર્ટીફીકેટ પણ આપ્યાનુ જણાવે છે અને સાહેદ નં.૪ ડો.મુબીન ફઝલ મહંમદ ભોગબનનારની મેડીકલ તપાસ કર્યાનું, ભોગબનનારે બનાવની હકીકત જણાવ્યાનું જણાવે છે અને આંક–ર૩ના સર્ટીફીકેટમાં પોતાની સહી તથા હોદાનો સીકકો હોવાનું જણાવે છે અને સાહેદ નં.ર અને ૪ બંને મેડીકલ ઓફીસરશ્રીને ભોગબનનારની ખોટી હિસ્ટ્રી લખવાનું કોઇ કારણ નથી જેથી મેડીકલ ઓફીસર સાહેદ નં.ર અને ૪ નો પુરાવો ધ્યાને લેવામાં આવે અને આંક–ર૩ના મેડીકલ સર્ટીફીકેટમાં ભોગબનનારે જે હિસ્ટ્રી આપેલ છે અને આંક–પ૧ ના મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂના નિવેદનમાં ભોગબનનાર આરોપી નં.૧ સાથે પ્રેમ સંબંધ હોવાનું પણ જણાવે છે તે હકીકતને પણ સાથે ધ્યાને લેતા અને ભોગબનનાર અને આરોપી નં.૧ વચ્ચે પ્રેમ સંબંધ હોય અને ભોગબનનારના લગ્ન અન્ય જગ્યાએ નકકી થયેલ હોય તે જોતા ભોગબનનાર પોતાની સંમતીથી સ્વેચ્છાએ ઘર છોડયાનું પડેલ પુરાવો જોતા જણાય છે અને ભોગબનનાર આક્ષેપીત બનાવ વખતે સગીર વયની હોવાનું પણ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી અને આરોપીએ કોઇ જબરજસ્તીથી ખરાબ કૃત્ય કર્યાનું પણ રેકર્ડમાં વિશ્વસનીય રીતે ભોગબનનારના પુરાવામાં આવતુ નથી.

ર૭. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, સાહેદ નં.ર તરીકે ડો. અર્પણા દિલીપભાઇ પટેલનો પુરાવો થયેલ છે, આ સાહેદે ભોગબનનારની મેડીકલ તપાસ કરેલ છે અને ભોગબનનારને લીબીયા માઇનોરામાં કોઇ ઇજાના નિશાન જણાયેલા નહી અને શારીરીક પરીક્ષણના અંતે પોતે ચોકકસ ન હતા કે ભોગબનનાર સાથે શારીરીક સંભોગ કરેલ છે, આ પુરાવો જોવામાં આવે તો, આ સાહેદ તેના પુરાવામાં ભોગબનનારને કોઇ ઇજા મેડીકલ તપાસણીમાં મળેલ હોય

તેવુ પણ સ્પષ્ટ રીતે જણાવતા નથી અને ભોગબનનારના મેડીકલ સેમ્પલ લીધાનું અને એફ.એસ.એલ.ને મોકલ્યાનુ જણાવે છે અને સાહેદ નં.૪ મુબીન ફઝલ મોહંમદે ભોગબનનાર અને આરોપીને તપાસેલ છે અને આરોપીની મેડીકલ તપાસ જોવામાં આવે તો, પો.કો. દિનેશભાઈની હાજરીમાં કરેલી છે અને તા.૩૦/૦૮/૨૦૨૪ના રોજ કર્યાનું આંક–૨૯નું મેડીકલ સર્ટીફીકેટ જોતાં જણાય છે અને ચાર્જશીટ જોતાં આરોપીની ધરપકડ તા.૨૯/૦૮/૨૦૨૪એ કલાક ૧૧.૧૫ એ કરેલ છે જેથી આરોપીનું મેડીકલ પોલીસ કસ્ટડી દરમ્યાન થયેલુ છે અને આંક–૨૯નું આરોપીનુ મેડીકલ સર્ટીફીકેટ જોતાં આરોપીની મેડીકલ હિસ્ટ્રીમાં પણ ગયા વર્ષે ભોગબનનારને ગંધાર મેળામાં મળ્યાનું અને ત્યારબાદ વોટસએપ મારફતે દરરોજ વાતચીત કરતા અને ભોગબનનારને ના લઈ જાય તો ઝેરી દવા પી જવાની અને આરોપીનં.૧નું નામ લખવાની ધમકી ભોગબનનાર આપતી હતી અને તા.૨૩/૦૮/૨૦૨૪ના રોજ મીઠાના વાહનમાં મુલેરથી ભરૂચ પહોંચ્યાએ અને ભરૂચ થી પ્રાઈવેટ વાહનમાં લુવારા ફોઈના ઘરે પહોંચ્યા અને પહેલી વાર શારીરીક સંબંધ રાખ્યો હતો તે બાબતે જણાવે છે જેથી આ મેડીકલ હિસ્ટ્રીમાં ગુનાની કબુલાત હોય તે પોલીસ કસ્ટડી દરમ્યાનની કબુલાત છે તે ધ્યાને લઈ શકાય નહી અને આરોપી ભોગબનનાર પરીચીત હોવાનુ અને વોટસએપથી વાતચીત કરતા હોવાનું આરોપીની હિસ્ટ્રીથી પણ રેકર્ડમાં આવે છે અને સાહેદ નં.૪ડો. મુબીન ફઝલ મહંમદએ ભોગબનનારની મેડીકલ તપાસ કરેલ છે અને તેના પુરાવામાં પણ ભોગબનનારને કોઈ બાહ્ય ઈજાના નિશાન જણાઈ આવેલ નહી અને કબુલ કરે છે કે, ભોગબનનારની શાદી બીજે થઈ જવાના ડરથી ઘર છોડીને ભાગી ગયેલ છે તેવુ ભોગબનનારે પોતાના નિવેદનમાં જણાવેલ છે અને પોતાના પરીક્ષણના અંતે ચોકકસ ન હતા કે ભોગબનનાર સાથે હાલ શારીરીક સંબંધ થયેલ છે અને ભોગબનનારના સેમ્પલો એફ.એસ.એલ.ને મોકલ્યાનું જણાવે છે અને આ કામે પ્રોસીકયુશન તરફે આંક–૩૪ થી એફ.એસ.એલ.નો સ્થળ તપાસનો અહેવાલ રજુ થયેલ છે જેમાં સ્થળ

ઉપર અન્ય કોઇ નોંધપાત્ર નિશાનો જણાતા નથી તેવુ લખેલ છે અને ચાદરનું સીમેન કીટ વડે પરીક્ષણ કરતા શંકાસ્પદ ડાઘા છે તેવું જણાવેલ છે, પરંતુ પ્રોસીકયુશન તરફે એફ.એસ.એલ. અધિકારી વી.આર.પટેલને તપાસવામાં આવેલ નથી, ન તપાસવામા માટે કોઇ ખુલાસો કે પુરાવો નથી અને આ આંક–૩૪નો સ્થળ પરીક્ષણ અહેવાલ પંચ સાહેદ મહંમદ ઉસ્માન દાઉદ પટેલના પુરાવામાં રજુ થયેલ છે પરંતુ તે આંક–૩૪ના એફ.એસ.એલ. ના કન્ટેન્ટ અંગે સ્પષ્ટ પુરાવો આપતા નથી તેમજ આંક– ૬૪ થી બાયોલોજી તથા સીરોલોજીકલ પરીક્ષણનો અહેવાલ રજુ છે તેમાં શર્ટ, પેન્ટ, ઈજાર, ટોપ, ઓઢણી, બ્રા, નીકરમાં રૂધિર, વીર્ય, લાળ, વાળની હાજરી મળી શકેલ નથી તેમજ પ્યુબીક હેર વજાઇનલ હેર, વજાઇનલ સ્વોબ, અપર વજાઇનલ સ્વોબ, લોવર વજાઇનલ સ્વોબ, રાઇટ વલવલ સ્વોબમાં રૂધિર કે વીર્યની હાજરી મળી શકેલ નથી, અપર વજાઇનલ સ્વોબ અને લોવર વજાઇનલ સ્વોબમાં શુક્રાણુની હાજરી મળી શકેલ નથી અને નેઇલમાં રૂધિર કે પેશીય પદાર્થની હાજરી મળી શકેલ નથી તેમજ રાઇટ વલવલ સ્મીયર, લેફ્ટ વલવલ સ્મીયરમાં શુક્રાણુની હાજરી મળી શકેલ નથી તેવુ જણાવેલ છે તેમજ પ્રોસીકયુશન તરફે આંક–૬૪નો બાયોલોજી અને સીરોલોજીકલ પૃથ્થકરણ રીપોર્ટ આપનાર એફ.એસ.એલ. અધિકારીશ્રી કે.કે.મોઢને તપાસવામાં આવેલ નથી અને ન તપાસવા માટે કોઈ ખુલાસો નથી અને બી.એન.એસ.એસ.ની કલમ–પર(ક્રિ.પ્રો.કોડની કલમ–૫૩(એ)) તેમજ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૪(ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪(એ)) ની જોગવાઇઓ ધ્યાને લેવામાં આવે તો, આરોપી ભોગબનનારની મેડીકલ તપાસણી વખતે ડી.એન.એ.પ્રોફાઈલીંગ માટે નમુના લેવડાવી, ડી.એન.એ.પ્રોફાઈલીંગ થાય તે જોવાની તપાસ કરનાર અધિકારીની પણ ફરજ છે અને ડી.એન.એ.પ્રોફાઈલીંગના નમુના નિયત જોગવાઇ મુજબ કોલ્ડ ચેઇનમાં એફ.એસ.એલ.ને મોકલીને ડી.એન.એ. પ્રોફાઈલીંગ થાય તે જોવાની મેડીકલ ઓફીસરની પણ ફરજ છે અને આ કામે ડી.એન.એ.પ્રોફાઈલીંગનો

કોઈ રીપોર્ટ રજુ થયેલ નથી અને સાહેદ નં.ર ડો. અર્પણા દિલીપભાઇ પટેલ તેના પુરાવામાં જણાવે છે કે, ભોગબનનારનું આ કેસમાં શરતચુકથી ડી.એન.એ. માટે કાયદા મુજબની પ્રક્રિયા કરેલ નથી જે હવે પછીના તમામ કેસમાં શરૂ કરેલ છે, આ રીતે જણાવે છે અને સાહેદ નં.૧૩,૧૪ તપાસ કરનાર અધિકારી તેના પુરાવામાં ડી.એન.એ.પ્રોફાઇલીંગ શા માટે કરાવેલ નથી તેનો કોઈ ખુલાસો કરતા નથી અને સાહેદ નં.૧૩ કુમાર મણીલાલ વાઘેલા કબુલ કરે છે કે, કોઇ ડી.એન.એ. ટેસ્ટ કરાવેલ નથી તેમજ સાહેદ નં.૧૪ પણ કબુલ કરે છે કે, ડી.એન.એ. ટેસ્ટ કરાવેલ નથી, આ પુરાવાને ધ્યાને લેવામાં આવે અને ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે સાહેદ નં.ર અને ૪ના મેડીકલ ઓફીસરનો પુરાવો પણ ધ્યાને લેવામાં આવે અને કરેલ ચર્ચા જોતાં આંક–૬૪નો એફ.એસ.એલ.નો રીપોર્ટ પ્રોસીકયુશનને મદદરૂપ થતો નથી.

૨૮. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, સાહેદ નં.૧૧ ભોગબનનારનો પુરાવો જોતાં ભોગબનનારે આક્ષેપીત ગુનાની હકીકત ફરીયાદી સાહેદ નં.૬ કે સાહેદ નં.૭ ભોગબનનારના ભાઇને કે સાહેદ નં.૮ ભોગબનનારના કાકાને જણાવેલ હોય તેવું ભોગબનનાર સ્પષ્ટ વિશ્વસનીય રીતે હકારાત્મક પુરાવાથી જણાવતા નથી અને સાહેદ નં.૬ ભોગબનનારના માતૃશ્રીનો પુરાવો જોતાં તે તેના સરતપાસના પુરાવામાં આરોપીએ ભોગબનનાર સાથે બળાત્કાર કરેલ હોય કે બદકામ કરેલ હોય કે શરીર સંબંધ બાંધેલ હોય કે શારીરીક સંભોગ કરેલ હોય તેવુ જણાવતા નથી તે રીતે આક્ષેપીત બનાવની મહત્વની હકીકતે સાહેદ નં.૬ સમર્થનકારક પુરાવો આપતા નથી જેથી સાહેદ નં.૬ ભોગબનનારના માતૃશ્રી તથા સાહેદ નં.૧૧ ભોગબનનારના પુરાવામાં એકસુત્રતા જણાતી નથી.

૨૮.૧. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬ તેના પુરાવામાં ભોગબનનાર દિકરીની શોધખોળ કરેલી પરંતુ તે મળેલી નહી જેથી પોતાના ભત્રીજાને આ બાબતની

જાણ થતા આજુબાજુના ગામમાં તપાસ કરાવેલી તેમ જણાવે છે અને વધુમાં જણાવે છે કે, '' જયાંથી અમને જાણવા મળેલ કે મારી ભોગબનનાર દિકરીને મુસ્તકીમ મહેબુબ વલી પટેલ ભગાડીને લઇ ગયેલ'' આ રીતે ભોગબનનારના માતૃશ્રી જણાવે છે પરંતુ ભોગબનનારના માતૃશ્રીના ભત્રીજાને કે ભોગબનનારના માતૃશ્રીને આરોપી મુસ્તકીમ મહેબુબ વલી ભગાડીને લઇ ગયેલ તેવુ કોણે કીધુ અને કયારે કીધુ તે સ્પષ્ટ નામ કે સમય જણાવવામાં આવતો નથી અને ભોગબનનારના માતૃશ્રીના ભત્રીજાને આ કામે પ્રોસીકયુશન તરફથી સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી અને ઉપરોકત કરેલ ચર્ચા અને ભોગબનનારનો સાથે પુરાવો જોતાં ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬ના પુરાવામાં આરોપી નં.૧ મુસ્તકીમ મહેબુબની ઓળખ બાબતે પણ મહત્વની શંકા ઉભી થાય છે.

૨૮.૨. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬ ફરીયાદી જણાવે છે કે, પોતાના ઘરમાં તીજોરી કબાટ ચેક કરતા રૂા.૨,૪૩,૫૧૦/– તથા સોનાની બુટ્ટી મળેલ નહીં તથા સોનાના દાગીના મળેલ નહી અને પોતાની ભોગબનનાર દિકરી મળી ન આવતા પોતે ફરીયાદ આપેલી તેમ સરતપાસમાં જણાવે છે અને આંક–૪૧ ની ઉપરોકત પેરા નં.૨માં દર્શાવેલી ફરીયાદની હકીકત જોવામાં આવે તો, ભોગબનનાર સોનાના દાગીના રોકડ રકમ મળી ને કુલ કિં.રૂા.૨,૪૩,૫૧૦/– ની કિંમતના રોકડા રૂપિયા દાગીના મળીને લઇ ગયાનું ફરીયાદમાં જણાવ છે અને ચાર્જશીટ જોતાં તેમાં મુદામાલ પાવતી છે તેમાં કપડા સીવાય કોઇ મુદામાલ કબજે થયાનું જણાવેલ નથી અને તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૩ કુમાર મણીલાલ વાઘેલા તેના પુરાવામાં રોકડ રકમ કે દાગીના ભોગબનનાર લઇ ગયેલ તેવુ જણાવતા નથી કે તેવી રોકડ રકમ કે દાગીના કબજે થયાનુ પણ જણાવતા નથી અને તેવી રોકડ રકમ અને દાગીના કબજે નથી થયેલ તેવુ પણ સ્પષ્ટ વિશ્વસનીય રીતે જણાવતા નથી તેમજ આંક–૪૧ની ફરીયાદમાં રોકડ રકમ તેમજ દાગીના જે ભોગબનનાર લઇ ગયાનું જણાવેલ છે તે ફરીયાદની હકીકત સાચી છે કે ખોટી તે

પણ જણાવતા નથી તે જ રીતે સાહેદ નં.૧૪ તપાસ કરનાર અધિકારી પ્રદિપસિંહ રણુભા પણ ઉપરોકત રીતે તેના પુરાવામાં રોકડ રકમ કે દાગીના બાબતે જણાવતા નથી અને સાહેદ નં.૧૧ ભોગબનનારનો પુરાવો જોતાં તે પણ તેના પુરાવામાં રોકડ રકમ કે દાગીના લઇને ગઇ હોય તેવી કોઇ સ્પષ્ટ વિગતો સાથે પુરાવો આપતા નથી અને રોકડ રકમ દાગીના બાબતે પણ ભોગબનનાર સ્પષ્ટ અને વિશ્વસનીય રીતે જણાવતા નથી અને ભોગબનનારનું તપાસ કરનાર અધિકારી રૂબરૂનું તા.૨૯/૦૮/૨૦૨૪ના નિવેદનની હકીકત જે ઉપરોકત પેરા નં.૨૬ માં દર્શાવેલ છે તે જોવામાં આવે તો, તેમાં ભોગબનનારને પ્રશ્ન પુછવામાં આવેલ કે'' જો આ કામમાં ફરીયાદમાં તારી મમ્મીએ એમ લખાવેલ છે કે, રોકડા રૂપિયા અને દાગીના તુ લઇ ગયેલ છે? '' જેના જવાબમાં ભોગબનનાર જણાવે છે કે, '' ના જુઠી વાત સ'' આ પોલીસ રૂબરૂના નિવેદનની હકીકત જોતાં ભોગબનનારનું કહેવું એવુ છે કે, પોતે રોકડા રૂપિયા દાગીના લઇ ગયેલ નથી અને ફરીયાદી સાહેદ નં.૬ જુઠુ બોલે આ રીતે જણાવે છે તેમજ સાહેદ નં.૭ કે જે ભોગબનનારના ભાઇ છે તેનો પુરાવો જોવામાં આવે તો, ભોગબનનાર બહેન ઘરમાંથી રોકડા રૂપિયા અને દાગીના લઇને જતી રહી અને લગ્ન કરવાનું ના પાડતી હતી અને પોતાની ભોગબનનાર બહેન કયાં જતી રહી તેની પોતાને ખબર ન હતી અને પોતાની બહેન વાગરા પોલીસ સ્ટેશનમાં આવતા તે આરોપી મુસ્તકીમ પટેલ સાથે ચાલી ગઇ હતી ત્યારે પોતાને બનાવ વિશે જાણવા મળેલ તેમ જણાવે છે, આ ભોગબનનારના ભાઇનો સાહેદ નં.૭નો પુરાવો જોતાં ભોગબનનારનો ભાઇ ભોગબનનાર રોકડા અને દાગીના લઇને જતી રહયાનું જણાવે છે અને લગ્ન કરવાની ના પાડતી હતી તેવુ જણાવે છે અને આ સાહેદને ભોગબનનાર બહેન કયાં ગઇ હતી તેની ખબર ન હતી તેવુ પણ જણાવે છે અને સાહેદ નં.૮ ભોગબનનારના કાકા તેના પુરાવામાં ભોગબનનાર રોકડ રકમ અને દાગીના લઇને જતી રહેલ હોવાનુ જણાવતા નથી અને આ સાહેદ બનાવની જાણ પોતાને ફોનથી થયેલી તે સીવાય પોતાને બનાવ બાબતની કોઇ જાત માહિતી નથી અને આરોપીને પહેલો વહેલો

પોલીસ ચોકીમાં જોયેલો અને પોલીસે નામઠામ પુછેલુ અને પછી જવા દીધેલો તેમ જણાવે છે અને આ સાહેદનો પુરાવો જોતાં તે આક્ષેપીત બનાવની મહત્વની હકીકતને સમર્થન થાય તેવો પુરાવો આપતા નથી, ભોગબનનાર પોતે પોલીસ રૂબરૂના નિવેદનમાં પોતે રોકડ રકમ, દાગીના લઈ ગયેલ નથી અને સાહેદ નં.૬ ખોટુ બોલતા હોય તેમ જણાવે છે અને ભોગબનનાર સાહેદ નં.૧૧ તેના આંક–૫૧ના મેજીસ્ટ્રેટ શ્રી રૂબરૂના નિવેદનમાં પોતે રોકડ રકમ દાગીના લઈ ગયેલ હોય તેવુ જણાવતા નથી તે આક્ષેપીત બનાવમાં પોતાના ઘરમાંથી રોકડ રકમ,દાગીના ગયેલ હોવાનુ પણ જણાવતા નથી અને આંક–૨૩ ના મેડીકલ સર્ટીફીકેટમાંની ઉપરોકત પેરા નં.૨૫ મા જણાવેલ ભોગબનનારની હિસ્ટ્રીમાં પણ રોકડ રકમ અને દાગીના લઈને ગયાનું જણાવેલ નથી અને ફરીયાદી સાહેદ નં.૬ તરફે ફરીયાદમાં જે દાગીના જણાવેલ છે તે બાબતે તે દાગીનાના બીલ પણ રજુ કરેલા નથી અને ન રજુ કરવા માટે કોઈ વિશ્વસીનય પુરાવો કે ખુલાસો રજુ થતો નથી જેથી કરેલ ચર્ચા ધ્યાને લેતા ભોગબનનાર રોકડ રકમ અને દાગીના લઈ ગયેલ હોવાનુ ફરીયાદી સાહેદ નં.૬ જણાવે છે તે પુરાવો ખરો જણાતો નથી અને આક્ષેપીત બનાવની મહત્વની હકીકતે પ્રોસીકયુશનના સાહેદોનો પુરાવો વિરોધાભાસી જણાય છે અને બનાવના ખરાપણા અંગે પણ મહત્વની શંકા ઉભી થાય છે.

૨૯. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનાર સાહેદ નં.૧૧ તેના પુરાવામાં સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપી પોતાને બ્લેકમેઈલ કરતો હતો અને કહેતો હતો કે તારા ભાઈને સ્ક્રીન શોટ મોકલી દઈ આ જે જણાવે છે, આ હકીકત ભોગબનનાર તેના મેજીસ્ટ્રેટ શ્રી રૂબરૂના આંક–૫૧ના નિવેદનમાં જણાવતા નથી અને તેને બદલે ભાગીને ગયા પછી મરજીથી મુસ્તકીમ સાથે શારીરીક સંબંધ બાંધેલા તેમ જણાવે છે, પ્રેમ સંબંધ હોવાનું જણાવે છે તેમજ આંક–૨૩ ની મેડીકલ સર્ટીફીકેટમાંની હિસ્ટ્રીમાં પણ ભોગબનનાર આ બાબતે જણાવતા નથી તેમજ આ હકીકત પોતાના માતૃશ્રી સાહેદ નં.૬ને જણાવ્યાનું

સાહેદ નં.૬ જણાવતા નથી અને આંક-૪૧ ની ફરીયાદ જોતાં આ હકીકત ફરીયાદમાં જણાવેલ નથી, તેમજ ભોગબનનારનું તા.૨૯/૦૮/૨૦૨૪નું ભોગબનનારનું પોલીસ રૂબરૂનું નિવેદન છે તેમાં પણ આ હકીકત ભોગબનનાર સ્પષ્ટ રીતે જણાવતા નથી અને નિવેદનમાં પોતાની સાથે બળજબરી કરી નથી, મરજીથી સંબંધ બંધાયેલ છે, આવી હકીકતો જણાવે છે અને તે રીતે સંમતી હોવાનું કહેવાનું હોવાનું જણાય છે અને ભોગબનનાર સાહેદ નં.૧૧ તેના પુરાવામાં જોર જબરજસ્તી કરેલી, પોતાની સાથે ખરાબ કૃત્ય કરેલુ, બે વાર બદકામ કરેલુ તે રીતે જણાવે છે અને સાહેદ નં.૧૩,૧૪ તપાસ કરનાર અધિકારી આરોપી ભોગબનનારને બ્લેકમેઈલ કરતા હોવાની હકીકત એ આરોપીએ ભોગબનનારના ભાઈને સ્ક્રીનશોટ મોકલી દેવાની ધમકી આપેલ હોવાની હકીકત સ્પષ્ટપણે પુરાવામાં જણાવતા નથી, ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૬ પણ આરોપી ભોગબનનારને બ્લેકમેઈલ કરતા હોવાની હકીકત કે આરોપી એ ભોગબનનારના ભાઈને સ્ક્રીનશોટ મોકલી આપવાની ધમકી આપેલ હોવાની હકીકત પણ સ્પષ્ટપણે જણાવતા નથી આ હકીકત સાથે ધ્યાને લેતા ભોગબનનારના પુરાવામાં એકસુત્રતા કે વિશ્વસનીયતા જણાતી નથી અને આક્ષેપીત બનાવના ખરાપણા અંગે પણ શંકા ઉભી થાય છે, વિરોધાભાસી પુરાવો પણ રેકર્ડમાં આવે છે તે જણાય છે.

૩૦. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનારને પ્રશ્ન પુછવામાં આવેલ કે, '' સોશીયલ મીડીયામાં એવો મેસેજ કરેલો કે મારી શાદી મરજી વિરૂધ્ધ બીજી જગ્યાએ કરી દીધી છે એટલે કંઈ બી થશે તો એની જવાબદારી મારા ઘરવાળાની અને સા.નં.૦૮ ની રહેશે''. આ પ્રશ્નના જવાબમાં ભોગબનનાર હા પાડે છે, આ હકીકત ધ્યાને લેવામાં આવે તો, ભોગબનનારનો ખુદનો પુરાવો જોતાં તેની મરજી વિરૂધ્ધ શાદી કરી દીધી છે અને તે બાબતે મેસેજ કર્યાનું જણાવે છે અને સરતપાસમાં ભોગબનનાર પોતાના લગ્ન નકકી કર્યા હતા તે છોકરો પોતાને ગમતો હતો તેવુ જણાવે છે અને સાહેદ નં.૭

ભોગબનનારના ભાઈ જણાવે છે કે, ભોગબનનાર બહેનની શાદી માંચ મુકામે નકકી કરવાની હતી અને ભોગબનનાર માંચ મુકામે છોકરો જોવા માટે આવેલા નહી અને ભોગબનનાર સાહેદ નં.૧૧ તેના પુરાવામાં જણાવે છે કે, '' એ વાત ખરી છે કે, તા.૨૯/૦૮/૨૦૨૪ના પોલીસ રૂબરૂના નિવેદનમાં મે એવું લખાવેલ છે કે, મારા બીજે લગ્ન નકકી કર્યા હતા ને એ છોકરો મને ગમતો ન હતો જેથી હુ તેને ધમકી આપેલ કે જો તુ મને લેવા નહી આવે તો હુ દવા પીને મરી જઈશ'' આ રીતે ભોગબનનાર જણાવે છે જેથી કરેલ ચર્ચા અને આ પુરાવો ધ્યાને લેતા સાહેદ નં.૬ ભોગબનનારના માતૃશ્રી અને સાહેદ નં.૮ ભોગબનનારના કાકા અને સાહેદ નં.૭ ભોગબનનારનો ભાઇ ભોગબનનારની મરજી વિરૂધ્ધ ભોગબનનારની શાદી નકકી કર્યાનું જણાય છે અને ભોગબનનાર પુરાવામાં મહત્વની હકીકત છુપાવીને રેકર્ડથી વિરોધાભાસી પુરાવો આપતા હોવાનું જણાય છે અને ભોગબનનાર અને સાહેદોના પુરાવામાં પણ મહત્વની શંકાઓ ઉભી થાય છે.

૩૧. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનાર જણાવે છે કે, તે છોકરો બહાર ઉભેલો હતો અને પોતાને મેસેજ કરેલ કે બહાર નીકળ એટલે પોતે બહાર નીકળી તે પોતાને જબરજસ્તીથી લઇને નાહી ગયો અને ભોગબનનારનો વધુ પુરાવો જોતાં, ભોગબનનારને પ્રશ્ન પુછવામાં આવેલ કે ''આવો કોઇ કહેવાતો મેસેજ આવેલો હોય તો તમે ઘરમાં રાત્રે કોઇને ફરીયાદ કરેલી નહી'' જેના જવાબમાં ભોગબનનાર જણાવે છે કે, '' રાત્રે દોઢ વાગે મમ્મી અને ભાઇને કેવી રીતે ઉઠાડીને કહુ'' આ ભોગબનનારનો પુરાવો જોવામાં આવે તો, ભોગબનનારનું કહેવું એવું છે કે,મેસેજ આવેલો તો આવો કોઇ મેસેજ પોલીસ તપાસમાં જણાયેલ હોય તેવુ સાહેદ નં.૧૩,૧૪ના તપાસ કરનાર અધિકારીનું સ્પષ્ટ પણે કહેવુ નથી અને આવો મેસેજ જો મોબાઇલમાં આવેલ હોય તો તપાસ કરનાર અધિકારી સાહેદ નં.૧૩,૧૪ એ તે મોબાઇલ કબજે કરેલ નથી અને બે માંથી કોઇ આરોપીએ આવો કોઇ મેસેજ કરેલ હોય તો જે

મોબાઈલમાંથી થયો હોય તે મોબાઈલ નંબર શું હતા, કંઈ એપ્લીકેશન મારફત મેસેજ આવેલ તે બાબતનો પણ કોઈ પુરાવો સ્પષ્ટ રીતે ભોગબનનાર સાહેદ નં.૧૧ કે સાહેદ નં. ૧૩,૧૪ના તપાસ કરનાર અધિકારી આપતા નથી અને ભોગબનનારનો આંક–૫૧ નુ વિ.મેજીસ્ટ્રેટ શ્રી રૂબરૂનું નિવેદન જોવામાં આવે તો, ભોગબનનાર જણાવે છે કે, મુસ્તકીમને છેલ્લા એક વર્ષથી ઓળખતી અને બંને વચ્ચે પ્રેમ સંબંધ હતો અને મુસ્તકીમે પોતાને મેસેજ કરી કરીને કન્ફ્યુઝ કરી નાંખેલી તેને પોતાને કહેલ કે, આપણે ભાગી જઈએ પછી ભાગી ગયેલા તે બાબતે જણાવે છે પરંતુ જે નિવેદનમાં મેસેજની હકીકત જણાવે છે તે મેસેજમાં શું દર્શાવેલ છે કે જેથી ભોગબનનાર કન્ફ્યુઝ થઈ ગયેલ તે બાબતે સ્પષ્ટ પણે ભોગબનનાર જણાવતા નથી તેમજ તે મેસેજ તપાસના કામે સાહેદ નં.૧૩,૧૪ના તપાસ કરનાર અધિકારીએ કબજે કર્યાનું જણાતુ નથી અને આ મેસેજની હકીકતને સાહેદ નં.૧૩,૧૪ના પુરાવામાં સ્પષ્ટપણે સમર્થન મળતું નથી તેમજ સાહેદ નં.૬ ભોગબનનારના માતૃશ્રીનો પુરાવો જોતાં ભોગબનનારને આરોપીએ મેસેજ કર્યાની હકીકત અને તે મેસેજ શું હતો અને મેસેજ કર્યો હોય તો કયાં આરોપીએ મેસેજ કરેલ તે બાબત સ્પષ્ટ રીતે જણાવતા નથી તે જ રીતે સાહેદ નં.૭ ભોગબનનારના ભાઈ તેમજ સાહેદ નં.૮ ભોગબનનારના કાકા પણ મેસેજ બાબતની ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેની હકીકત જણાવતા નથી જેથી ભોગબનનાર જે મેસેજની હકીકતો જણાવે છે તે પુરાવામાં એકસુત્રતા જણાતી નથી, વિશ્વસનીયતા જણાતી નથી અને તે પુરાવાના ખરાપણા અંગે પણ શંકા ઉભી થાય છે.

૩૨. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ભોગબનનારે તેના સોંગદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, '' એ વાત ખરી છે કે, મારા તા.૨૯/૦૮/૨૦૨૪ના મારા પોલીસના નિવેદનમાં એવુ લખાવેલ નથી કે આરોપીના ઘરવાળાઓએ મને શીખવાડેલુ હતુ કે પોલીસ સ્ટેશનમાં અમારું શીખવાડેલુ બોલજે તેમ કહયુ હતુ અને તુ મારી સાથે

નહી આવે તો હુ ઝેર પી ને મરી જઇશ તેવુ બોલજે તેવુ શીખવાડેલુ'' આ ભોગબનનારનો પુરાવો જોતાં, ભોગબનનાર જે પુરાવામાં ઉપરોકત રીતે જણાવે છે અને ઉલટતપાસમાં આરોપીના દબાણ અને કહેવાથી પોતે લખાવ્યાનું જે જણાવે છે તે પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, ભોગબનનાર રેકર્ડ ઉપર મહત્વની હકીકતે વિરોધાભાસી પુરાવો આપે છે અને ભોગબનનારનું તા.૨૯/૦૮/૨૦૨૪નું પોલીસ રૂબરૂનું નિવેદન તથા આંક–૫૧નું મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂનું નિવેદન તથા આંક–૨૩ના મેડીકલ સર્ટીફીકેટમાંની હિસ્ટ્રી અને ભોગબનનારનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ભોગબનનાર પોતાના પુરાવામાં ઘણી હકીકતો પ્રથમ વખત કોર્ટમાં જણાવતા હોય તેવુ પણ જણાય છે અને તે હકીકતો સાથે રેકર્ડ ઉપરનો પુરાવો અને કરેલ ચર્ચા જોતા ભોગબનનાર મહત્વની હકીકતે રેકર્ડથી વિરૂધ્ધની હકીકતો પુરાવામાં જણાવતા હોવાનું જણાય છે અને ખરી હકીકત છુપાવતા હોવાનું જણાય છે.

૩૨.૧. ઉપરોકત હકીકતે જોવામાં આવે તો, આરોપીના ઘરવાળા પોતાને પોલીસ સ્ટેશન લઇ ગયા હતા અને આરોપીના ફોઇના ઘરે હતી ત્યારે તેણે પોતાને ટોર્ચર કરી હતી તેવુ પોતે પોલીસ રૂબરૂના તા.૨૯/૦૮/૨૦૨૪ના પોતાના નિવેદનમાં લખાવેલ નથી તેમ જણાવે છે તેમજ આરોપીના ઘરવાળાએ પોતાને શીખવાડેલુ કે તુ તારા ઘરે જઇશ તો તને તારા ઘરવાળા મારી નાંખશે પરંતુ પોતે ઘરે ગયેલી તો પોતાને કોઇ ટોર્ચર કરેલુ નહી આવુ પોતે પોતાના ૨૯/૦૮/૨૦૨૪ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી, આરોપીએ પોતાની સાથે બે વાર બદકામ કરેલુ તેવુ તા.૨૯/૦૮/૨૦૨૪ના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી, તેમજ આરોપી નં.૨નાએ કોઇ ધમકી પોતાને આપેલ નથી, આ જે ભોગબનનાર પુરાવો આપે છે અને ભોગબનનારનો સમગ્ર પુરાવો તેમજ ભોગબનનારના મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂનું આંક–૫૧નું નિવેદન તેમજ પોલીસ રૂબરૂનું તા.૨૯/૦૮/૨૦૨૪નું નિવેદન તથા આંક–૨૩ના મેડીકલ સર્ટીફીકેટમાંની હિસ્ટ્રી સાથે ધ્યાને લેતા, ભોગબનનાર

મહત્વની હકીકતો અંગે પ્રથમ વખત કોર્ટમાં જણાવતા હોય તે જણાય છે અને તે જે જણાવે છે તે સાથે કરેલ ચર્ચા જોતાં બનાવના ખરાપણા અંગે મહત્વની શંકા ઉભી થાય છે અને રેકર્ડથી વિરૂધ્ધનો પુરાવો આપતા હોય તેવુ જણાય છે અને આક્ષેપીત બનાવ અંગે મહત્વની શંકા ઉભી થાય છે તેવુ પણ જણાય છે અને આ કામે બે આરોપીઓ સામે આક્ષેપીત ગુનાનુ તહોમતનામું છે પરંતુ પ્રોસીકયુશનના સાહેદોનો જે પુરાવો આવેલ છે તેમાં વિશ્વસનીયતા જણાતી નથી અને આક્ષેપીત બનાવના ખરાપણા અંગે જ શંકા ઉભી થાય છે, ભોગબનનારનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી અને જાતીય ગુનાથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની કલમ-૨૯,૩૦ની જોગવાઇ ધ્યાને લેવામાં આવે અને આ કામે કરેલ ચર્ચા જોતાં પ્રોસીકયુશન ફન્ડામેન્ટલ ફેકટસ નિ:શંકપણે પુરવાર કરી શકતું નથી અને બંને આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર પ્રોસીકયુશન લાવી શકતુ નથી અને ભોગબનનાર અને પ્રોસીકયુશનના સાહેદોનો પુરાવો જોતાં તેમાં મહત્વનો વિરોધાભાસ જણાય છે અને સાહેદ નં.૪ મહંમદ ઉસ્માન દાઉદભાઇ પટેલ બનાવવાળી જગ્યાના આંક-૩૩ના પંચનામાના પંચ છે અને આ સાહેદનો પુરાવો જોતાં ઉલટતપાસમાં જણાવે છે કે, '' સ્થળ ઉપર મૌખીક બધુ જોઇ અને લખાણ લખ્યુ અને સ્થળ ઉપર પણ અમે સહી કરેલી અને રાત્રે અંધારૂં થઇ ગયુ એટલે પોલીસ સ્ટેશને અમને બીજા દિવસે બોલાવી અને વંચાવીને અમારી સહીઓ લીધેલી'' આ પંચ સાહેદોનો પુરાવો જોતાં સ્થળ ઉપર સહી કર્યાનું પોલીસ સ્ટેશન બીજા દિવસે સહી કર્યાનું જણાવે છે, પરંતુ આંક-૩૩ થી આ કામે જે પંચનામું રજુ થયેલ છે તે તા.૧૫/૦૯/૨૦૨૪નું હાથેથી લખેલુ, પંચનામું છે અને કલાક ૨૦.૦૦ થી ૨૦.૩૫ સુધીનું છે અને તેમાં બંને પંચોની બે-બે સહીઓ જણાય છે જેથી પંચ સાહેદ નં.૪ પંચનામાનુ લખાણ કર્યુ ત્યારે સહી કરેલી અને બીજે દિવસે સહી કરેલી તે જે હકીકત જણાવે છે પરંતુ આંક-૩૩ના પંચનામા સીવાય અન્ય કોઇ પંચનામું આ પંચ સાહેદો હોય તેવુ જણાતુ નથી જેથી આ પંચ

સાહેદનો પુરાવો રેકર્ડથી વિરૂધ્ધનો જણાય છે અને ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા ભોગબનનારનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી અને આંક–૩૩નું પંચનામું જોતાં તેમાં ભોગબનનારે જગ્યા બતાવ્યાનું જણાવેલ છે, પરંતુ સાહેદ નં.૧૧ ભોગબનનારનો પુરાવો જોતાં તેણે પોલીસને બનાવવાળી જગ્યા બતાવેલ હોય અને બે પંચોની હાજરીમાં આંક–૩૩ નું પંચનામું થયેલ હોય તેવુ ભોગબનનાર સાહેદ નં.૧૧ જણાવતા નથી અને સાહેદ નં. ૧૪ પ્રદિપસિંહ રણુભા વાઘેલાનો પુરાવો જોતાં રાત્રે પંચોની સહી લીધી હોય અને બીજે દિવસે પણ પંચોની સહી લીધેલી હોય તેવુ સ્પષ્ટ રીતે જણાવતા નથી જેથી પંચ સાહેદ નં.૪ના પુરાવામાં વિશ્વસનીયતા જણાતી નથી જેથી પડેલ પુરાવો અને કરેલ ચર્ચા જોતાં ગુનાવાળી જગ્યા પણ પ્રોસીકયુશન નિ:શંક પણે પુરવાર કરી શકતું નથી અને ભોગબનનાર તથા સાહેદોના પુરાવામાં જે મહત્વનો વિરોધાભાસ હોય અને બનાવના ખરાપણા અંગે મહત્વની શંકા ઉભી થતી હોય જે પ્રોસીકયુશનના કેસને મુળમાં અસર કરે છે અને પ્રોસીકયુશન ફન્ડામેન્ટલ ફેકટસ નિ:શંક પણે પુરવાર કરી શકતુ ન હોય જેથી પ્રોસીકયુશનને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની કલમ–૨૯,૩૦નું અનુમાન મદદરૂપ થતું નથી તે પણ જણાય છે અને આરોપી નં.૨ની ઓળખ પણ ગુનામાં પ્રોસીકયુશન નિ:શંકપણે પુરવાર કરી શકતું નથી અને આરોપી નં.૧ ને ભોગબનનાર ઓળખે છે તે પુરાવો જોતાં જણાય છે અને સાહેદ નં.૬નો પુરાવો જોતાં તેમણે આક્ષેપીત બનાવ નજરે જોયાનું જણાતું નથી તેમજ ભોગબનનારના ભાઇ સાહેદ નં.૭ તથા ભોગબનનારના કાકા સાહેદ નં.૮નો પુરાવો પણ પ્રોસીકયુશનને સ્પષ્ટપણે મદદરૂપ થતો નથી તેમજ અન્ય તપાસવામાં આવેલ સાહેદનો પુરાવો જોતાં તે પ્રોસીકયુશનને સ્પષ્ટપણે મદદરૂપ થતો નથી અને રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં ભોગબનનાર અને આરોપી નં.૧ ને પ્રેમ સંબંધ હોવાનું જણાય છે અને તે રીતે ભોગબનનાર ઓળખતા હોવાનું જણાય છે પરંતુ પ્રોસીકયુશન આરોપી નં.૧ની ગુનામાં ઓળખ પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ ગયાનું જણાય છે.

૩૩. ઉપરોકત કરેલ ચર્ચા અને પુરાવો જોતાં આરોપી સામે બી.એન.એસની કલમ- 137(2), 87, 64(2)(i), 54, 75(1) (i) ના ભંગ બદલ કલમ- 75(2) , 78(1)(i) ના ભંગ બદલ કલમ-78(2) અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની ૨૦૧૨ ની કલમ- 3 (a) ના ભંગ બદલ કલમ-4(1), 5(l), ના ભંગ બદલ કલમ-6(1) તથા 11(1)(4) ના ભંગ બદલ 12 તથા 16 ના ભંગ બદલ કલમ-17 નો જે આક્ષેપીત ગુનો છે તે પ્રોસીકયુશન નિ:શંકપણે પુરવાર કરી શકતું નથી જેથી બંને આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા ન્યાયી જણાય છે અને મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવો ન્યાયી જણાય છે અને કરેલ ચર્ચા અને પુરાવો જોતાં ભોગબનનાર કોઈ વળતર મેળવવા હકકદાર જણાતા નથી જેથી મુદા નં.૧,૨ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદા નં.૩ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

૩૪. આ કામ આરોપી નં. ૧ મુસ્તકીમ મહેબુબવલી પટેલ, ઉ.વ. ૨૧,રહે. ચાંચવેલ,મસ્જીદ ફળીયું, તા.વાગરા, જી.ભરૂચ તથા આરોપી નં. ૨. સલીમ મહમદ અલ્લી વો. પટેલ,ઉ.વ. ૫૯, રહે. લુવારા(અસુરીયા) મસ્જીદ ફળીયુ (નવી વસાહત), તા.જી. ભરૂચ નાને બી.એન.એસ.એસ.ની કલમ-૨૫૮(૧)(ક્રિ.પ્રો.કોડની કલમ-૨૩૫(૧)) બી.એન.એસની કલમ- 137(2), 87, 64(2)(i), 54, 75(1) (i) ના ભંગ બદલ કલમ- 75(2) , 78(1)(i) ના ભંગ બદલ કલમ-78(2) અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમની ૨૦૧૨ ની કલમ- 3 (a) ના ભંગ બદલ કલમ-4(1), 5(l), ના ભંગ બદલ કલમ-6(1) તથા 11(1)(4) ના ભંગ બદલ 12 તથા 16 ના ભંગ બદલ કલમ-17 મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠારાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૩૫. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય પૂરો થયે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો અપીલ થાય તો નામદાર અપીલ અદાલતના હુકમ મુજબ મુદ્દામાલ બાબતે નાઝરશ્રી ડીસ્ટ્રીકટ કોર્ટ, ભરૂચનાએ પાલન કરવું અને નાઝરશ્રી એ મુદામાલ નાશ કરતા પહેલા અપીલ થયેલ છે કે કેમ તેની ચકાસણી પણ કરવી.

૩૬. ભોગબનનાર જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ,૨૦૧૨ના તથા જાતીય ગુનાથી બાળકના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૨૦ના નિયમ–૯ મુજબ કે ગુજરાત વિકટીમ કોમ્પેન્સેસન સ્કીમની જોગવાઇ મુજબ કોઇ વળતર કે સહાય મેળવવા હકકદાર નથી તેવું ઠરાવવામાં આવે છે.

૩૭. આરોપીનં.૧ અને ૨ના જામીન ખત તથા જાત મુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩૮. આ કામના આરોપીનં.૧ અને ૨એ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧(૧)(ફોજદારી કાર્યરીતી સંહીતા ૧૯૭૩ની કલમ–૪૩૭(એ)) મુજબ રૂા.૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર) લેખે ના જામીન તથા જાતમુચરકા ક્રિમીનલ મેન્યુઅલ પેરા–૩૦૬ મુજબ નાઝરશ્રી, સેસન્સ કોર્ટ સમક્ષ રજુ કરવા.

૩૯. બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૬(ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૬૫) તથા નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના પરીપત્રનં.૯૦૧/૧૯૯૦, તા.૨૨/૧૦/૧૯૮૦ અન્વયે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ભરૂચને આ કામના તહોમતનામાની તથા હુકમની નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

૪૦. બી.એન.એસ.એસ.ની કલમ–૪૦૬(ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૬૫) તથા નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયના પરીપત્ર નં.સી.૨૬૨૩/૨૦૦૫, તા.૦૨/૦૯/ ૨૦૦૫ અન્વયે સંબંધીત

પોલીસ સ્ટેશનના પી.આઇ.ને આ કામના તહોમતનામાની તથા હુકમની નકલ મોકલી આપવા હુકમ કરવામાં આવે છે.

૪૧. આ હુકમની નકલ સેસન્સ કોર્ટ,ભરૂચના નાઝરશ્રીને મોકલવી.

૪૨. આ હુકમની એક નકલ ભોગબનનાર તથા ભોગબનનારના વાલીને મોકલવી.

હુકમ આજરોજ તા.૧૧ માહે ઓગષ્ટ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

તા.૧૧/૦૮/૨૦૨૬
ભરૂચ.

(હિતેશ હીરાલાલ ગાંધી)
ત્રીજા એડી. સેસન્સ અને
સ્પે. પોકસો જજ,ભરૂચ.
(U.I.CODE-GJ00659)

P.P.SHAH